અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૫, શનિવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ભાદરવા વદ ૬-૭ | અંક : ૭૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### રાષ્ટ્રપતિ મૂર્મુએ અપાવ્યા શપથ

# દેશના ૧૫મા ઉપરાષ્ટ્રપતિ બન્યા સી.પી. રાધાકૃષ્ણન

## સી. પી. રાધાકૃષ્ણનની શપથવિધિ દરમિયાન જગદીપ ધનખડ અન્ય પૂર્વ ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડૂ અને હામિદ અન્સારીની બાજુમાં બેઠા હતા



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

સી પી રાધાકૃષ્ણને આજે શુક્રવારે ૧૫મા ઉપરાષ્ટ્રપતિ પદે શપથ ગ્રહણ કર્યા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ તેમને પદ અને ગોપનીયતાના શપથ ગ્રહણ કરાવ્યા છે. આ શપથ ગ્રહણ સમારોહમાં પૂર્વ ઉપ રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ પણ જોવા મળ્યા હતા. તે ૨૧ જુલાઈના રોજ રાજીનામું આપ્યા બાદ પ્રથમ વખત જાહેરમાં જોવા મળ્યા છે. સી. પી. રાધાકૃષ્ણનની શપથવિધિ દરમિયાન જગદીપ ધનખડ અન્ય પૂર્વ ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડૂ અને હામિદ અન્સારીની બાજુમાં બેઠા હતા. ૫૩ દિવસ બાદ તેઓ પહેલી વખત જાહેર સમારોહમાં જોવા મળ્યા હતા. જગદીપ ધનખડે ઓગસ્ટ, ૨૦૨૨માં ઉપરાષ્ટ્રપતિનું પદ સંભાળ્યુ હતું. ૨૧ જુલાઈના રોજ સંસદના ચોમાસુ સત્રના પ્રથમ દિવસે જ રાજીનામું આપી દીધું હતું. તેમણે સ્વાસ્થ્યનો હવાલો આપી રાજીનામું આપ્યું હતું. તેમના રાજીનામા બાદ વિપક્ષે વાંધો ઉઠાવતાં વિવાદ સર્જાયો હતો. NDAના ઉમેદવાર અને મહારાષ્ટ્રના પૂર્વ રાજ્યપાલ સી પી રાધાકૃષ્ણને આજે શુક્રવારે દેશના ૧૫મા ઉપરાષ્ટ્રપતિ પદે શપથ ગ્રહણ કર્યા છે. તેમણે હરીફ I.N.D.I.A બ્લોકના ઉમેદવાર અને સુપ્રીમ કોર્ટના પૂર્વ જસ્ટિસ બી સુદર્શન રેડ્ડીને બહુમતી સાથે હાર આપી હતી. આરએસએસ સાથે જોડાયેલા તમિલનાડુના વરિષ્ઠ ભાજપ નેતા સી પી રાધાકૃષ્ણન (ઉ.વ.૬૭) એ ૪૫૧ મત હાંસલ કર્યા હતા, જ્યારે બી. સુદર્શન રેડ્ડીને ૩૦૦ મત મળ્યા હતા. ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએના સાંસદો અને સમર્થકોની સંખ્યાને ધ્યાનમાં લેતાં સી પી રાધાકૃષ્ણનની જીત પહેલાંથી જ નિર્ધારિત હતી. એનડીએ પાસે ૪૨૭ સાંસદ હતા, આ સિવાય YSR કોંગ્રેસ પક્ષના ૧૧ સાંસદો અને અન્ય પક્ષનું સર્મથન પણ હતું. જેથી તેઓ ૩૭૭નો આંકડો સરળતાથી પાર કરી ગયા. એનડીએના પક્ષમાં ક્રોસ-વોટિંગના સંકેત પણ જોવા મળ્યા હતા. ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં જીત બાદ રાધાકૃષ્ણને ગુરુવારે મહારાષ્ટ્રના રાજ્યપાલ પદ પરથી રાજીનામું આપ્યું હતું. રાષ્ટ્રપતિ મૂર્મુએ નવી નિમણૂક માટે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને મહારાષ્ટ્રનો કાર્યભાર સોંપ્યો છે. કોયમ્બતુરમાંથી બે વખત સાંસદ અને તમિલનાડુ ભાજપના પૂર્વ અધ્યક્ષ રાધાકૃષ્ણન રાજકારણમાં દાયકાથી વધુ સમયથી સેવા આપી રહ્યા છે. તેમણે રાજકીય કારકિર્દી જનસંઘથી શરુ કરી હતી, બાદમાં ભાજપમાં સામેલ થયા. જગદીપ ધનખડ ઉપરાષ્ટ્રપતિ પદ પર હતા, ત્યારે ઘણીવખત સરકારની વિરોધમાં નિર્ણયો આપ્યા હતા. તેમણે સરકારની ઘણી કામગીરી પર વાંધો ઉઠાવ્યો હતો. આ ચોમાસું સત્રમાં અચાનક રાજીનામું આપતાં વિપક્ષે અનેક સવાલો ઉઠાવ્યા હતા.

### હિંસા બાદ વડાપ્રધાનનો પ્રથમ મણિપુર પ્રવાસ

# વડાપ્રધાન મોદી ૧૩મી સપ્ટે. મણિપુરની મુલાકાત લેશે

#### વડાપ્રધાન મણિપુરના ચુરાચાંદપુર પહોંચશે : વિસ્થાપિત લોકો સાથે વાતચીત કરશે અને ઇન્ફ્રા પ્રોજેક્ટનું શિલાન્યાસ પણ કરશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૩મી સપ્ટેમ્બરે મણિપુરની મુલાકાત લેશે. છેલ્લા ઘણા દિવસથી તેમના પ્રવાસને લઈને અટકળો ચાલી રહી હતી. જે બાદ હવે સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી છે. મણિપુરના મુખ્ય સચિવે કહ્યું છે કે વડાપ્રધાન મોદીની મણિપુર મુલાકાતથી શાંતિ અને વિકાસનો માર્ગ મોકળો બનશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૩મી સપ્ટેમ્બરે બપોરે ૧૨.૧૫ વાગ્યે મિઝોરમના પાટનગર આઈઝોલથી મણિપુરના ચુરાચાંદપુર પહોંચશે. અહીં તેઓ વિસ્થાપિત લોકો સાથે વાતચીત કરશે અને ઈન્ફ્રા પ્રોજેક્ટનું શિલાન્યાસ પણ કરશે. નોંધનીય છે કે માર્ચ ૨૦૨૩થી મણિપુરમાં મૈતેઈ અને કુકી સમુદાય વચ્ચે ભયાનક હિંસા ભડકી, જેમાં અનેક લોકોના મોત પણ થયા હતા. આ હિંસા બાદથી આ વડાપ્રધાન મોદીનો પ્રથમ મણિપુર પ્રવાસ હશે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, વડાપ્રધાન મોદી ચુરાચાંદપુરના પીસ ગ્રાઉન્ડથી ૭૩૦૦ કરોડ રૂપિયાની વિવિધ વિકાસ પરિયોજનાની આધારશિલા મૂકશે, જ્યાં કુકી બહુસંખ્યક રહે છે. વડાપ્રધાન મોદી મેઈતૈ વસ્તી ધરાવતા ઈમ્ફાલથી ૧૨૦૦ કરોડ રૂપિયાના માળખાગત પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન પણ કરશે. મણિપુરમાં મોદીના આ કાર્યક્રમના હોર્ડિંગ પણ લગાવવામાં આવ્યા છે. આ હોર્ડિંગ ઈમ્ફાલથી એક પ્રમુખ સ્થાન, કેશમપટ જંક્શન પર લગાવવામાં આવ્યું છે, જે ભાજપ મુખ્યાલયની નજીક છે. રાજ્યમાં આવા બીજા પણ હોર્ડિંગ લગાવવામાં આવે તેવી આશંકા છે. મણિપુરના પૂર્વ મુખ્યમંત્રી એન. બીરેન સિંહના રાજીનામા બાદ ફેબ્રુઆરીથી અહીં રાષ્ટ્રપતિ શાસન લાગુ છે. નોંધનીય છે કે, આ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત દરમિયાન તંત્ર દ્વારા એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. જે મુજબ, ૧૩ સપ્ટેમ્બરે પીસ ગ્રાઉન્ડ ખાતે આયોજિત VVIP કાર્યક્રમમાં હાજરી આપનારા લોકોને ચાવી, પેન, પાણીની બોટલ, બેગ, રૂમાલ, છત્રી, લાઈટર, મેચબોક્સ, કાપડના ટુકડા, કોઈપણ તીક્ષ્ણ વસ્તુઓ અથવા શસ્ત્રો અને દારૂગોળો ન લાવવા માટેની એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. જોકે, આ એડવાઈઝરીમાં વડાપ્રધાનના નામનો ઉલ્લેખ કરવામાં નથી આવ્યો તેમજ જનતાને સલાહ આપવામાં આવી છે કે, ૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકો અને બીમાર વ્યક્તિઓને કાર્યક્રમ સ્થળ પર લાવવાનું ટાળવું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, વડાપ્રધાન મોદીના પ્રવાસ પહેલા ઈમ્ફાલ અને ચુરાચાંદપુર જિલ્લામાં સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. કેન્દ્રીય સુરક્ષા અધિકારીઓની એક ટીમ પણ ચુરાચાંદપુર પહોંચી ગઈ છે.

### ભારત સાથેના USના સંબંધો વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ : માર્કો રૂબિયો

। (એજન્સી) ન્યૂયોર્ક, તા.૧૨ ।

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયન ઓઈલ ખરીદવા બદલ ભારત પર ૫૦ ટકાની જંગી ટેરિફ લાદી છે. ટ્રમ્પના આ તઘલખી નિર્ણય બાદ ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોમાં ભારે ખટાશ આવી છે. જોકે ટ્રમ્પ અને તેના સહયોગીઓ વારંવાર ભારતને તેનું શ્રેષ્ઠ મિત્ર ગણાવતાં ઠાલાં નિવેદનો કરતાં રહે છે. આવા જ એક નિવેદનમાં અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ ભારત સાથેના તેના સંબંધોને વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ ગણાવ્યાં છે. રુબિયોના જણાવ્યાં અનુસાર ભારત-અમેરિકાના સંબંધો અસાધારણ પરિવર્તનના તબક્કામાંથી પસાર થઈ રહ્યાં છે. ભારતમાં નવા નિમાયેલાં અમેરિકાના રાજદૂત સર્જીઓ ગોરની સેનેટની ફોરેન રિલેશ કમિટી સમક્ષ ઓળખ આપતાં રુબિયોએ જણાવ્યું હતું કે, ભારતમાં રાજદૂત તરીકે ગોરની પસંદગી કરાઈ છે. રુબિયોએ વધુમાં જણાવ્યું હતું કે, ૨૧મી સદીની ગાથા ઈન્ડો-પેસિફિકમાં લખાશે, અને ભારત તેમાં મુખ્ય ભૂમિકા ભજવશે.

### મેડલ, વર્દી અને ગન બધું અસલી, પણ ઓફિસર નકલી!

# સેનાની નકલી ઓફિસર બનીને ફરતી મહિલા ઝડપાઈ

**દૌલતાબાદ પોલીસે જ્યારે તપાસ શરુ કરી તો મહિલા પાસેથી એવી એવી વસ્તુઓ મળી, જેનાથી તેનો આખો ખેલ ખુલી ગયા**




। (એજન્સી) મુંબઈ, તા.૧૨ ।

મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાંથી એક અજીબોગરીબ કિસ્સો સામે આવ્યો છે. અહીં પોલીસે ૪૮ વર્ષની એક મહિલાની ધરપકડ કરી છે, જે ખુદને આર્મી ઓફિસર ગણાવી લોકોમાં રૌફ જમાવતી હતી.આ મહિલાનું નામ રુચિકા જૈન છે. પોલીસને શંકા હતી, જ્યારે તેના વિશે સતત આવી જાણકારી મળી રહી હતી કે તે કાર્યક્રમોમાં કેપ્ટન બનીને જતી હતી અને સેનાની વર્દી પહેરીને ફોટો પડાવતી હતી. દૌલતાબાદ પોલીસે જ્યારે તપાસ શરુ કરી તો મહિલા પાસેથી એવી એવી વસ્તુઓ મળી, જેનાથી તેનો આખો ખેલ ખુલી ગયો. પોલીસે ઘરેથી સેનાની વર્દી, પેરા લખેલો બેઝ અને ત્રણ સ્ટારવાળું ચિન્હ મળ્યું. આ એજ સ્ટાર હોય છે, જે ફૌજમાં રેંક દેખાડવા માટે લગાવવામાં આવે છે.

# અનિલ ગ્રૂપની એક કંપની પણ સીબીઆઈના સકંજામાં

#### અનિલ બાયોપ્લસ લિ. અને તેના ડિરેક્ટર્સ ઉપરાંત અજાણ્યા સરકારી કર્મચારીઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધી છે

। (એજન્સી) મુંબઈ, તા.૧૨ ।

અનિલ ગ્રૂપની વિવિધ કંપનીઓના કૌભાંડ અટકવાનું નામ લઈ રહ્યા નથી. હાલમાં જ સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)એ અમદાવાદ સ્થિત અનિલ બાયોપ્લસ લિ. અને તેના ડિરેક્ટર્સ ઉપરાંત અજાણ્યા સરકારી કર્મચારીઓ વિરૂદ્ધ રૂ. ૧૨૧.૬ કરોડના બેંક કૌભાંડની ફરિયાદ નોંધી છે. સીબીઆઈએ તેમની વિરૂદ્ધ ગુનાહિત કાવતરૂં, છેતરપિંડી અને ભ્રષ્ટાચારનો કેસ નોંધ્યો છે. આ ફરિયાદ ૧૯ જુન, ૨૦૨૫ના રોજ અગાઉ નોંધાયેલી ફરિયાદના આધારે નોંધવામાં આવી છે. જેમાં અમદાવાદની બેંક ઓફ ઈન્ડિયાના ડેપ્યુટી ઝોનલ મેનેજર મહેશ જગદીશલાલ બત્રાએ કંપની અને તેના ડિરેક્ટર અમોલ શ્રીપાલ શેઠ, દર્શન મહેતા અને નલીનકુમાર ઠાકુરે અન્ય અજાણ્યા સરકારી કર્મચારીઓ સાથે મળી બેંક પાસેથી લોન લઈ ફંડને આયોજિત ગુનાહિત કાર્યવાહીમાં ડાયવર્ટ કર્યું હોવાનો આરોપ મૂક્યો છે. અનિલ ગ્રૂપની પડતી ૨૦૧૩-૧૫ના સમયગાળામાં શરૂ થઈ હતી. તેના એક-પછી એક કૌભાંડ બહાર આવ્યા હતા. જેમાં તેણે બેંક ઓફ ઈન્ડિયા સાથે રૂ. ૧૨૧.૬૦ કરોડનું ફ્રોડ કર્યું હોવાનો આરોપ મૂકાયો હતો. કંપનીએ ૨૦૦૨માં બેંક પાસેથી લોન લીધી હતી. નવેમ્બર, ૨૦૧૫ સુધી કુલ ૧૪૨.૭૩ કરોડની કુલ લોન લીધી હતી. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ રૂ. ૧૨૧.૬૦ કરોડની લોન એનપીએ થઈ હતી. દેવાદારો લોન ચૂકવવામાં નિષ્ફળ રહેતાં ડિફોલ્ટ થયા હતા. ડિફોલ્ટની પ્રક્રિયા બાદ હાથ ધરાયેલા ફોરેન્સિક ઓડિટમાં અનેક ખુલાસા થયા. કૌભાંડની ગંધ આવી. એપ્રિલ, ૨૦૨૪થી માર્ચ, ૨૦૧૭ સુધીના ફોરેન્સિક ઓડિટમાં અનેક શંકાસ્પદ વહેવારો જોવા મળ્યા હતા. જેમાં અનિલ ગ્રૂપની અન્ય કંપનીઓ દ્વારા રૂ. ૪૪.૨૭ કરોડની ચૂકવણી અને રૂ. ૨૭.૯૫ કરોડની રિસિપ્ટ સમાવિષ્ટ હતી.

### કાઠમંડુમાં ભારતીયોને લઈને જતી બસ પર હુમલો

। (એજન્સી) કાઠમંડ, તા.૧૨ ।

નેપાળમાં ચાલી રહેલી હિંસા વચ્ચે આંધ્ર પ્રદેશના તીર્થયાત્રઓના એક જથ્થો જેમાં સાર હતો તે બસ પર કાઠમંડુમાં હુમલો થયો અને તેમનો સામાન લૂંટી લેવાયો તથા તેમાંથી અનેક ઘાયલ થયા. પોલીસના જણાવ્યાં મુજબ તીર્થયાત્રીઓ કાઠમંડુ સ્થિત પશુપતિનાથ મંદિરથી દર્શન કરીને પાછા ફરી રહ્યા હતા ત્યારે યુપી રજિસ્ટ્રેશન નંબરવાળી બસ પર હુમલો થયો. હુમલાખોરોએ બસ પર ૫ થ્થર ફેંક્યો અને બારીઓ તોડી નાખી તથા મુસાફરોની બેગ, કેશ અને મોબાઈલ ફોન લૂંટી લીધા.

## કંગના રનૌતને સુપ્રીમ કોર્ટમાંથી મોટો ફટકો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

બોલિવૂડ અભિનેત્રી અને ભાજપ સાંસદ કંગના રનૌતને સુપ્રીમ કોર્ટ તરફથી મોટો ઝટકો મળ્યો છે. સુપ્રીમ કોર્ટે કંગના રનૌતના માનહાનિના કેસને રદ કરવાની માંગ કરતી અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો છે. જણાવી દઈએ કે, ખેડૂત આંદોલન દરમિયાન કંગના રનૌતે ખેડૂતો વિરુદ્ધ વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી, જેના કારણે તેમની સામે માનહાનિનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જણાવી દઈએ કે, સુપ્રીમ કોર્ટમાં કંગના રનૌત તરફથી દલીલ કરતી વખતે, તેમના વકીલે કહ્યું કે, તેણીએ ફક્ત એક ટ્વિટ રીટ્વીટ કરી હતી. ઘણા અન્ય લોકોએ પણ તે ટ્વિટ રીટ્વીટ કર્યું હતું. આ દલીલના જવાબમાં, સુપ્રીમ કોર્ટે કહ્યું કે, તે ફક્ત રી-ટ્વીટ નહોતું, પરંતુ તમે તેમાં મસાલા ઉમેર્યા છે. આ ટ્રાયલનો વિષય છે, તેથી તમે તમારી વાત નીચલી કોર્ટમાં મુકો. જો તે બેન્ચમાં આવે તો ત્યાંથી નિર્ણય આવ્યા પછી જ આ મામલો વધુ તપાસવામાં આવશે. ભાજપ સાંસદ કંગના રનૌતે બદનક્ષીભર્યા નિવેદનો કરવાના કેસમાં ફરિયાદ રદ કરવાની વિનંતી કરતી સુપ્રીમ કોર્ટમાંથી પોતાની અરજી પાછી ખેંચી લીધી છે.

## હવે ગ્રીન હાઇડ્રોજન ટ્રક કોરિડોર બનાવવામાં આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૧૨ ।

સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ નવા વાર્ષિક ટોલ પાસને કાર ચાલકો ખૂબ પસંદ કરી રહ્યા છે. સરકારે ૧૫ ઓગસ્ટ ૨૦૨૫થી તેનો અમલ શરૂ કર્યો છે. એક મહિનાથી ઓછા સમયમાં તેને કાર ચાલકો તરફથી જબરદસ્ત રિસ્પોન્સ મળી રહ્યો છે. આ પછી હવે કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું કે, સરકાર નેશનલ હાઈવે પર ચાલતી સરકારી અને પ્રાઈવેટ બસો માટે નવી ટોલ સિસ્ટમ લાવી રહી છે. આ સિસ્ટમનો ફાયદો બસ ઓપરેટરોને મળશે અને મુસાફરી પણ પહેલા કરતા સસ્તી થશે. આ ઉપરાંત ગડકરીએ કહ્યું કે, પોલ્યુશન ઘટાડવા માટે ૧૦ નેશનલ હાઈવે પર ગ્રીન હાઈડ્રોજન ટ્રક કોરિડોર બનાવવામાં આવશે. ગડકરીએ બસ અને કાર ઓપરેટર્સ કન્ફેડરેશન ઓફ ઈન્ડિયા (BOCI)ના ભારત પ્રવાસ એવોર્ડ સમારોહમાં કહ્યું કે, અમે બસ ઓપરેટરો માટે ટોલ પોલિસી બનાવી રહ્યા છીએ. તેમણે કહ્યું કે, ૧૫ ઓગસ્ટ પહેલા પ્રાઈવેટ કાર, જીપ અને વાન માટે ૩,૦૦૦ રૂપિયાનો ફાસ્ટેગ વાર્ષિક પાસ શરૂ કરવામાં આવ્યો છે. આ પાસ એક વર્ષ અથવા ૨૦૦ ટ્રિપ સુધી વેલિડ છે.



સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !
CNN CHANNEL NINE NETWORK GUJARAT Gujarati Daily News Paper
CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ
LIVE cnngujarat.co.in

આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

## ગુજરાતના રાજ્યપાલને મહારાષ્ટ્રના રાજ્યપાલનો વધારાનો કાર્યભાર સોંપાયો

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૨ ।

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને મહારાષ્ટ્રના રાજ્યપાલનો વધારાનો કાર્યભાર સોંપવામાં આવ્યો છે. મહારાષ્ટ્રના વર્તમાન રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણન ઉપ રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાતા આ પદ ખાલી પડ્યું હતું, જેના કારણે કેન્દ્ર સરકારે આ નિર્ણય લીધો છે. આ નિર્ણય રાષ્ટ્રપતિ ભવન દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. આચાર્ય દેવવ્રત હવે ગુજરાત અને મહારાષ્ટ્ર બંને રાજ્યોના રાજ્યપાલ તરીકેની જવાબદારી સંભાળશે. આ વધારાની જવાબદારી તેમને નવીન નિયુક્તિ ન થાય ત્યાં સુધી સોંપવામાં આવી છે. સી. પી. રાધાકૃષ્ણન જેમણે થોડા સમય પહેલાં જ મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો, તેઓ ભારતના નવા ઉપરાષ્ટ્રપતિ બન્યા છે. તેમના આ મહત્વપૂર્ણ પદ પર ચૂંટાયા બાદ મહારાષ્ટ્રના રાજ્યપાલનું પદ ખાલી પડ્યું હતું.

### હેલ્મેટના વિરોધ બાદ સરકારનો મહત્વનો નિર્ણય

# પોલીસ હેલ્મેટ વગર વાહન ચલાવતા લોકોને દંડ કરશે નહીં

### દંડ કરવાની જગ્યાએ પોલીસ આવા વાહનચાલકોને ગુલાબ આપીને હેલ્મેટ પહેરવાના ફાયદા વિશે જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા હેલ્મેટ ફરજિયાત પહેરવાના નિયમ સામેના વ્યાપક વિરોધ બાદ સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હવે પોલીસ હેલ્મેટ વગર વાહન ચલાવતા લોકોને દંડ કરશે નહીં. તેના બદલે દંડ કરવાની જગ્યાએ પ ોલીસ આવા વાહનચાલકોને ગુલાબ આપ ીને હેલ્મેટ પહેરવાના ફાયદા વિશે જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરશે.હેલ્મેટ ન પહેરવા બદલ વાહનચાલકોને દંડ ફટકારવાના નિયમ સામે લોકોમાં ભારે નારાજગી જોવા મળી હતી. ખાસ કરીને સુરત અને રાજકોટ જેવા મહાનગરોમાં, લોકોએ આ નિયમનો ઉગ્ર વિરોધ કર્યો હતો. સ્થાનિક ભાજપના ધારાસભ્યો દ્વારા પણ ગૃહ રાજ્ય મંત્રી સમક્ષ આ બાબતે રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતમાં લોકોની મુશ્કેલીઓ અને વિરોધની ભાવનાને ધ્યાનમાં લેવા અપ ીલ કરવામાં આવી હતી.આ વિરોધ અને રજૂઆતોના પગલે સરકારે આ મામલે પ ુનર્વિચાર કર્યો હતો. સરકારે એવું માન્યું છે કે દંડ કરવાથી લોકોમાં કાયદા પ્રત્યે વિરોધની ભાવના પેદા થાય છે, જ્યારે જાગૃતિ ફેલાવીને તેમને સ્વૈચ્છિક રીતે કાયદાનું પાલન કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય છે. સરકાર દ્વારા એ સ્પષ્ટતા પણ કરવામાં આવી છે કે હેલ્મેટ પહેરવાની સુરક્ષા માટેનું અભિયાન ચાલુ રહેશે. જોકે, તેની રીત બદલી દેવામાં આવી છે. હવે પોલીસ દંડ ફટકારવાને બદલે પ્રેમપૂર્વક લોકોને સમજાવવાનો પ્રયાસ કરશે. તેમને ગુલાબ આપીને, હેલ્મેટના મહત્વ વિશે માહિતી આપવામાં આવશે અને માર્ગ અકસ્માતોમાં હેલ્મેટ કેવી રીતે જીવન બચાવી શકે છે.

### પંજાબના પૂરગ્રસ્તોની વહારે આવ્યું ગુજરાત

# પંજાબના અસરગ્રસ્તો માટે ૭૦૦ ટનથી વધુની સહાય મોકલવામાં આવી

### ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પૂરગ્રસ્ત લોકોની મદદ માટે તાત્કાલિક રાહત સામગ્રી મોકલી આપી છે



। (એજન્સી) ગાંધીનગર, તા.૧૨ ।

ગુજરાત હંમેશા મુશ્કેલીના સમયમાં અન્ય રાજ્યોની પડખે ઊભું રહ્યું છે. આ વખતે પણ પ ંજાબમાં આવેલા ભયાનક પૂરને કારણે સર્જાયેલી ગંભીર પરિસ્થિતિમાં ગુજરાત સરકારે માનવતાનો ધર્મ નિભાવીને મોટી મદદ કરી છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર રેલવે સ્ટેશનથી પંજાબ માટે એક વિશેષ ટ્રેનને લીલીઝંડી આપી હતી. આ ટ્રેનમાં ૭૦૦ ટનથી પણ વધુ જીવનજરૂરી ચીજવસ્તુઓ ભરીને મોકલવામાં આવી છે. આ સહાયમાં મુખ્યત્વે ખાદ્ય સામગ્રીના પેકેટ્સ, કપડાં, દવાઓ અને અન્ય આવશ્યક વસ્તુઓનો સમાવેશ થાય છે. આ સામગ્રી પૂરથી પ્રભાવિત હજારો પ રિવારો માટે અત્યંત જરૂરી છે. આ ટ્રેનમાં પ ંજાબના લગભગ ૨૦,૦૦૦ પૂરગ્રસ્ત લોકો માટે ખાસ રાહત કિટ્સ મોકલવામાં આવી છે. આ કિટ્સમાં જીવનજરૂરી ચીજવસ્તુઓ, ઘરવખરીનો સામાન, અને ફૂડ પેકેટ્સનો સમાવેશ થાય છે. આ સામગ્રીઓ પૂરગ્રસ્ત વિસ્તારોમાં રહેતા લોકોને તાત્કાલિક મદદ પૂરી પાડશે અને તેમને આ મુશ્કેલ સમયમાં રાહત આપશે. સહાય સામગ્રીની સાથે, મુખ્યમંત્રીએ પંજાબ સરકારને ?૫ કરોડનો પૂર રાહતનો ચેક પણ આપ્યો છે. આર્થિક મદદ પૂરગ્રસ્ત વિસ્તારોમાં પુનર્વસન અને રાહત કાર્યોમાં ખૂબ ઉપયોગી થશે. આ રાહત કાર્ય પંજાબના પૂર પીડિતોને આશા અને હૂંફ આપશે. આ પ્રકારની સહાયથી બંને રાજ્યો વચ્ચેના સંબંધો વધુ મજબૂત બનશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ હેલ કરીને દર્શાવ્યું છે કે ગુજરાત હંમેશા અન્ય રાજ્યોની પડખે ઊભું રહે છે. આ ઘટના ફરી એકવાર ભારતની એકતા અને ભાઈચારાની ભાવનાને ઉજાગર કરે છે, જ્યાં એક રાજ્ય બીજા રાજ્યની મદદ માટે વિના સંકોચે આગળ આવે છે. મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ, ગુજરાતની પ્રજા અને સરકાર ભારતમાં ગમે ત્યાં આફત આવે ત્યારે મદદ કરવા માટે હંમેશા ઉત્સુક હોય છે. તેમણે વધુમાં જણાવ્યું કે આ ટ્રેન મારફતે ૧૧ વેગનમાં ઘઉંથી માંડીને કપડાં સુધીની તમામ જરૂરી વસ્તુઓ મોકલવામાં આવી છે. આ ટ્રેન સાથે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ પણ રવાના થયા છે જેઓ ત્યાં રાહત કાર્યમાં મદદ કરશે. ગુજરાત સરકારે માત્ર પંજાબ જ નહીં, પરંતુ અન્ય રાજ્યોની આપત્તિમાં પણ મદદ કરી છે. મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે હાલમાં જ બનાસકાંઠામાં આવેલા પૂર બાદ મંત્રી જગદીશભાઈ ત્યાં પહોંચી ગયા છે અને મુખ્યમંત્રી પણ બપોરે નિરીક્ષણ માટે પહોંચી રહ્યા છે. ત્યાં પણ પૂરગ્રસ્તોને મદદ માટેની વસ્તુઓ મોકલવામાં આવી છે. આ ઉપરાંત, છત્તીસગઢ માટે પણ લગભગ ૮,૦૦૦ જેટલી કિટ્સ તૈયાર કરીને મોકલવામાં આવી છે, જેમાં પૂર પછી સામાન્ય રીતે જરૂર પડતી તમામ વસ્તુઓનો સમાવેશ થાય છે.

## લીમખેડા તાલુકાના બાંડીબાર ગામે પગ લપસતાં કુવામાં ખાબકેલા યુવકનું મોત

। (એજન્સી) દાહોદ, તા.૧૨ ।

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના મોટી બાંડીબાર ગામે એક યુવકનો પગ લપસી જતાં પાણી ભરેલ કુવામાં યુવક પડી જતા યુવકનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે.લીમખેડાના મોટી બાંડીબાર ગામે કુંભારવાડા ફળિયામાં રહેતાં દિલીપભાઈ જશવંતભાઈ પ્રજાપતિ ગત તા.૯મી સપ્ટેમ્બરના રોજ પોતાના ગામમાં આવેલ એક પાણી ભરેલ કુવા તરફ ગયાં હતાં જયાં કુવા તરફ જતાં સમયે દિલીપભાઈનો પગ લપસી જતાં અકસ્માતે દિલીપભાઈ પાણી ભરેલ કુવામાં પડી ગયાં હતાં જેને પગલે તેમનું મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડયાં હતાં. ઘટનાને પગલે પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી. આ અંગેની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ પણ ઘટના સ્થળ દોડી ગઈ હતી.

# ફ્રેન્ચ મહિલાએ અમદાવાદને ભારતનું સૌથી સુરક્ષિત શહેર ગણાવ્યું છે!

### એક વર્ષ પહેલાં ગુજરાતમાં સ્થળાંતર કરનારી એક ફ્રેન્ચ મહિલા કહે છે કે તેણીએ બીજે ક્યાંય પણ સુરક્ષિત અનુભવ્યું નથી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

એક વર્ષથી ભારતમાં રહેતી એક ફ્રેન્ચ ડિઝાઈનરે અમદાવાદમાં એક મહિલા તરીકે પોતાને કેટલી સલામત લાગે છે તેના વખાણ કરતી એક ઠ પોસ્ટ શેર કરી. તેની પોસ્ટ વાયરલ થઈ છે. અમદાવાદમાં એક મહિલા તરીકે પોતાને સલામત અનુભવવા અંગેની એક ફ્રેન્ચ ડિઝાઈનરની પોસ્ટ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે. ૨૩ વર્ષીય જુલિયા ચૈગ્નોએ શેર કર્યું કે તે ભારતમાં પ ોતાનો વ્યવસાય બનાવવાનો પ્રયાસ કરી રહી છે અને શહેર કરતાં વધુ સુરક્ષિત જગ્યાએ ક્યારેય રહી નથી.

લગભગ બે વર્ષ પહેલાં ભારતમાં સ્થળાંતર કરનારી ફ્રાન્સની જુલિયા ચૈગ્નોએ આ સ્થળાંતરને તેના જીવનના શ્રેષ્ઠ નિર્ણયોમાંનો એક ગણાવ્યો. તેણે લખ્યું કે, એક સ્ત્રી તરીકે, સલામતી હંમેશા મારા મગજમાં રહે છે. તેથી જ્યારે હું પહેલી વાર ભારતમાં આવી ત્યારે મારા ઘણા મિત્રો મારા વિશે ચિંતિત હતા. પરંતુ ડ્રાય સ્ટેટમાં રહેવાથી મારો દ્રષ્ટિકોણ બદલાઈ ગયો.

જુલિયાએ સમજાવ્યું કે એવી જગ્યાએ રહેવાથી જ્યાં શહેર સ્તરે ચોક્કસ પ સંદગીઓ લાગુ કરવામાં આવે છે તેનાથી તેણી તેના રોજિંદા જીવનમાં કેટલી સુરક્ષિત અનુભવે છે તે બદલાઈ ગયું છે. તેણીએ અમદાવાદમાં તેના ગેટેડ સમુદાયને પણ શ્રેય આપ્યો, જે તેણીએ કહ્યું કે માત્ર સલામત જ નહીં પણ સ્વાગત પણ અનુભવે છે, ભારતીય અને વિદેશી બંને રહેવાસીઓને મિશ્રિત કરે છે.જુલિયાએ સમજાવ્યું કે એવી જગ્યાએ રહેવાથી જ્યાં શહેર સ્તરે ચોક્કસ પસંદગીઓ લાગુ કરવામાં આવે છે તેનાથી તેણી તેના રોજિંદા જીવનમાં કેટલી સુરક્ષિત અનુભવે છે તે બદલાઈ ગયું છે. તેણીએ અમદાવાદમાં તેના ગેટેડ સમુદાયને પણ શ્રેય આપ્યો, જે તેણીએ કહ્યું કે માત્ર સલામત જ નહીં પણ સ્વાગત પણ અનુભવે છે, ભારતીય અને વિદેશી બંને રહેવાસીઓને મિશ્રિત કરે છે. "આનો અર્થ એ નથી કે ભારતમાં દરેક જગ્યાએ સલામતી છે; દરેક શહેર અને દરેક રાજ્ય અલગ છે. પરંતુ મારા અનુભવ પરથી, અમદાવાદ રહેવા માટે ખરેખર ઉત્તમ રહ્યું છે," તેણીએ નિષ્કર્ષ કાઢ્યો. સોશિયલ મીડિયા યુઝર્સે તેને વળતા જવાબ આપ્યા હતા કે, "મારા શહેર વિશેનો તમારો સુંદર અનુભવ શેર કરવા બદલ આભાર.

જુલિયાએ લખ્યું કે, અમદાવાદ મહિલાઓ માટે અદ્ભુત છે. અહીં ૧૫+ વર્ષથી વધુ સમયથી છું અને મને કેબ લેતા પ હેલા કે રાત્રે ૨ વાગ્યે ચાલતા પહેલા બે વાર વિચારવાની જરૂર નથી," એક વપરાશકર્તાએ કહ્યું, જ્યારે બીજા વપરાશકર્તાએ ઉમેર્યું, "હું પણ અમદાવાદમાં રહું છું અને તેને ભારતનું સૌથી સુરક્ષિત શહેર માનું છું."

### રાહુલ ગાંધી આજે ગુજરાત પ્રવાસે

## ગુજરાત કોંગ્રેસના જિલ્લા પ્રમુખોને રાહુલ ગાંધી શીખવશે નેતાગીરીના પાઠ

। (એજન્સી) જૂનાગઢ, તા.૧૨ ।

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી આવતીકાલે ગુજરાતની મુલાકાત લેવાના છે. તેઓ જૂનાગઢમાં ચાલી રહેલા કોંગ્રેસના જિલ્લા પ્રમુખોના પ્રશિક્ષણ શિબિરમાં હાજરી આપશે અને તેમને નેતૃત્વ અને સંગઠનના પાઠ ભણાવશે. આ પ્રવાસ દરમિયાન, રાહુલ ગાંધી બપોરે ૧ કલાકે કેશોદ એરપોર્ટ પર ઉતરશે. ત્યાંથી તેઓ સીધા જૂનાગઢ જશે, જ્યાં કોંગ્રેસના જિલ્લા પ્રમુખો માટે ૧૦ દિવસીય ટ્રેનિંગ કેમ્પ ચાલી રહ્યો છે. આ શિબિરનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી સમયમાં પાર્ટીને વધુ મજબૂત બનાવવાનો છે. રાહુલ ગાંધી અગાઉ પણ આવા પ્રશિક્ષણ કાર્યક્રમોમાં ભાગ લઈ ચૂક્યા છે. ટ્રેનિંગ કેમ્પમાં રાહુલ ગાંધી જિલ્લા પ્રમુખોને વર્તમાન રાજકીય પરિસ્થિતિઓ, જનતા સુધી પહોંચવાના ઉપાયો અને સંગઠનને તળિયાના સ્તરે કેવી રીતે મજબૂત કરવું તે અંગે માર્ગદર્શન આપશે. તેમના આ માર્ગદર્શનથી કોંગ્રેસના કાર્યકરોમાં નવો ઉત્સાહ અને જોમ ઊભો થવાની સંભાવના છે. જૂનાગઢમાં કાર્યક્રમ પૂરો થયા બાદ તેઓ સાંજે પોરબંદરથી દિલ્હી પરત ફરશે. રાહુલ ગાંધીની આ મુલાકાત ગુજરાત કોંગ્રેસ માટે એક મહત્વપૂર્ણ ઘટના છે, જે પાર્ટીની ભાવિ વ્યૂહરચના માટે દિશા નિર્ધારિત કરી શકે છે.

### પોલીસ સમક્ષ થવું પડશે હાજર

# દેવાયત ખવડને ઝટકો, વેરાવળ સેશન્સ કોર્ટે જામીન કર્યા રદ

### આ કેસમાં થોડા સમય પહેલા તાલાલા ગીરમાં દેવાયત ખવડ અને તેના સાથીઓએ યુવક પર હુમલો કર્યો હતો

। (એજન્સી) ગીર સોમનાથ, તા.૧૨ ।

સતત વિવાદોમાં રહેતા લોક કલાકાર દેવાયત ખવડને મોટો ઝટકો લાગ્યો છે. તાલાલા હુમલા કેસમાં દેવાયત ખવડના જામીન વેરાવળ સેશન્સ કોર્ટે ફગાવી દીધા છે. સેશન્સ કોર્ટે તાલાલા પોલીસની રિવિઝન અરજીને માન્ય રાખી દેવાયત સહિત અન્ય આરોપીઓના જામીન રદ કર્યા છે. હવે આ બધા આરોપીઓએ તાલાલા પોલીસ સમક્ષ હાજર થવું પ ડશે.આ કેસમાં થોડા સમય પહેલા તાલાલા ગીરમાં દેવાયત ખવડ અને તેના સાથીઓએ એક યુવક પર હુમલો કર્યો હતો. આ કેસમાં નીચલી કોર્ટે દેવાયત સહિત અન્ય ૧૫ જેટલા આરોપીઓના જામીન મંજૂર કર્યાં હતા. જેની સામે તાલાલા પોલીસે વાંધો ઉઠાવતા રિવિઝન અરજી દાખલ કરી હતી. આજે વેરાવળ કોર્ટમાં સરકારી પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે જામીન રદ કરવાનો આદેશ કર્યો છે. અમદાવાદના સનાથલ ગામે રહેતા ધ્રુવરાજસિંહ ચૌહાણ અને દેવાયત ખવડ વચ્ચે છ માસ પહેલા ડાયરામાં હાજરી ન આપવા બાબતને લઈ માથાકૂટ થઈ હતી. જેમાં કલાકાર દેવાયત ખવડની કારમાં ધ્રુવરાજસિંહ ચૌહાણ સહિતનાઓએ નુકશાન કર્યું હતું. આ અંગેની ફરિયાદ નોંધાઈ હતી જ્યારે સામા પક્ષે દેવાયત ખવડે ૮ લાખ રૂપિયા લઈ ડાયરામાં હાજર ન થતા છેતરપિંડીની ફરિયાદ દાખલ થઈ હતી. આ બાદ બે દિવસ પ હેલા દેવાયત ખવડ અને અન્ય શખ્સો દ્વારા ધ્રુવરાજસિંહની રેકી કરી પૂર્વ આયોજિત કાવતરું યોજી માર મારવામાં આવ્યો હતો. તેમજ તેને સોશિયલ મીડિયા દ્વારા તેમની રેકી થઈ રહી હોવાની માહિતી મળી હતી અને તેજ પ્રમાણે દેવાયત ખવડ અને અન્ય શખ્સો ધ્રુવરાજસિંહ બુકાની બાંધી કાર અથડાવી હુમલો કરવામાં આવ્યો. જોકે અચાનક દેવાયત ખવડની બુકાની ખુલી જતા યુવરાસિંહ ઓળખી ગયાનું પોલીસે જણાવ્યું. પોલીસ દ્વારા દેવાયત ખવડ સહિત અન્ય ૧૫ લોકો વિરુદ્ધ અનેક ગુનાઓ દાખલ કરી શોધખોળ હાથ ધરાઈ છે.

### આઠ આરોપી નિર્દોષ જાહેર

## જામનગરની સગીરા પર ગેન્ગ રેપ કેસમાં ૪ આરોપીને ૨૦ વર્ષની સજા

। (એજન્સી) જામનગર, તા.૧૨ ।

જામનગરમાં ૧૫ વર્ષીય સગીરા પર સામૂહિક બળાત્કારના કેસમાં સ્પેશિયલ પોક્સો કોર્ટે ચાર આરોપીઓને ૨૦ વર્ષની જેલની સજા ફટકારી છે. જ્યારે આઠ આરોપીને નિર્દોષ જાહેર કર્યા છે. આ સાથે પીડિતાને પાંચ લાખનું વળતર આપવાનો હુકમ કર્યો છે. જામનગરના એક ગામમાં ૧૨ શખ્સોએ ૧૫ વર્ષની સગીરાને અલગ-અલગ સ્થળે લઈ જઈને બળાત્કાર ગુર્જાયો હોવાની ફરિયાદ નોંધાઈ હતી. ૩૧ જુલાઈ ૨૦૨૨ના રોજ પીડિતાની માતાએ પંચ 'એ' ડિવિઝનમાં ૧૨ આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.આ કેસમાં સ્પેશિયલ પોક્સો કોર્ટના જજ આર.પી. મોંઘેરાએ હરપાલસિંહ અજીતસિંહ જાડેજા, કમલેશ ઉર્ફે કવા પટેલ, બાબભા ઉર્ફે ભીખુભા જાડેજા અને મહેન્દ્રસિંહ રાજેન્દ્રસિંહ જાડેજાને દોષિત ઠેરવ્યા છે. પોક્સો એક્ટની કલમ ૪ હેઠળ ૧૦ વર્ષની કેદ અને રૂ.૧૦ હજારનો દંડ તથા કલમ ૬ હેઠળ ૨૦ વર્ષની કેદ અને રૂ.પાંચ હજારના દંડની સજા ફટકારી છે. દંડ ન ભરવાના કિસ્સામાં વધુ બે વર્ષની કેદની સજા થશે. જ્યારે અન્ય આરોપીઓ નિર્દોષ છૂટ્યા છે. કોર્ટે પીડિતાને રૂ. પાંચ લાખનું વળતર આપ વાનો પણ આદેશ કર્યો છે. ઉલ્લેખનીય છે કે ગ્રામ્ય વિસ્તારની સગીરા પર કેટલાક શખ્સોએ વારાફરતી શરીર સંબંધો બાંધ્યા હતા. જેથી સગીરાને ગર્ભ રહી ગયો હતો. તેણે બાળકને જન્મ આપ્યો હતો.

## વિશેષ

### કલોલના રાહુલભાઈ મકવાણાના અંગદાનથી ૨ કિડની, ૧ લીવર અને બે આંખોનું દાન પ્રાપ્ત થયું

# અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૨૧૩મું અંગદાન : એક લીવર, બે કિડની અને બે ચક્ષુનું દાન મળ્યું, સિવિલ હોસ્પિટલને અત્યાર સુધીમાં અંગદાન થકી ૭૦૫ અંગો દાનમાં મળ્યાં

। (માહિતી) ગાંધીનગર ।

કુલ ૮૭૯ અંગો તેમજ પેશીઓનું દાન સિવિલ હોસ્પિટલ દ્વારા આજદિન સુધી મેળવવામાં આવ્યું છે : ડૉ. રાકેશ જોષી, મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં અંગદાનની સરવાણી સતત વહી રહી છે. સિવિલ હોસ્પિ ટલને ૨૧૩મું અંગદાન ગાંધીનગર જિલ્લાના કલોલના રહેવાસી શ્રી રાહુલભાઈ મકવાણા તરફથી પ્રાપ્ત થયું છે. રાહુલભાઈના અંગદાનથી ૨ કિડની, ૧ લીવર અને બે આંખોનું દાન પ્રાપ્ત થયું છે. સિવિલ હોસ્પિટલ ખાતે થયેલા ૨૧૩મા અંગદાનની વિગતો જોઈએ તો ગાંધીનગર જિલ્લાના કલોલમાં રહેતા અને દિવસ દરમ્યાન જીમમાં સફાઇ કામ અને રાત્રે પેટ્રોલ પંપ પર કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા ૩૦ વર્ષીય રાહુલભાઈ મકવાણા તરફથી અંગદાન મળ્યું છે. તેઓ ગત છઠ્ઠી સપ્ટેમ્બરના રોજ ગણેશ વિસર્જન કરી ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે કલોલ પાસેના પીયજ ગામ નજીક બાઈક પરથી પડી જતા માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. આ ઘટના વખતે આસપાસના લોકો દ્વારા





૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી, જે સૌથી પહેલાં તેમને કલોલની સરકારી હોસ્પિટલ લઈ ગઈ. સ્થિતિ ગંભીર જણાતાં તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા અને ત્યાર પછી વધુ સારવાર અર્થે એ જ દિવસે રાત્રે ૦૯.૪૫ વાગ્યે સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે લાવવામાં આવ્યા હતા. સિવિલ હોસ્પિ ટલમાં સારવાર દરમિયાન ૧૧મી સપ્ટેમ્બરના રોજ ડૉક્ટરોએ રાહુલભાઈને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. સિવિલ હોસ્પિટલની અંગદાન ટીમના ડૉ. મોહિત ચંપાવત દ્વારા રાહુલભાઈની બ્રેઈનડેડ પરિસ્થિતિ અને અંગદાન વિશે સિવિલ હોસ્પિટલમાં હાજર તેમના ભાઈ અજયભાઈ તેમજ અન્ય હાજર સગાંઓને સમજાવતાં તેઓએ રાહુલભાઈ મકવાણાનાં અંગોનું દાન કરવા સંમતિ આપી હતી. સિવિલ હોસ્પિટલ, અમદાવાદના મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ શ્રી ડૉ. રાકેશ જોષીએ રાહુલભાઈને આદરાંજલિ આપ વા સાથે તેમના પરિવારજનોનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું હતું કે આ ૨૧૩મા અંગદાન સાથે સિવિલ હોસ્પિટલ ખાતે આજદિન સુધીમાં કુલ ૨૧૩ અંગદાન થકી કુલ ૭૦૫ અંગોનું દાન મળ્યું છે. આમ જોઈએ તો ૧૫૦ ચક્ષુ તેમજ ૨૪ ચામડી મળી કુલ ૧૭૪ પેશીઓ સાથે કુલ ૮૭૯ અંગો તેમજ પેશીઓનું દાન સિવિલ હોસ્પિટલ દ્વારા મેળવવામાં આવ્યું છે, તેમ ડૉ. જોષીએ વધુમાં જણાવ્યુ હતું. આ અંગદાન સાથે સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુધી ૧૮૮ લીવર, ૩૯૦ કિડની, ૧૭ સ્વાદુપિંડ, ૬૮ હૃદય, ૬ હાથ, ૩૪ ફેફસાં, ૨ નાનાં આંતરડાં, ૧૫૦ ચક્ષુ તથા ૨૪ ચામડીનું દાન મળ્યુ છે. સિવિલ હોસ્પિટલમાં થયેલ આ અંગદાનથી મળેલ ૨ કીડની અને ૧ લીવરને સિવિલ મેડિસિટી કેમ્પ સની જ કિડની હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવશે, તેમજ મળેલ બે આંખોનું દાન સિવિલ મેડિસિટીની એમ એન્ડ જે આંખની હોસ્પિટલ દ્વારા સ્વીકારવામાં આવ્યું છે, તેમ ડૉ. જોષીએ ઉમેર્યું હતું, આ અંગદાન સાથે સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુધી ૧૮૮ લીવર, ૩૯૦ કિડની, ૧૭ સ્વાદુપિંડ, ૬૮ હૃદય, ૬ હાથ, ૩૪ ફેફસાં, ૨ નાનાં આંતરડાં, ૧૫૦ ચક્ષુ તથા ૨૪ ચામડીનું દાન મળ્યુ છે. સિવિલ હોસ્પિટલમાં થયેલ આ અંગદાનથી મળેલ ૨ કીડની અને ૧ લીવરને સિવિલ મેડિસિટી કેમ્પસની જ કિડની હોસ્પિ ટલના જરૂરિયાતમંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવશે, તેમજ મળેલ બે આંખોનું દાન સિવિલ મેડિસિટીની એમ એન્ડ જે આંખની હોસ્પિટલ દ્વારા સ્વીકારવામાં આવ્યું છે, તેમ ડૉ. જોષીએ ઉમેર્યું હતું

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨





(૧) ભારતના ૧૫મા ઉપરાષ્ટ્રપતિના શપથ ગ્રહણ સમારોહ પછી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણન અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી, (૨) નાદિયામાં 'દુર્ગા પૂજા' ઉત્સવ પહેલા કામદારો દેવી દુર્ગાનું માટીનું મોડેલ ખેંચી રહ્યા છે.

### યુક્રેન યુદ્ધ પૂરું કરાવવું હોય તો

# યુરોપીયન યુનિયને ભારત-ચીન પર ૧૦૦% ટેરિફ લાગુ કરવી જોઈએ : ટ્રમ્પ

**ભારત-યુએસ વચ્ચે દ્વિપક્ષી કરારની સંભાવના વ્યક્ત કરતા ડોનાલ્ડ ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફરી એક વાર સારા મિત્ર ગણાવ્યા છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

યુક્રેન-રશિયાનું યુદ્ધ ઝડપથી પૂરું કરવા માટે સહિયારા પ્રયાસો હાથ ધરવાની હાકલ કરતા યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુરોપીયન યુનિયનને ભારત તથા ચીન પર ૧૦૦ ટકા સુધીની ટેરિફ ઝીંકવા સૂચના આપી છે. રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદી રહેલા આ બંને દેશ પર ટેરિફ વધારવાથી દબાણ વધશે અને રશિયાની આર્થિક તાકાત ઘટશે તો યુદ્ધ ઝડપથી પૂરું થશે, તેમ સમજાવવા ટ્રમ્પે પ્રયાસ કર્યો છે.ટ્રમ્પ અને વડાપ્રધાન મોદીએ ભારત-યુએસના સંબંધો હકારાત્મક દિશામાં આગળ વધવાના સંકેત આપી ટ્રેડ ડીલ સફળ રહેવાની આશા વ્યક્ત કરી તેના થોડા સમયમાં જ ફાઈનાન્સિયલ ટાઈમ્સમાં આ અહેવાલ પ્રકાશિત થયો છે.ટેરિફ મામલે તણાવ વચ્ચે મોદી અને ટ્રમ્પ વચ્ચે સોશિયલ મીડિયા પર વાત થઈ હતી અને બંને દેશ વચ્ચેના તણાવ ઘટાડવાની તૈયારી વ્યક્ત કરાઈ હતી. જો કે ટ્રમ્પે ફરી એક વાર પલટી મારી ભારત સાથે ચીનની પણ ચિંતા



વધારી છે. વોશિંગ્ટન ખાતે યુએસ અને યુરોપીયન યુનિયનના વરિષ્ઠ અધિકારીઓ વચ્ચે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં યુદ્ધ પૂરું કરવા માટે રશિયા પર દબાણ વધારવાના વિકલ્પો અંગે ચર્ચા થઈ હતી. ટ્રમ્પે આ બેઠકમાં ખાતરી આપી હતી કે, યુરોપીયન યુનિયન દ્વારા જેટલી ટેરિફ લાગુ કરાશે, તેટલી જ ટેરિફ અમેરિકા દ્વારા ભારત-ચીન પર લાગુ કરાશે. ભારત-યુએસ વચ્ચે દ્વિપક્ષી કરારની સંભાવના વ્યક્ત કરતા ડોનાલ્ડ ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફરી એક વાર સારા મિત્ર ગણાવ્યા છે. ટ્રમ્પે ટ્રુથ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યુ હતું કે, ભારત અને યુએસ દ્વારા બંને દેશ વચ્ચેની વ્યાપારિક અડચણો દૂર કરવા વાટાઘાટો ચાલી રહી છે. આગામી સપ્તાહોમાં 'મારા સારા મિત્ર' નરેન્દ્ર મોદી સાથે વાત કરવા ઉત્સુક છું. ટ્રમ્પની આ પોસ્ટના જવાબમાં વડાપ્રધાન મોદીએ એક્સ પોસ્ટમાં કહ્યું હતું કે, પ્રમુખ ટ્રમ્પ સાથે વાટાઘાટો કરવાહું પણ આતુર છું. અમે બંને સાથે મળી ભારત-યુએસના નાગરિકોના ઉજ્જવળ અને વધુ સમૃદ્ધ ભવિષ્ય માટે કામ કરવા તૈયાર છીએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કતારના અમીર શેખ તમીમ બિન હમાદ અલ થાની સાથે ફોન પર વાત કરી હતી. વાતચીત દરમિયાન તેમણે દોહામાં થયેલા હુમલાઓ અંગે ચિંતા વ્યક્ત કરી છે. ઉલ્લેખનીય છે કે, ઈઝરાયલે મંગળવારે કતારની રાજધાની દોહામાં હુમલો કર્યો હતો.પીએમ મોદીએ સૌશિયલ મીડિયા પર કહ્યું કે, 'કતારના અમીર શેખ તમીમ બિન હમદ અલ-થાનીની સાથે વાતચીત કરી અને દોહામાં થયેલા હુમલાને લઈને ચિંતા વ્યક્ત કરી. ભારત વાતચીત અને કૂટનીતિના માધ્યમથી મુદ્દાઓનો ઉકેલ લાવવાનું સમર્થન કરે છે અને વધી રહેલા તણાવને રોકી શકીએ.'

## ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થક ચાર્લી કિર્કની ગોળી મારી હત્યા કરાઈ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૨ ।

અમેરિકાના પ્રભાવશાળી અને જાણીતા એક્ટીવિસ્ટ ચાર્લી કિર્કનું ગોળી વાગવાથી મોત થયું છે. ઉટાહ વેલી યુનિવર્સિટીમાં એક કાર્યક્રમ દરમિયાન તેમને ગોળી વાગી હતી. આ ઘટનાની પુષ્ટિ ખુદ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કરી છે. ટ્રમ્પે આ સમાચાર સોશિયલ મીડિયા પર શેર કર્યા અને કિર્ક પ્રત્યે ઊંડો દુઃખ અને આદર વ્યક્ત કર્યો. તેમણે કિર્કને મહાન અને અત્યાર સુધીના સૌથી મહાન વ્યક્તિ તરીકે વર્ણવ્યા જે અમેરિકાના યુવાનોને શ્રેષ્ઠ રીતે સમજતા હતા. ટ્રમ્પે કિર્કના પરિવાર અને ખાસ કરીને તેમની પત્ની એરિકા પ્રત્યે પણ સંવેદના વ્યક્ત કરી છે. તેમના સન્માનમાં, ટ્રમ્પે અમેરિકન ધ્વજને નીચે ઉતારવાનો આદેશ આપ્યો છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પર એક પોસ્ટ દ્વારા ચાર્લી કિર્કના નિધનના સમાચાર આપ્યા. આ સમાચાર મળતાની સાથે જ અમેરિકાના રાજકીય કોરિડોરમાં અને કિર્કના સમર્થકોમાં શોક છવાઈ ગયો. ચાર્લી કિર્કે ટર્નિંગ પોઈન્ટ યુએસએની સ્થાપના કરી, જે યુવાનોને રૂઢિચુસ્ત વિચારો સાથે જોડવાનું કામ કરે છે. તેઓ તેમના સ્પષ્ટવક્તા મંતવ્યો અને પ્રભાવશાળી ભાષણો માટે જાણીતા હતા. તેમના કાર્યક્રમોમાં યુવાનોની વિશાળ ભીડ એકઠી થતી હતી.

### હોસ્પિટલની બેદરકારી સાબિત કરવાની જવાબદારી ફરિયાદી પર રહે છે

# દર્દીની દરેક મેડિકલ જટિલતાને તબીબી બેદરકારી ના ગણી શકાય : કન્ઝ્યુમર કોર્ટ

**ફરિયાદમાં દાવો કરાયો હતો કે ૨૩ માર્ચ, ૨૦૧૬એ અકસ્માત થયા પછી દર્દી સિદ્ધાર્થ જૈન હોસ્પિટલમાં ગયા હતાં**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

મેક્સ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ્સ સામેની ફરિયાદને ફગાવી દઈને દિલ્હીની કન્ઝ્યુમર કોર્ટે તેના ચુકાદામાં જણાવ્યું હતુ કે દર્દીમાં ઊભી થયેલી દરેક મેડિકલ જટિલતા માટે તબીબી બેદરકારીને જવાબદાર ગણી શકાય નહીં. દર્દીમાં તબીબી બેદરકારીને કારણે જટિલતા ઊભી થઈ છે, તેવું નિષ્કર્ષ કાઢવા માટે પૂરતા પ્રમાણમાં તથ્યો અને તબીબી પુરાવા રજૂ કરવા જરૂરી છે. બેદરકારી સાબિત કરવાની જવાબદારી ફરિયાદી પર રહે છે અને આ કેસમાં કોઈ નિષ્ણાત અભિપ્રાય રેકોર્ડ પર મૂકવામાં આવ્યા નથી. દિલ્હી રાજ્ય ગ્રાહક ફરિયાદ નિવારણ પંચે ૪ સપ્ટેમ્બરે આ ચુકાદો આપ્યો હતો. ફરિયાદમાં દાવો કરાયો હતો કે ૨૩ માર્ચ, ૨૦૧૬એ અકસ્માત થયા પછી દર્દી સિદ્ધાર્થ જૈન હોસ્પિટલમાં ગયા હતાં, જ્યાં સમય બગાડવામાં આવ્યો હતો અને ગોલ્ડન અવરમાં



તેમને કોઈ પ્રાથમિક સારવાર અપાઈ ન હતી. કમિશને મેડિકલ ડોક્યુમેન્ટ્સની નોંધ લીધી હતી. તેમાં જણાવાયું હતું કે દર્દીને યોગ્ય સારવાર અપાઈ હતી અને ઘૂંટણની ઈજા માટે પ્લાસ્ટિક સર્જરી વિભાગમાં રિફર કરાયો હતો. આ પછી દર્દીએ વધુ મેડિકલ તપાસ માટે સહકાર આપ્યો ન હતો અને તબીબી સલાહ વિરુદ્ધ રજાની વિનંતી કરી હતી. ડિસ્ચાર્જ શીટમાં પણ દર્દીને સંભવિત જોખમો અને પરિણામો અંગે યોગ્ય માહિતી અપાઈ હતી.કમિશને જણાવ્યું હતું કે સવારે ૫:૩૦ વાગ્યે નીકળ્યા પછી દર્દી સવારે ૫:૪૬ વાગ્યે ફરીથી દાખલ થયા હતાં. આ પછી પ્લાસ્ટિક સર્જરી ટીમે તેમને બે તબક્કાની સર્જરીની સલાહ આપી હતી કેટલાક ટેસ્ટ્સ કર્યા હતાં તથા એનેસ્થેસિયા પહેલાની તપાસ અને ઓપરેશન થિયેટર પ્રોટોકોલનું પાલન કરવાની સલાહ આપી હતી. કમિશને રેકોર્ડની નોંધ લેતા જણાવ્યું હતું કે જૈને સલાહનું પાલન કર્યું ન હતું અને તેના બદલે તે જ દિવસે સાંજે ૫:૨૬ વાગ્યે તબીબી સલાહ વિરુદ્ધ રજા લીધી હતી.કમિશને જણાવ્યું હતું કે અમારા મતે ફરિયાદીનું ઉપરોક્ત વર્તન બેદરકારી સમાન છે, કારણ કે તેને સારવાર કરી રહેલા ડોકટરોની સલાહનું પાલન કર્યું ન હતું. તેથી તે નિશ્ચિતપણે કહી શકાય નહીં કે ફરિયાદીને જે જટિલતા સહન કરવી પડી છે તે તેની પોતાની બેદરકારીનું પરિણામ છે કે હોસ્પિટલની બેદરકારીનું પરિણામ છે. જૈને કોઈ પણ પ્રકારના પુરાવા વગર અસ્પષ્ટ શબ્દોમાં બેદરકારીનો આરોપ લગાવ્યો હતો.

### બીજાની તપાસ કરનારાઓની પણ તપાસ થાય

# સુપ્રીમે CBIના પૂર્વ ઓફિસર સામેની FIR યથાવત્ રાખી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

દિલ્હી હાઈકોર્ટ દ્વારા વર્ષ ૨૦૦૦ના એક કેસમાં CBIના તત્કાલીન જોઈન્ટ ડાયરેક્ટર નીરજ કુમાર અને ઈન્સ્પેક્ટર વિનોદ કુમાર પાંડેય સામે FIR નોંધવાના આદેશને સુપ્રીમ કોર્ટે બહાલ રાખ્યો. કોર્ટે જણાવ્યું કે લોકોનો વ્યવસ્થા પરનો વિશ્વાસ જાળવી રાખવા માટે, તપાસ કરનારાઓની પણ તપાસ થવી જોઈએ. સુપ્રીમ કોર્ટની જસ્ટિસ પંકજ મિત્તલ અને જસ્ટિસ પી. બી. વરાલેની બેન્ચે જણાવ્યું કે, હાઈકોર્ટના ૨૬ જૂન, ૨૦૦૬ના આદેશથી સ્પષ્ટ થાય છે કે બંને અધિકારીઓએ પોતાની ફરજોના પાલનમાં ગેરરીતિ આચરી છે, જેના કારણે તેઓ પ્રાથમિક દૃષ્ટિએ ગુનેગાર ઠરે છે. બેન્ચે વધુમાં કહ્યું કે, ફરિયાદો અને અરજીઓ પરથી એ સ્પષ્ટ છે કે બંને અધિકારીઓ મિલીભગતથી કામ કરી રહ્યા હતા. જોકે, શું વિનોદ કુમાર પાંડેયે નીરજ કુમારના કહેવા પર કામ કર્યું હતું કે પછી બંનેએ સાથે મળીને, તે તપાસનો વિષય છે. ફરિયાદી વિજય અગ્રવાલ અને તેમના ભાઈએ આરોપ મૂક્યો હતો કે અધિકારીઓએ તેમને ફરિયાદ પાછી ખેંચી લેવા માટે ધમકી આપી હતી. આ ઉપરાંત, શીશ રામ સૈનીએ પણ દસ્તાવેજોની જપ્તી દરમિયાન પ્રક્રિયાગત અનિયમિતતા, ધમકી અને સત્તાના દુરુપયોગનો આરોપ લગાવ્યો હતો.

# રશિયાના સૈન્યની ભરતીના જાળમાં ન ફસાતા : ભારત

**વિદેશ મંત્રાલયે ટ્વિટ મારફત જણાવ્યું હતું કે, એવી કોઈ પણ ઓફરનો સ્વીકાર ન કરો, કારણકે, આ માર્ગ અત્યંત જોખમભર્યો છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

વિદેશ મંત્રાલય દ્વારા રશિયા-યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે રશિયાની સેનામાં ભરતીની જાહેરાતો પર સર્તક રહેવા અપીલ કરવામાં આવી છે. સરકારે આ મામલે ભારતીય નાગરિકો માટે એડવાઈઝરી જાહેર કરતાં સૂચન કર્યુ છે કે, તેઓ રશિયન સેનામાં ભરતની જાળમાં ફસાશો નહીં. વિદેશ મંત્રાલયે ટ્વિટ મારફત જણાવ્યું હતું કે, એવી કોઈ પણ ઓફરનો સ્વીકાર ન કરો, કારણકે, આ માર્ગ અત્યંત જોખમભર્યો છે. રશિયન સેનામાં ભરતી કરી ભારતીયોને યુક્રેન સામે યુદ્ધ લડવા મોકલી રહ્યા હોવાના અહેવાલો મળ્યા હતા. આ અંગે સ્પષ્ટતા કરીએ છીએ કે, આવી કોઈપણ ઓફરનો સ્વીકાર કરશો નહીં. તેમજ રશિયાને પણ અપીલ કરી છે કે, તેઓ ભારતીયોને પરત મોકલે, જે કોઈપણ પ્રકારની લાલચમાં આવી તેમની સેનામાં સામેલ થયા છે. વિદેશ મંત્રાલયના



પ્રવક્તા રણધીર જયસ્વાલે રશિયન સેનામાં ભારતીયોની ભરતી સંબંધિત મીડિયાના સવાલોનો જવાબ આપતાં કહ્યું હતું કે, ભારતીય નાગરિકો આ પ્રકારના કોઈપણ પ્રસ્તાવથી દૂર રહે, કારણકે તેમાં અત્યંત જોખમ છે. અમને હાલમાં જ રશિયન સેનામાં ભારતીય નાગરિકોની ભરતીની જાણ થઈ છે. સરકારે છેલ્લા એક વર્ષમાં અનેક વખત આ પ્રકારની કાર્યવાહીમાં અત્યંત જોખમ વિશે જાણકારી આપી લોકોને સર્તક કર્યા છે કે, તેઓ આનાથી દૂર રહે. જયસ્વાલે આગળ જણાવ્યું હતું કે, અમે દિલ્હી અને મોસ્કો બંનેમાં રશિયન અધિકારીઓ સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો છે. અમે રશિયાને અપીલ કરી છે કે, તેઓ આ પ્રકારની ગતિવિધિ બંધ કરે, અમારા નાગરિકોને પરત મોકલે. અમે પ્રભાવિત ભારતીય નાગરિકોના પરિવાર સાથે સંપર્કમાં છીએ. અમે ફરી એકવાર તમામ ભારતીય નાગરિકોને આગ્રહ કરીએ છીએ કે, તે રશિયન સેનામાં સામેલ થવાની કોઈપણ ઓફરનો સ્વીકાર કરે નહીં. આ અત્યંત જોખમી માર્ગ છે. અમે ફરી એકવાર તમામ ભારતીય નાગરિકોને રશિયન સેનામાં ભરતી થવાના કોઈપણ પ્રસ્તાવથી દૂર રહેવા આગ્રહ કરીએ છીએ. રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા ત્રણ વર્ષથી યુદ્ધ ચાલી રહ્યું છે. રશિયન અધિકારીઓ યુક્રેન સામે લડવા માટે વિવિધ દેશોમાંથી યુવાનોની સેનામાં ભરતી કરી રહ્યા છે.

### રાષ્ટ્રપતિએ ૧૯૭૦થી અત્યાર સુધીમાં ૯૦ ટકા બિલનો એક મહિનામાં નિકાલ કર્યો : કેન્દ્ર સરકાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

કેન્દ્ર સરકારે બુધવારે સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે, ૧૯૭૦ના વર્ષથી અત્યાર સુધીમાં રાજ્ય વિધાનસભાએ મંજૂર કરેલા બિલમાંથી ૯૦ ટકા બિલ પર રાજ્યપાલ દ્વારા માત્ર એક મહિનામાં નિર્ણય લેવાયો છે. ૧૭,૧૫૦ બિલમાંથી માત્ર ૨૦ જ કિસ્સામાં રાજ્યપાલે બિલ અટકાવ્યા છે. ધારાસભાએ પસાર કરેલા બિલને મંજૂરી બાબતે રાજ્યપાલ અને રાષ્ટ્રપતિ પર સમયમર્યાદા લાગુ કરવા અંગેના કેસની સુનાવણી ચીફ જસ્ટિસ બી આર ગવાઈની અધ્યક્ષતામાં પાંચ જજની બેન્ચ દ્વારા હાથ ધરાઈ હતી. સુનાવણી દરમિયાન કેન્દ્ર તરફથી સોલિસિટર જનરલ તુષાર મેહતાએ કરેલી રજૂઆતનો અરજદારના સિનિયર એડવોકેટ્સ કપિલ સિબલ અને અભિષેક સિંઘવી દ્વારા વિરોધ કરાયો હતો.

### બંધારણ ફરીથી લખો, ત્રણ દાયકાથી લૂંટ કરનાર રાજનેતાઓની તપાસ કરો

। (એજન્સી) કાઠમંડુ, તા.૧૨ ।

નેપાળના જનરેશન-ઝેડ દેખાવારોના હિંસક આંદોલન બાદ વડાપ્રધાન ઓલીએ રાજીનામુ આપ્યા બાદ હવે પ્રદર્શનકારીઓની માંગ છે કે નેપાળનું બંધારણ ફરીથી લખવામાં આવે અથવા તેમાં સંશોધન કરી વ્યાપક સુધારા કરવામાં આવે અને છેલ્લા ત્રણ કાયદામાં રાજનેતાઓએ લૂંટ કરેલી સંપત્તિઓની તપાસ પણ કરવામાં આવે. આંદોલન દરમિયાન એલાન કરવામાં આવ્યું હતું કે, દેખાવો દરમિયાન જીવ ગુમાવનાર બધા લોકોને અધિકૃત રીતે શહીદોનો દરજ્જો આપવામાં આવે અને તેમના પરિવારોને રાજકીય સન્માન અને રાહત આપવામાં આવે. આયોજકોએ બેરોજગારીને હલ કરવા, પલાયન પર અંકુશ લગાવવા અને સામાજિક અન્યાયને દૂર કરવા માટે ખાસ કાર્યક્રમોનો પણ વાયદો કર્યો છે.

# યુએઈને કચડીને એશિયા કપમાં ભારતનો ઝળહળતો પ્રારંભ

**ઓપનર શરાફુએ ૧૭ બોલમાં એક સિક્સર અને ત્રણ ચોગ્ગા સાથે ૨૨ રન ફટકાર્યા હતા તો કેપ્ટન વસિમે ૧૯ રન ફટકાર્યા હતા**

। (એજન્સી) દુબઈ, તા.૧૨ ।

સ્પિનર કુલદીપ યાદવની વેધક બોલિંગ અને શિવમ દૂબેની એટલી જ અસરકારક બોલિંગની મદદથી ભારતે એશિયા કપ ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં બુધવારે યુનાઈટેડ આરબ અમિરાતને નવ વિકેટે કચડી નાખીને ટુર્નામેન્ટનો ઝળહળતો પ્રારંભ કર્યો હતો.અહીંના દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં યાદવે સાત રનમાં ચાર વિકેટ ખેરવતાં યુનાઈટેડ આરબ અમિરાતની ટીમ ૧૩.૧ ઓવરમાં માત્ર ૫૭ રનમાં આઉટ થઈ ગઈ હતી જેના જવાબમાં ભારતે ૪.૩ ઓવરમાં માત્ર એક વિકેટ ગુમાવીને ટારગેટ વટાવી દીધો હતો. ભારત માટે ઓપનર અભિષેક શર્માએ ૧૬ બોલમાં



ત્રણ સિક્સર સાથે ૩૦ અને શુભમન ગિલે નવ બોલમાં અણનમ ૨૦ રન ફટકાર્યા હતા.આ મેચના વિજય સાથે ભારત ગ્રૂપમાં મોખરે પહોંચી ગયું છે. તે હવે ૧૪મીએ કટ્ટર હરીફ પાકિસ્તાન સામે ટકરાશે. અગાઉ કુલદીપ યાદવ સામે યુનાઈટેડ આરબ અમિરાતના બેટર્સ શરણે થઈ ગયા હતા. ભારતે ટોસ જીત્યા બાદ હરીફ ટીમને પ્રથમ બેટિંગ કરવાનું આમંત્રણ આપ્યું હતું. યુએઈએ શરૂઆત તો પ્રભાવશાળી કરી હતી પરંતુ આ પ્રારંભ ચોથી ઓવર સુધી જ ટક્યો હતો. જસપ્રિત બુમરાહે ઓપનર આલિશાન શરાફુને એક ખૂબસુરત બોલમાં બોલ્ડ કર્યો તે સાથે જ ગૃહટીમની વિકેટોનું પતન શરૂ થઈ ગયું હતું. યુએઈના ઓપનર્સને બાદ કરતાં બાકીનો કોઈ બેટર ડબલ ફિગર સુધી પહોંચી શક્યો ન હતો તે તો ઠીક પરંતુ તેના બાકીના કોઈ બેટ્સમેન પૂરા સાત બોલ પણ રમી શક્યા ન હતા. પાંચમી ઓવરમાં કુલદીપ યાદવ ત્રાટક્યો હતો અને તે સાથે યુએઈનું પતન શરૂ થઈ ગયું હતું. તેણે ઈનિંગ્સની નવમી ઓવરમાં કમાલ કરી હતી અને ત્રણ વિકેટ ખેરવીને હરીફ ટીમની ઈનિંગ્સ અને પડકારના અંતનો પ્રારંભ કરી દીધો હતો.ઓપનર શરાફુએ ૧૭ બોલમાં એક સિક્સર અને ત્રણ ચોગ્ગા સાથે ૨૨ રન ફટકાર્યા હતા તો કેપ્ટન વસિમે ૧૯ રન ફટકાર્યા હતા. ઈનિંગ્સના અંત ભાગમાં શિવમ દૂબેએ પણ કમાલ કરી હતી.

### વડાપ્રધાન મોદીએ કતારના અમીરને કર્યો કોલ

# મોદીએ ઈઝરાયલના હુમલાને સાર્વભૌમત્વનું ઉલ્લંઘન ગણાવ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

હમાસના ટોપ અધિકારી દોહામાં અમેરિકાના સમર્થન આધારિત યુદ્ધ વિરામ કરાર પર વાત કરવા તૈયારી કરી રહ્યા હતા, ત્યારે અચાનક ઈઝરાયલની સેનાએ કતારની રાજધાની દોહામાં હુમલો કરતાં અફરાતફરી સર્જાઈ છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે કતારના અમીર તમીમ બિન હમદ અલ-થાની સાથે ટેલિફોનિક વાત કરી દોહામાં થયેલા હુમલા પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે ઈઝરાયલના આ હુમલાને સાર્વભૌમત્વનું "ઉલ્લંઘન" ગણાવી વિવાદોના ઉકેલ માટે વાતચીત કરવા હાંકલ કરી હતી. વડાપ્રધાન મોદીએ ટ્વિટર પર પોસ્ટ કરી હતી કે, 'કતારના અમીર શેખ તમિમ બિન હમાદ અલ-થાની સાથે વાત કરી દોહામાં થયેલા હુમલાઓ પર ઊંડી ચિંતા વ્યક્ત કરી. ભારત કતારના સાર્વભૌમત્વના ઉલ્લંઘનની નિંદા કરે છે. ભારતના સુસંગત વલણનું પુનરાવર્તિત કરતા અમે સંવાદ અને રાજદ્વારી દ્વારા વિવાદોનો ઉકેલ લાવવા હાંકલ કરીએ છીએ. વિવાદોને વધતા અટકાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે, અમે વાતચીત અને કૂટનીતિ મારફત મુદ્દાઓનું સમાધાન કરવા અને વધતો તણાવ અટકાવવાનું સમર્થન કરીએ છીએ.


## તંત્રી લેખ...

# સીમા હૈદર અને સચિનના નામે થયો કરોડોનો ખેલ

પાકિસ્તાનની સીમા હૈદર અને તેના પતિ સચિનના નામે એક મોટું કૌભાંડ થયું છે. આ ફેક ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) કૌભાંડ મામલે કેન્દ્રીય તપાસ એજન્સી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એક્શનમાં આવી છે. ઈડીએ આ ૬૫૦ કરોડના ફેક ITC કૌભાંડ મામલે દિલ્હી, હરિયાણા, અરુણાચલ પ્રદેશ, તમિલનાડુ અને તેલંગાણા સહિત અન્ય સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. ઈડીના જણાવ્યા અનુસાર, આ કાર્યવાહી એવા આરોપીઓ અને કંપનીઓ વિરુદ્ધ છે, જેઓ ફેક કંપનીઓ અને શેલ કંપનીઓ બનાવીને કાગળ પર નકલી કામગીરી કરીને ટેક્સ ચોરી અને મની લોન્ડ્રિંગ જેવા ગેરકાયદેસર કામો કરે છે. આ મામલે ઈડીની ઈટાનગર સ્થિત ઝોનલ ઓફિસની ટીમે ૧૧ સપ્ટેમ્બરની સવારે ૫ વાગ્યાથી સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. આ દરમિયાન ઘણા મહત્વના પુરાવા એકઠા કરવામાં આવ્યા છે, અને આગામી દિવસોમાં આરોપીઓની પૂછપરછ કરવામાં આવશે. તપાસ એજન્સી ઈડીના જણાવ્યા મુજબ, લગભગ ૬૫૦ કરોડના ITC કૌભાંડમાં ઘણા હવાલા કારોબારીઓ, બનાવટી કંપનીઓના ડિરેક્ટરો અને આ કૌભાંડને અંજામ આપનારા આરોપીઓ તપાસ એજન્સીની રડાર પર છે. આ લોકોએ અસલમાં કોઈ વેપાર કર્યા વગર જ નકલી બિલો બનાવીને ૬૫૦ કરોડ રૂપિયાનું ટેક્સનું કૌભાંડ આચર્યું છે.

## જીવન એક યુદ્ધ ક્ષેત્ર : યુદ્ધ પોતાની જાત સાથે અને પછી બાહ્ય વાતાવરણ સાથે

સમય બહુ કીમતી છે સમજીને ખર્ચ કરવો દરેક મિનિટનો હિસાબ કરીને ચાલવું સમયની ખેતી કરવી. ૨૪ કલાકમાં ૩૦ કલાકના કામ કરવા સંઘર્ષ જ જિંદગી છે અને જિંદગી જ સંઘર્ષ. સંઘર્ષ કર્યા વગર પ્રગતિ ક્યારેય નહીં થાય ક્યારેય નિષ્ફળતા મળે હારી જવાય પરંતુ ફરીથી ઉભા થવું સંપૂર્ણ ઉર્જા ને ફરીથી કેન્દ્રિત કરવી પોતાના દોષો સાથે લડવું .અંધકાર સાથે લડવું સંકીર્ણ વિચારો સાથે લડવું .યુદ્ધ પહેલા પોતાની જાત સાથે પછી બાહ્ય વાતાવરણ સાથે કરવો બંને પ્રક્રિયા એક સાથે ચાલશે. આ સંસાર યુદ્ધક્ષેત્ર છે અહીંયા આરામ કરવા માટે નથી આવ્યા .સફળતા નો માર્ગ પર કોઈનો પ્રતિબંધ નથી બધા માટે ખુલ્લા છે નિષ્ફળ અને સફળ વ્યક્તિમાં એટલો ફર્ક હોય છે કે સામાન્ય વ્યક્તિ પોતાના કામમાં થી વહેલી તકે છટકવાનો પ્રયાસ કરે છે અને કામ જેમતેમ પૂરું કરે છે જ્યારે સફળ માણસ ટન બંધ વધારે કામ નથી કરતો પણ પોતાનું કામ પૂરી ઈમાનદારી અને વટથી કરે છે એટલે જ કંઈક મેળવવા માટે કંઈક ખોવું પડે છે મફતમાં કંઈ જ મળતું નથી અખૂટ ધીરજ અને વિપરીત પરી સ્થિતિ સામે સતત ઝઝુમીને લક્ષ્ય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સતત પ્રયત્ન કરતા રહેવું. કોઈ પણ કામ હાથમાં લઈએ અને સફળતા મળે ત્યારે આપણે ખૂબ ખુશ થઈએ છીએ નિષ્ફળતા આવે ત્યારે હતાશ થઈ જઈએ પોતાની ધારણા પ્રમાણેનું ન થાય અને વારંવાર નિષ્ફળતા મળે તો નસીબ ફૂટેલું છે એમ નસીબને દોષ આપીએ છીએ ત્રણ ત્રણ દાયકા સુધી નિષ્ફળ થયેલા અમેરીકન લોકશાહીના સર્વોચ્ચ પદ થનાર અબ્રાહમ લિંકન જ્યાં સુધી સફળ ન થયા ત્યાં સુધી હિંમત ન હારી કહેવાનો તાત્પર્ય એ છે કે જ્યાં સુધી સફળતા ન મળે ત્યાં સુધી મેદાન છોડી ભાગતા નથી. પોતાની સાથે અને બાહ્ય વાતાવરણ સાથે યુદ્ધ કર્યા કરે છે એક કરોળિયા ની માફક સતત પ્રયત્ન કરતા રહેવું વારંવાર નીચે પડવા છતાં ફરી ફરી વળ તૂટેલો તાતણો પકડી ઉપર ચઢવાની ક્રિયા કરે છે કોઈપણ ક્ષેત્રમાં સિદ્ધિ ના શિખરે પહોંચવા માટે જરૂરી છે પ્રયત્નો પછી સફળ ન થનાર વ્યક્તિએ યાદ રાખવું જોઈએ કે ક્યારેક ઝૂડાની છેલ્લી ચાવી તાળું ખોલી પણ દે .જ્યાં સુધી રણ છોડીને ભાગતા નથી ત્યાં સુધી ક્યારેય હારતા નથી. કંઈ પણ ન કરવું અને પડ્યા રહેવું એક આરામદાયક વિકલ્પ છે પરંતુ એ જિંદગી જીવવાની અર્થહીન રીત છે પ્રકૃતિનો નિયમ છે કે સંઘર્ષથી જ તેજી આવશે. જેમ સોનું તપાવવાથી વધારે શુદ્ધ બને છે ચમકે છે ધાતુનો એક નકામો ટુકડો અનેક કષ્ટદાયક પરીસ્થિતિઓ માંથી પસાર થાય છે ત્યારે એને ભગવાનની મૂર્તિ બનવાનો દિવ્ય લાભ મળે છે એમ જે મનુષ્યનું જીવન કષ્ટો અને મુશ્કેલીઓમાંથી પસાર થાય તે જ ચળકે વિપત્તિઓ અવરોધો મુશ્કેલીઓ સાથે લડી શકે છે જેનામાં પ્રતિકૂળ પરિસ્થિતિઓ સ્થિતિઓ સામે લડવાનું સાહસ છે એને જીવનના વિકાસનું સાચું સુખ મળે છે ધરતી પર એક પણ માણસ એવો નથી જેણે મુશ્કેલીઓ સહન કર્યા વગર કે પરિસ્થિતિ સામે લડ્યા વગર કોઈ મોટી સફળતા મેળવી હોય .જીવનના દરેક કસ્ટને રાજી ખુશીથી અપનાવે તે જ સાચું તપ છે યાદ રાખવું સંસારમાં એવા જ લોકોને મહત્વ મળે છે જે દરેક મુશ્કેલીઓ વચ્ચે પણ હસતા રહે અને પોતાની જાત સાથે લડતા રહે .એક કહેવત છે ને કે કમાનમાંથી છૂટેલું તીર કદી પાછું ફરતું નથી તેમ વીતેલો સમય પણ કદી પાછો નહીં આવે .જીવનમાં જો કંઈ મૂલ્યવાન છે તો એ સમય છે જીવનની હર પળ એક ક્ષણ ખૂબ જ મૂલ્યવાન છે જે કાર્ય આજે કરો કે કાલે કરો પરંતુ કરવાનું તો છે જ તો કાલ પર ન છોડી આજે જ એ કાર્યને પૂર્ણ કરવું પોતાની જાતને પૂછવું હું શું કરવા આવ્યો છું? અને શું કરી રહ્યો છું? મે શું કર્યું? અને શું બાકી છે? તેના અનુસંધાને જે બાકી છે તેને માટે ધ્યેય સિદ્ધિ કરવા પોતાના કાર્યોમાં જાગૃત થવું .આપણી આજુબાજુ એવા ઘણા લોકોને જોયા હશે જે ખૂબ જ ઉત્સાહથી કામ કરે છે તેમનો આત્મવિશ્વાસ મહેનત લગન તેમનું સાહસ ક્યારેક તો બીજાને ગાન્ડા કરી મૂકવા માટે સક્ષમ હોય છે આવું શા માટે થાય છે? તેઓ દરેક કામ ઉત્સાહ ,ધૈર્ય ,ચીવટ પૂર્વક ઉર્જા ,આંતરિક શક્તિથી કામને પુરા મનથી આત્મવિશ્વાસથી કરે છે રોજ પોતાની સાથે લડે છે તેઓ એટલે જ સફળતાના શિખરે ખૂબ જ જલ્દીથી પહોંચી જાય છે સફળતા કોઈ ડીગ્રી નથી કે કોઈ વારસાગત મળતી ધરોહર પણ નથી તેને જાતે જ પોતાના બળ પર હાંસેલ કરવી પડે .ઘણા લોકો પોતાનો મોટાભાગનો સમય ગપ્પા મારવામાં ટીવી મોબાઈલ હરવા ફરવા કે નકામા કાર્યો કરવામાં વિતાવી દે છે તેમની શક્તિ આવા કાર્યોમાં ખર્ચાઈ જાય છે જેમ વહેતું પાણી સ્વચ્છ હોય છે અને તળાવમાં પડી રહેલું પાણી માં લીલ જામી જાય છે એમ પોતાની જાતને સતત અપડેટ કરતા રહેવું જોઈએ યુદ્ધ પહેલા પોતાની જાત સાથે પછી બાહ્ય વાતાવરણ સાથે કરો ઘણા બધા લોકો કહેતા હોય છે કે.મારું નસીબ નથી સારું પરંતુ કોઈ પણ ઘટના કે દુર્ઘટના પાછળ નસીબની કોઈ ભૂમિકા નથી હોતી આ બધા મનના ખોટા વિચારો છે કોઈપણ કામ મહેનત અને પૂરા ઉત્સાહથી કરવામાં ન આવે તો અસફળતા મળે છે નસીબને વારંવાર દોષ આપવાથી કોઈ ફાયદો નથી મનમાં આ પ્રકારની વાતો કાઢી નાખી અનેખુશી ખુશી દરેક વાતના પાસાઓને સમજી શાંતિથી આગળ વધવું અસફળતાની ચિંતા નહીં રહે.



વિશેષ
લેખિકા : દર્શના પટેલ
(નેશનલ એથલીટ)
અમદાવાદ

**દ્વેષ ઈર્ષા અને નિંદા જે નકારાત્મક પરિબળ છે, એની સામે સત્ય પ્રેમ કરુણા જે જીવનના મૂળ મંત્ર છે, એનો પ્રયોગ કરો**

# રામનાં કોમળ સ્વભાવને કાગભુશુંડી, ભગવાન શિવ અને પર્વતપુત્રી પાર્વતી જાણે છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**રામનો સ્વભાવ ભુશુંડી જાણે છે, રામનો સ્વભાવ શિવ જાણે છે, અને ગિરજારૂપી પર્વત પુત્રી પાર્વતી રામનો સ્વભાવ જાણે છે. ભુશુંડી ગરુડ ને કહે છે, અસ સુભાઉ સુનેહુ ન દેખા. આવો સ્વભાવ કોઈનો સાંભળ્યો કે જોયો નથી, રામનો સ્વભાવ એક કાગડો જાણી ગયો અને હંસ ચૂકી ગયાં. બીજા શિવ મહાદેવ જાણે છે, અને એટલે જ ત્વરિત નિર્ણય કર્યો કે, કથા તો રામની હોય. સતી ચુકી ગયા હતાં, પણ પર્વતપુત્રીનાં રૂપમાં પાર્વતી છે, એ રામનાં સ્વભાવને જાણી લે છે, હવે એ કોઈ તર્ક વિતર્ક કરતાં નથી. નારદભક્તિ સૂત્રમાં લખ્યું છે કે સમજદાર ક્યારેય તર્ક વિતર્ક નથી કરતાં.**

માનસ અપરાધની ત્રીજા દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ કહ્યું કે અયોધ્યા કાંડમાં ભરતજી જ્યારે ભગવાન રામને મળવા ચિત્રકૂટ જઈ રહ્યાં છે, ત્યારે ભરત અને રામનાં પરમ પ્રેમપૂર્ણતાનુ મિલન થાય નહીં, એ માટે ઈન્દ્ર દેવગુરુ બૃહસ્પતિને ભક્ત અને ભગવાનનું મિલન થાય નહીં, એવો ઉપાય બતાવવાં કહે છે, ત્યારે દેવગુરુ બૃહસ્પતિ રામના સ્વભાવ વિશે જણાવતાં કહે છે.

**સુનું સુરેસ રઘુનાથ સુભાઉ,**
**નિજ અપરાધ રિસાહિં ન કાઉ.**

શિષ્ય ભગવાનનાં પ્રભાવથી પરિચિત હોય છે, જ્યારે ગુરુ તેનાં સ્વભાવ પરિચિત હોય છે, અને એટલે દેવગુરુ ઈન્દ્રને કહે છે કે, જો કોઈથી ભગવાનનો અપ રાધ થાય તો એ નારાજ નથી થતાં, પણ ભકતનો અપરાધ થાય તો એ નારાજ થાય છે. દેવગુરુ બૃહસ્પતિ કહે છે, રામનો સ્વભાવ શું છે! એ સાંભળો. રામચરિત માનસમાં ઘણીવાર રામનાં સ્વભાવની વાત આવે છે, અને એકવાર જે રામનાં સ્વભાવને જાણી લે છે, એ ધન્ય થઈ જાય છે. ભારતરત્ન એવોર્ડ પ્રાપ્ત કરનાર દલાઈ લામાને એકવાર પ ત્રકારે બુદ્ધના સ્વભાવ વિશે પુછ્યું હતું! કે બુદ્ધ સ્વભાવ શું છે? ત્યારે એમણે સાવ સરળતાથી કહ્યું કે બુદ્ધ સ્વભાવ એટલે શાંત સ્વભાવ! પ્રત્યેક વ્યક્તિનો મૂળ સ્વભાવ શાંતિ છે, પણ અશાંતિ તો આપણે આરોપિત કરીએ છીએ. એટલે એમ કહી શકાય કે શાંતિ એ અશાંતિના વસ્ત્ર પ રિધાન કર્યા છે,કે પછી અશાંતિનો મેકઅપ કર્યો છે, એ હટી જાય તો માણસનું મૂળ સ્વરૂપ કે સ્વભાવ પ્રગટ થઈ જાય. જેમકે ઉગ્રતાનો આવેશ મટી ગયા પછી શાંત થઈ જાય છે!

કબીર સાહેબ તો સમાધિ માટે પણ આયાસ પ્રયાસના વિરોધી છે, તેઓ કહે છે સહજ સમાધિ. વૃંદાવનના બાબા કહ્યા કરે છે, અક્રિય ધ્યાન, ચેષ્ઠાઓ છોડો, અધ્યાત્મમાં આપણી ચેષ્ટાઓ બહુ પરેશાન કરે છે, એ દિલના ચિરાગ ને પ્રજ્વલિત થવા દેતી નથી. સૂરજને જલાવી નથી શકાતો, એને ઉદિત થવા દો. આપણે ત્યાં કહેવત છે, કે કૂકડો બોલ્યો, હવે સૂરજ નીકળશે! પરંતુ સૂરજ નીકળે છે, એટલે કૂકડો બોલે છે. પ્રયાસ જે પ્રજ્જ્વલિત છે, એને બુજાવી દે છે. ઉત્તરકાંડમાં તુલસી જ્ઞાન દીપની જ્યોતિ માટે લખે છે, ‘‘સોઅહમસ્મિ ઈતિ વૃત્તિ અખંડા’’. કબીરનો સહજ, બુદ્ધનો શાંત કે અક્રિય ધ્યાન એ મૂળ સ્વભાવ છે.

બેંકમાં રૂપિયા હોય તો આપણે કાઢી શકીએ, એમ રામમાં ક્રોધ હોય તો આવે ને! રામમાં ક્રોધ છે જ નહીં, રામ બોધ વિગ્રહ છે, વંદે બોધમયં. રામ ક્યારેય કોઈની પીડા જોઈ શકતાં નથી રામરૂપ ધારી છે, પીતાંબર ધારી છે, પરંતુ એ ઓળખથી આગળ વધીએ તો!: દાદા એ મને રામનો સ્વભાવ સંભળાવ્યો હતો.

રામ સમાન પ્રભુ નાહી કહું,
મો સમ દિન ન દિન હિત તુમ્હ સમાન રઘુબીર,
અસ બિચારિ રઘુવંશ મનિ હરહુ વિષમ ભવ ભીર.
કામહિ નારિ પિઆરિ જિમિ લોભહિ પ્રિય જિમિ દામ,
તિમિ રઘુનાથ નિરંતર પ્રિય લાગહુ મોહિ રામ.

સુમંત રામને કૈકેયી ભવનમાં પ્રવેશ કરાવે છે, દશરથજીની દશા જોઈને ગોસ્વામીજી રામના સ્વભાવ વિશે ઉલ્લેખ કરે છે. રામનો સ્વભાવ કરુણામય છે, કરુણા બે પ્રકારની હોય છે, એક કઠોર કૃપા, અને બીજી કોમળ કૃપા! પણ રામ કઠોર કૃપા વાળા નથી, એમનો સ્વભાવ તો કોમળ છે, તેઓ અપરાધી પર પણ ક્રોધ નથી કરતાં. રામ કહે છે હે વિભીષણ! બીજાને સાંભળીને મારા સ્વભાવ વિશે વિશ્વાસ કરવો નહીં. ભરતજી પણ કહે છે મારા નાથના સ્વભાવને હું જાણું છું. ચિત્રકૂટમાં જ્યારે ભરત રામને મળવા માટે ચતુરંગીની સેના લઈને આવે છે, ત્યારે લક્ષ્મણજી પણ રામના સ્વભાવ વિશે ઉલ્લેખ કરે છે. આપ સુહૃદય છો, સરળ ચિત્ત છો, શીલનિધાન છો, બધાં પર ભરોસો કરો છો, ભરત પર ભરોસો ન કરો રાઘવ! પણ ભરોસો જ ભજન છે, કરતા રહેવું જોઈએ, રાઘવ બધાને પ્રેમ કરે છે. રામનો ત્રીજો સ્વભાવ તેઓ બધાને પોતાના સમાન જ જાણે છે. લક્ષ્મણજી કહે છે, ઠાકુર ભરતને રાજ મળ્યું છે, અને જેને સત્તા મળે એને મદ આવે છે, એ વિષની વેલને અમૃતનાં ફળ નથી આવતાં! આવી અપેક્ષા શું કામ રાખો છો! મોસમ મુજબ જે ફળ મળે છે, એ આપ અને જાનકી ખાઓ છો, ત્યારે હું કુટિયાની પાછળ ચાલ્યો જાઉં છું, કેમ કે આપનું આવું ખાવાનું મારાથી જોવાતું નથી. શું ગુનો કર્યો છે અયોધ્યાનો આપણે! શું બગાડ્યું છે ભરતનું આપણે!; આપ બધાને પોતાના સમજો છો!; પણ ભરત પર ભરોસો ન કરો.

દ્વેષ ઈર્ષા અને નિંદા જે નકારાત્મક પરિબળ છે, એની સામે સત્ય પ્રેમ કરુણા જે જીવનના મૂળ મંત્ર છે, એનો પ્રયોગ કરો. એટલે કે જીવનમાં પ્રગતિ કરવી હોય તો દ્વેષ, ઈર્ષા, અને નિંદાથી મુક્ત રહેવું, જેટલી માત્રામાં સત્ય, પ્રેમ, કરુણા, જાળવશો એ દિવસે બમણી અને રાતે ચાર ગણી વધશે.

રામનો સ્વભાવ ભુશુંડી જાણે છે, રામનો સ્વભાવ શિવ જાણે છે, અને ગિરજારૂપી પર્વત પુત્રી પાર્વતી રામનો સ્વભાવ જાણે છે. ભુશુંડી ગરુડ ને કહે છે, અસ સુભાઉ સુનેહુ ન દેખા. આવો સ્વભાવ કોઈનો સાંભળ્યો કે જોયો નથી, રામનો સ્વભાવ એક કાગડો જાણી ગયો અને હંસ ચૂકી ગયાં. બીજા શિવ મહાદેવ જાણે છે, અને એટલે જ ત્વરિત નિર્ણય કર્યો કે, કથા તો રામની હોય. સતી ચુકી ગયા હતાં, પણ પર્વતપુત્રીનાં રૂપમાં પાર્વતી છે, એ રામનાં સ્વભાવને જાણી લે છે, હવે એ કોઈ તર્ક વિતર્ક કરતાં નથી. નારદભક્તિ સૂત્રમાં લખ્યું છે કે સમજદાર ક્યારેય તર્ક વિતર્ક નથી કરતાં.

બૃહસ્પતિ રામનાં સ્વભાવ વિશે ઈન્દ્રને સાવધાન કરે છે, અને કહે છે, ખુદનાં અપરાધ પર રામ ગુસ્સો નથી કરતાં! પરંતુ હવે પ્રશ્ન એ થાય કે અપરાધ કરાવે છે કોણ? અર્જુન પણ ભગવત ગીતામાં કૃષ્ણને પૂછે છે કે, ન ઈચ્છતા હોવા છતાં પણ માણસ પાપ શા માટે કરે છે? કામ એષ ક્રોધ એષ રજોગુણ સમુદભવ. કામ ક્રોધ લોભ બહુ ભૂખ્યા છે, એની ભૂખ ક્યારેય પૂરી નથી થતી, એ મહાપાપી છે. માણસને જ્યારે ઉચ્ચકુળનો અહંકાર આવે, ત્યારે એ અપરાધ કરે છે, એનું દ્રષ્ટાંત અરણ્યકાંડમાં છે. ઈન્દ્રનો દીકરો જયંત ઉચ્ચકુળ છે, ઈન્દ્ર એનો બાપ છે, એનું ઊંચું ઘરાનું છે. એણે રામ પાસે આવીને છળ કર્યું, અપરાધનો ત્યાં જન્મ છે. સીતા ચરન ચોચ હતિ ભાગા. સીતા ના ચરણમાં ચાંચ મારી ભાગી ગયો! એટલે કે ક્યારેક ઉચ્ચતા અપ રાધને જન્મ આપે. બળવાન માણસને બળ અભિમાન થાય, અને એ અભિમાનને કારણે અપરાધ કરી બેસે. કિષ્કિંધા કાંડમાં વાલીનાં અપરાધની વાત છે! રામ વાલીને કહે છે હે મૂઢ તને બહુ અભિમાન આવી ગયું છે, અને તું સુગ્રીવને તૃણ સમાન માનવા લાગ્યો, આ અભિમાન તારા અપરાધનું કારણ છે. અત્યંત વિષય ભોગ પણ અપરાધ કરાવે છે કે, કિષ્કિંધા કાંડમાં સુગ્રીવ વિષયોથી ઘેરાઈને રામકામ ચૂકી ગયો, એટલે કે યુવાનીમાં વિષય ભોગની લાલસા અપરાધ કરાવી શકે. સંપત્તિ મળી જાય તો એને કારણે જડતા આવી જાય, અને માણસ અપરાધ કરે. સુંદરકાંડમાં વિનય ન માનત જલધિ જડ ગયે તીનિ દિન બીતિ. અત્યંત કોમલ સ્વભાવના રાઘવને લક્ષ્મણે કહ્યું, આની સાથે વિનય યોગ્ય નથી, ત્રણ દિવસ સુધી ઉપવાસ કર્યા, પરંતુ સમુદ્ર એ જવાબ ના આપ્યો! રત્નાકર હોવાને કારણે અત્યંત સમૃદ્ધિને કારણે સમુદ્ર જડ થઈ ગયો હતો. તો માનસના આ અપરાધજન્ય પ્રસંગોની વાત કરી, બાપુ કથાના ક્રમમાં હરિહર એક સ્વરૂપ અંતર ન ધરશો, એટલે કે ભગવાન શિવ રામના સ્વામી પણ છે, મિત્ર પણ છે, અને સેવક પણ છે! એવી જ રીતે ભગવાન રામ શિવનાં માલિક છે, મિત્ર છે, અને સેવક પણ છે, આમ કહી ત્રીજા દિવસની કથાને વિરામ આપ્યો. અત્યંત વિષય ભોગ પણ અપરાધ કરાવે છે કે, કિષ્કિંધા કાંડમાં સુગ્રીવ વિષયોથી ઘેરાઈને રામકામ ચૂકી ગયો, એટલે કે યુવાનીમાં વિષય ભોગની લાલસા અપરાધ કરાવી શકે. સંપત્તિ મળી જાય તો એને કારણે જડતા આવી જાય, અને માણસ અપરાધ કરે. સુંદરકાંડમાં વિનય ન માનત જલધિ જડ ગયે તીનિ દિન બીતિ. અત્યંત કોમલ સ્વભાવના રાઘવને લક્ષ્મણે કહ્યું, આની સાથે વિનય યોગ્ય નથી, ત્રણ દિવસ સુધી ઉપવાસ કર્યા, પરંતુ સમુદ્ર એ જવાબ ના આપ્યો! રત્નાકર હોવાને કારણે અત્યંત સમૃદ્ધિને કારણે સમુદ્ર જડ થઈ ગયો હતો. તો માનસના આ અપરાધજન્ય પ્રસંગોની વાત કરી, બાપુ કથાના ક્રમમાં હરિહર એક સ્વરૂપ અંતર ન ધરશો, એટલે કે ભગવાન શિવ રામના સ્વામી પણ છે, મિત્ર પણ છે, અને સેવક પણ છે! એવી જ રીતે ભગવાન રામ શિવનાં માલિક છે, મિત્ર છે, અને સેવક પણ છે, આમ કહી ત્રીજા દિવસની કથાને વિરામ આપ્યો.



**સંતની પરીક્ષા કરવી બહુ કઠણછે પરીક્ષા કરવા જતાં કોઈ વખત પાપ પણ થઈ જાય છે.**

# પશુ પક્ષીઓના અવતારમાં અનેક પ્રકારે દુ:ખ ભોગવી જીવ મનુષ્ય યોનિમાં આવે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ગરીબ લોકો સમજે છે કે શ્રીમંતો બહુ સુખી છે, પણ એ શ્રીમંતોનેય શાંતિ નથી. શાંતિ નથી તો સુખ ક્યાંથી હોય? કહેવાતું સુખ ભલે એ ભોગવે, પણ એ સતત હૈયું બાળતો જ રહે છે.**

પિતૃ તર્પણ અર્પણ કરી તેમના આત્માને તૃપ્ત કરવાનું પખવાડિયું એટલે શ્રાધ્ધ પક્ષ બહુ ભાવપૂર્વક ઉજવી રહયા છીએ.ભારતીય સંસ્કૃતિની આજ સાચી ઓળખ સંસ્કાર છે ભગવદ ગીતા જ્ઞાન આજે આપણે આગળ જોઈએ તો યમદૂતોની ગતિ પગથી આંખ સુધી હોય છે.બ્રહ્મરંધ્રમાં જે પ્રાણ ને સ્થિર કરે છે તેને યમદૂતો કાંઈ કરી શકતા નથી. મર્યા પછી પૂર્વ જન્મ યાદ આવતો નથી. સ્થૂળ શરીરની અંદર સૂક્ષ્મ શરીર,તેની અંદર કારણ શરીર છે.સૂક્ષ્મ શરીની અંદર રહેલી વાસનાઓને કારણ શરીરછે.યમદૂતો જીવાત્મા નેસૂક્ષ્મ શરીર સાથે યમપુરીમાં લઈ જાય છે.અતિ પાપી માટે યમપ ુરીનો માર્ગ ભયંકર છે.પાપીને ગરમ રેતી ઉપર ચાલવું પ ડે છે. ચિત્રગુપ્ત જીવાત્માએ કરેલાં પાપ પુણ્ય જીવાત્મા યમ દરબારમાં સંભળાવે છે.ચૌદ સાક્ષીઓસાક્ષી આપે છે.પછી જીવાત્માને પાપ કબૂલ કરવું પડે છે.પૃથ્વી,ચંદ્ર વગેરે ચૌદ સાક્ષીઓ છે.પાપ પ્રમાણે નરકની સજા થાય છે.જો કોઈ જીવનાં પાપ-પુણ્ય સરખા હોય તો તે ચંદ્રલોકમાં જાય છે. પુણ્ય જ હોય તો સ્વર્ગમાં જાય છે. પુણ્ય ખૂટી જાય એટલે ફરીથી મનુષ્ય લોકમાં જન્મ લેવો પડે છે અને આમ અનેક જન્મમરણનું દુ:ખ ભોગવે છે.

ગરીબ લોકો સમજે છે કે શ્રીમંતો બહુ સુખી છે, પણ એ શ્રીમંતોનેય શાંતિ નથી.શાંતિ નથી તો સુખ ક્યાંથી હોય? કહેવાતું સુખ ભલે એ ભોગવે, પણ એ સતત હૈયું બાળતો જ રહે છે.

વૃંદાવનમાં એક મહાત્મા રહેતા હતા. મહાત્મા ધ્યાનમાં બેઠા હતા તેવામાં એક ઉંદર પાછળ બિલાડી પડી. ઉંદર આવીને મહાત્માની ગોદમાં ભરાયો. મહાત્માને દયા આવી. ઉંદરને કહ્યું, તું કહે તે પ્રમાણે બનાવી દઉં. ઉંદરની બુદ્ધિ કેટલી? તેણે વિચાર્યું, હું બિલાડી બની જાઉં તો પછી કોઈની બીક ન રહે. કહે, મને બિલાડી બનાવી દો. મહાત્માએ તેને બિલાડી બનાવી દીધી. એક દિવસ તે બિલાડી પાછળ કૂતરો પડયો. ત્યારે બિલાડીએ કહ્યું, મહારાજ, મને કૂતરો બનાવી દો.હવે તે કૂતરો બન્યો.એક દિવસ જંગલમાં તે કૂતરા પાછળ વાઘ પડયો. એટલે કૂતરો કહે,મહારાજ મને વાઘ બનાવી દો. મહાત્માએ તેને વાઘ બનાવ્યો.વાઘ બનાવ્યો ત્યારે હિંસક વૃ ત્તિ જાગૃત થઈ.તેણે વિચાર્યું, આ મહારાજ મને ફરીથી ઉંદર બનાવી દેશે તો ભારે થશે. માટે ચાલ આ મહાત્માને જ ખાઈ જાઉં.મહારાજ સમજી ગયા. તેમણે તરત તેને ફરીથી ઉંદર બનાવી દીધો.આ ઉંદર-બિલાડી ની કથા નથી. આ કથા આપણી કથા છે. આ જીવ એક વખત ઉંદર હતો, એક વખત બિલાડી હતો અને હવે તે માનવ થયો છે માનવ બન્યા પછી માનવ ઈશ્વરને જ એ ભૂલી જાય તો પાછો હતો ત્યાં ને ત્યાં જ પહોંચી જવાનો; ત્યારે તે કહેવા લાગ્યોકે હું ઈશ્વર માં માનતો નથી,ધર્મમાં માનતો નથી ભગવાન ક્યા ચીજ હે!પણ ભગવાન કહે છેકે,યાદ રાખ હુંતને ફરીથી ઉંદર-બિલાડી બનાવી દઈશ.આ મનુષ્ય જન્મમાં જે જીવ ઈશ્વરને ઓળખવાનો કે પામવાનો પ્રયત્ન ન કરે તો તેને ફરીથી પશુ બનવું પડશે.પશુ પક્ષી ઓના અવતારમાં અનેક પ્રકારે દુ:ખ ભોગવી જીવ મનુષ્યયોનિમાં આવે છે.જે દિવસે ગર્ભ રહે છે તે દિવસે પાણીના પરપોટા જેવો સૂક્ષ્મ હોય છે. દસ દિવસ પ છી ફળ જેવો મોટો થાય છે.એક મહિના ના ગર્ભને માથું આવે છે,બે મહિનામાં હાથ-પગ, ત્રણ મહિનામાં નખ-વાળ,ચાર મહિનામાં સાત ધાતુ,પાંચ મહિના માં ભૂખ-તરસનું જ્ઞાન,છ મહિના માં માતાના પેટમાં ભ્રમણ,આ ક્રમ છે. જ્યાં અનેક જંતુઓ ઉત્પન્ન થાય તેવા વિષ્ટા અને મૂત્રથી ભરેલા પોલાણમાં તેને રહેવું પડે છે.તેને જંતુઓ કરડે ત્યારે કેટલીક વખત તે મૂર્છા પામે છે. વળી માતાએ ખાધેલા તીખા, ઊના,ખારા,ખાટા ખોરાક વડે તેના સઘળાં અંગમાં વેદના થાય છે. આ પ્રમાણે ગર્ભમાં અનેક પ્રકારનું દુ:ખ ભોગવે છે. પાંજરામાં પક્ષી પ ુરાય તેમ રહે છે. પણ કંઈ પણ કરવાને તે અસમર્થ છે.સાતમે મહિને જીવાત્માને પૂર્વ જન્મનું જ્ઞાન થાય છે.તે ગર્ભમાં પ્રભુની સ્તુતિ કરે છે,નાથ,મને બહાર કાઢો.ગર્ભવાસ અને નર્ક વાસ સરખો છે.મને બહાર કાઢશો તો બહાર નીકળ્યા પછી હું તમારી ખૂબ સેવા કરીશ, ભક્તિ કરીશ ગર્ભમાં જીવ ભગવાન આગળ અનેક પ્રતિજ્ઞા ઓ કરે છે. પછી જન્મ વખતે અતિશય વેદનામાં પૂર્વ જન્મનું જે જ્ઞાન હતું તે જીવ ભૂલી જાય છે.બહાર આવતી વખતે અતિશય દુ:ખ થવાથી ગર્ભનું જ્ઞાન ભૂલે છે.

જન્મ અને મરણનું દુ:ખ ભયંકર છે. આ બંને દુ:ખ સરખા છે. આ દુ:ખોનો અંત આવતો નથી. જન્મ થયો કે માયા એને સ્પર્શ કરે છે. સંસારમાં માયા કોઈને છોડતીનથી જીવ બાલ્યાવસ્થામાં મા સાથે, પછી રમકડાં સાથે પ્રેમ કરે છે. તે પ છી મોટો થાય એટલે પુસ્તક સાથે પ્રેમ કરે. પછી પૈસા સાથે પ્રેમ કરવા લાગે છે. પૈસાનો પ્રેમ ટકતો નથી. પછી લાડી સાથે પ્રેમ કરે છે.તે પ્રેમ પણ કાયમ રહેતો નથી.બે-ચાર છોકરાં થાય છે. એટલે ગભરામણ થાય છે.સ્ત્રીમાં થી મોહ ઓછો થાય છે. આ પ્રભુની માયા વિચિત્ર છે. પરણેલો પણ પસ્તાય છે અને ન પરણેલો પણ પસ્તાય છે.અનેક જન્મોથી આ પ્રમાણે જીવ ભટકતો આવ્યો છે. હજી ક્યાં સુધી ભટકવું છે?તારા મનને સંસારના વિષયોમાંથી હટાવી પ્રભુમાં સ્થિર કર.પરમાત્માના ચરણનો આશ્ચર્ય કરી જન્મ મરણના ત્રાસમાંથી મુક્ત થવા પ્રયત્ન કર!જે મુક્ત થયો તેનું જીવન સફળ થયું.

આમ માતાને ઉપદેશ આપીકપિલ ભગવાન ત્યાંથી ઊઠ્યા,નેકલકત્તા પાસે ગંગાસાગરનાસંગમ તીર્થમાં પધાર્યા. આજ પણ કપિલ ભગવાનના ત્યાં દર્શન થાય છે. કપિલ નારાયણનું સ્વાગત સમુદ્રે કર્યું છે.માતા દેવહુતિ સરસ્વતીના કિનારે વિરાજેલાં છે. સ્નાન કરે છે, ધ્યાન કરે છે,એટલે મનની શુદ્ધિ થાય છે.માતા દેવ હુતિને નારાયણનું ચિંતન કરતાં કરતાં મુક્તિ મળી છે.દેવહુતિ માતાને સિદ્ધિ મળી તેથી ગામનું નામ સિદ્ધપુર પડ્યું છે. દેવહુતિના ઉદ્ધારથી તેને માતૃગયા કહે છે. આ કપિલગીતા સાંભળવાથી શ્રોતા વક્તાઓનાં અનેક પાપોનો નાશ થાય છે.

સંતની પરીક્ષા કરવી બહુ કઠણછે પરીક્ષા કરવા જતાં કોઈ વખત પાપ પણ થઈ જાય છે. એટલે સંતની પરીક્ષા કરવી નહીં, પણ સંત બનવા જ સદા પ્રયત્ન કરવો. આજે લોકો તુકારામ મહારાજની જય બોલાવે છે,પણએ હયાતીમાં લોકોએ એમને બહુ ત્રાસ આપેલો એક વખત તો હોળીના દિવસોમાં લોકોએ તુકારામ મહારાજને ગધેડા પર બેસાડીને ફેરવેલા. પણ સંતને માન શું અને અપમાન શું? તુકારામને ગધેડો ગરુડ લાગે છે. તુકારામ મહારાજના જીવનમાં અનેક ચમત્કારો દેખાય છે,પણ એમણે એકેય ચમત્કાર કર્યો નહોતો. માત્ર એક જ વખત એમણે ચમત્કાર બતાવ્યો હતો અને તે પણ પત્નીના દુ:ખને દૂર કરવા માટે.જ્યારે તુકારામ મહારાજને ગધેડા ઉપર બેસાડી જોડાની માળા પહેરાવી ફેરવ્યા ત્યારે પત્નીને તુકારામ મહારાજને ગધેડા ઉપર નહીં,ગરુડ ઉપર બિરાજેલા દેખાયા હતા. સંતોની સહનશક્તિ અલૌકિક હોય છે. સંતો માનથી આનંદિત કે અપમાનથી દુ:ખી થતાં નથી. તેઓ માન અપમાનને પી જાય છે.કથા સાંભળ્યા પછી સંત બનો. કથામાં ઊંઘ આવે તો વ્યાસભગવાનેતેની દવા બતાવેલી જ છે. મહા કિંમતી દવા છે.હરે શ્રીકૃષ્ણ હરે શ્રીકૃષ્ણ નો જપ કરવો.કારણ કે કથામાં બહુ ઊંઘ આવે તો સાપ નો જન્મ આવે છે.બાજુમાં બેઠેલો જો એને ન જગાડે તો એને મદારીનો જન્મ મળે છે.

આ ફેસ્ટિવલમાં જહાન્વી સાથે ઇશાન ખટ્ટર અને વિશાલ જેઠવા પણ જોડાયા

# જહાન્વી ટોરન્ટો ફેસ્ટિવલમાં પ્રાડાની સાડી અને કોલાપુરી ચંપલ પહેરીને પહોંચી



## જહાન્વી કપૂરનો આ ગોલ્ડન લૂક તેની જ બહેન રિઆ કપૂર દ્વારા સ્ટાઇલ કરવામાં આવ્યો હતો

જહાન્વી કપૂરની ફિલ્મ 'હોમબાઉન્ડ'નું હવે કેન્સ પછી ટોરન્ટો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં પ્રીમિયર થઈ રહ્યું છે, ત્યારે તેના ટોરન્ટોના લૂકની ચર્ચા છે. તે રિઆ કપૂરે સ્ટાઇલ કરેલા પ્રાડાના ૨૦૦૪ સ્પ્રિંગ કલેક્શનની ગોલ્ડ સાડી પહેરીને ટોરન્ટો પહોંચી છે. જહાન્વી કપૂરે ખરેખર એક સ્ટ્રેપલેસ ગોલ્ડન ડ્રાસ પહેર્યો હતો. જે સાડીમાંથી પ્રેરિત છે. આ ડ્રેસ માટેના કાપડમાં સાડીથી પ્રેરિત બારીક એમ્બ્રોઇડરી કરવામાં આવી છે. જેમાં ઈન્ડિયન સાડીને મોડર્ન લૂક આપવામાં આવ્યો છે, તેમાં જહાન્વીએ એક ડેર્સે પર ઓવરકોટ પ્રકારનું ડ્રેસિંગ કર્યુ હતું. જોકે, આ ડ્રેસ મહત્વનો દેખાય તે માટે જહાન્વીએ લૂકમાં ઓછામાં ઓછી જ્વેલરી અને સિમ્પલ હેરસ્ટાઈલ કરી હતી. ખાસ તો અપરાજિતા તૂર દ્વારા ડિઝાઈન કરેલા આઈકોનિક કોલાપુરી ચંપલે બધાનું ધ્યાન ખેંચ્યું હતું. આ ફેસ્ટિવલમાં અન્ય એક લૂકમાં તે બોલિવૂડના જાણીતા લૂકની શિફોન સાડીમાં પણ દેખાઈ હતી. જેમાં હાથથી બારીક રેશમી દોરાનું કમ કરવામાં આવ્યું હતું. તેમાં ફ્લોરલ ડિઝાઈન કરવામાં આવી હતી. આ સાડી સાથએ તેણે એક બેકલેસ બ્લાઉઝ પહેર્યુ હતું. તેની સાથે ૧૯૮૦ની સ્ટાઈલનું એક જામાવર જેકેટ પહેર્યુ હતું. પ્રાડાએ ૨૦૦૪માં ભારતીય હસ્તકળાઓથી પ્રેરિત કલેક્શન લોંચ કર્યુ હતું. જેમાં ભારતીય હસ્તકળાઓની પરંપરાને માન આપીને વિવિધ કાપડ, એમ્બ્રોઈડરી અને સાડી પ્રેરિત ડ્રેસનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ડ્રેસ પહેરીને જહાન્વીએ પ્રાડાના કલ્ચરલ ફ્યુઝનના ઈતિહાસને પુનર્જિવીત કર્યો હતો. આ ફેસ્ટિવલમાં જહાન્વી સાથે ઈશાન ખટ્ટર અને વિશાલ જેઠવા પણ જોડાયા છે. જેમાં હાથથી બારીક રેશમી દોરાનું કમ કરવામાં આવ્યું હતું. તેમાં ફ્લોરલ ડિઝાઈન કરવામાં આવી હતી. આ સાડી સાથએ તેણે એક બેકલેસ બ્લાઉઝ પહેર્યુ હતું. તેની સાથે ૧૯૮૦ની સ્ટાઈલનું એક જામાવર જેકેટ પહેર્યુ હતું. પ્રાડાએ ૨૦૦૪માં ભારતીય હસ્તકળાઓથી પ્રેરિત કલેક્શન લોંચ કર્યુ હતું. જેમાં ભારતીય હસ્તકળાઓની પરંપરાને માન આપ ીને વિવિધ કાપડ, એમ્બ્રોઈડરી અને સાડી પ્રેરિત ડ્રેસનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ડ્રેસ પહેરીને જહાન્વીએ પ્રાડાના કલ્ચરલ ફ્યુઝનના ઈતિહાસને પુનર્જિવીત કર્યો હતો. આ ફેસ્ટિવલમાં જહાન્વી સાથે ઈશાન ખટ્ટર અને વિશાલ જેઠવા પણ જોડાયા છે.

સાઉથની એક્ટ્રેસનું ડિરેક્ટર અંગે ચોંકાવનારું નિવેદન

# 'રડતા રડતા ના પાડી, મજબૂરીમાં ઈન્ટીમેન્ટ સીન કર્યા': મોહિની



તમિલ સિનેમાની ફેમસ એક્ટ્રેસ મોહિની ફરી એક વાર ચર્ચામાં આવી છે. વર્ષો બાદ તેણે તેની આપવીતી વ્યક્ત કરી છે. તેણે તેની ૧૯૯૪માં રિલીઝ થયેલી ફિલ્મ 'કનમણિ'ને લઈને ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તેણે જણાવ્યું કે આ ફિલ્મમાં અમુક ઈન્ટિમેંટ અને સ્વિમસ્યુટ વાળા સીનનું શૂટ તેની મરજી વિરુદ્ધ બળજબરીથી કરાવવામાં આવ્યું હતું, તે આ સીનને શૂટ કરવા નહોતી ઈચ્છતી. હવે એક્ટ્રેસે ૩૧ વર્ષ બાદ આ વાત એક ઈન્ટરવ્યૂમાં જણાવી છે. એક્ટ્રેસ મોહિનીએ હાલમાં એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે, 'વર્ષ ૧૯૯૪માં મારી ફિલ્મ 'કનમણિ' રિલીઝ થઈ હતી. આ ફિલ્મના ડિરેક્ટર આર.કે. સેલવામાણીએ મારી મંજૂરી વગર એક સ્વિમસૂટ વાળો સીન અને ઈન્ટિમેંટ સીન શૂટ કરવા જણાવ્યું હતું. હું આ સીન કરવા નહોતી ઈચ્છતી, હું રડતી રહી, ત્યારબાદ શૂટિંગ અડધા દિવસ માટે બંધ કરી દેવાયું હતું.' મોહિનીએ આગળ જણાવ્યું, 'મેં ડિરેક્ટરને સમજાવવાની ઘણી કોશિશ કરી, મેં તેમણે કહ્યું કે મને તરતા પણ આવડતું નથી. અડધા કપડાં પહેરીને હું પુરુષ ટ્રેનર્સની સામે તરવાનું કેવી રીતે શીખી શકું? તે સમયે મહિલા ટ્રેનર પણ નહોતી. શરૂઆતમાં મેં ઘણીવાર ના પાડી. હું રડી પણ તે છતાં તે માન્યા નહીં. એવું લાગી રહ્યું હતું કે તે સીન કરવા પર મારા પણ દબાણ નાખ્યું હોય. છેલ્લે મારે હાર માનવી પડી, કારણકે જો હું આ સીન નહીં કરત તો પ્રોડક્શનને મોટું નુકશાન પહોંચી શકતું હતું, અને મેં આખરે તે સીન શૂટ કર્યું. મોહિનીએ આગળ કહ્યું, 'મેં અડધો દિવસ કામ કર્યુ અને તેમના કહેવા મુજબ સીન કર્યો. પછી, જ્યારે ઉટીમાં એ જ સીન શૂટ કરવાની વાત સામે આવી, ત્યારે મેં ચોખ્ખી ના પાડી દીધી. જ્યારે યુનિટે કહ્યું કે શૂટિંગ આગળ વધી શકશે નહીં, ત્યારે મેં સ્પષ્ટપણે કહ્યું કે આ તમારી સમસ્યા છે, મારી નહીં. હું પહેલીવારની જેમ ફરીથી મજબૂરીમાં કામ કરીશ નહીં. આ જ કારણ છે કે 'કનમણી' એકમાત્ર એવી ફિલ્મ છે જેમાં મેં મારી મરજી વિરુદ્ધ ગ્લેમરસ સીન્સ કર્યા. ક્યારેક સંજોગો વ્યક્તિની મરજી વિરુદ્ધ ઉભા થાય છે, અને આ સીન પણ એવો જ હતો.' પછી, જ્યારે ઉટીમાં એ જ સીન શૂટ કરવાની વાત સામે આવી, ત્યારે મેં ચોખ્ખી ના પાડી દીધી. જ્યારે યુનિટે કહ્યું કે શૂટિંગ આગળ વધી શકશે નહીં, ત્યારે મેં સ્પષ્ટપણે કહ્યું કે આ તમારી સમસ્યા છે, મારી નહીં. હું પહેલીવારની જેમ ફરીથી મજબૂરીમાં કામ કરીશ નહીં. આ જ કારણ છે કે 'કનમણી' એકમાત્ર એવી ફિલ્મ છે જેમાં મેં મારી મરજી વિરુદ્ધ ગ્લેમરસ સીન્સ કર્યા. ક્યારેક સંજોગો વ્યક્તિની મરજી વિરુદ્ધ ઉભા થાય છે, અને આ સીન પણ એવો જ હતો.'

સલમાન ખાન હાલ લદ્દાખમાં 'બેટલ ઓફ ગલવાન'નું શૂટ કરી રહ્યો છે

# સલમાન ખાન લદ્દાખમાં શૂટ દરમિયાન ભારતીય સેનાને મળ્યો

સલમાન ખાને હવે તેની આગામી ફિલ્મ 'બેટલ ઓફ ગલવાન' માટે લદ્દાખમાં શૂટિંગ શરૂ કરી દીધું છે. પહેલાં તેણે ક્લેપ બોક્સ સાથેનો ફોટો શેર કરીને શૂટ શરૂ થયું હોવાનો સંકેત આપ્યો હતો. હવે વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફર્મ પર સલમાન ખનની ભારતીય સેના સાથેની કેટલીક તસવીરો વાયરલ થઈ છે. આમાંની કેટલીક તસવીરોમાં સલમાન ખાન પહાડો વચ્ચે સેનાના જવાનો સાથે ઉભેલો દેખાય છે. જ્યારે અન્ય એક ફોટોમાં સલમાન ખાન સેનાના પરિવારો સાથે દેખાય છે. તેમાંથી એક સૈનિકે હાથમાં બાળકને પણ તેડેલું છે, જ્યારે તેની પત્ની પણ સલમાન ખાનની બાજુમાં ઉભેલી દેખાય છે. સલમાન આ લોકો સાથે સ્માઈલ કરતો ઉભેલો દેખાય છે. આ ઉપરાંત એક વીડિયો પણ છે, જેમાં પ હાડોની સામે કેટલાક તંબુ પણ દેખાય છે. તેના પરથી અંદાજ આવે છે, કે ફિલ્મની ટીમ સેટ તૈયાર કરી રહી છે. જ્યારે સલમાન ખાન એક ગાડીમાં બેઠેલો દેખાય છે. જ્યારે વધુ એક તસવીરમાં તે ઓલીવ ગ્રીન ટીશર્ટમાં, કેમોફ્લાજ કાર્ગો પેન્ટ અને શૂઝ સાથે દેખાય છે. સાથે તેણે ડાર્ક સનગ્લાસ પણ પહેર્યા હતાં. અપુર્વ લાખિયા સલમાન ખાનની આ ફિલ્મ ડિરેક્ટ કરે છે, આ ફિલ્મ ૨૦૨ની ગલવાન ખીણમાં ચીનની સેના સાથે ભારતીય સેનાની અથડામણ પર આધારીત છે. જ્યારે તાજેતરમાં પીટીઆઈ સમાચાર એજન્સી સાથેના એક ઈન્ટરવ્યુમાં સલમાન ખાને કહ્યું હતું કે આ ફિલ્મ મતેના માટે, "શારિરીક રીતે બહુ મહેનત માગે તેવી છે. દરેક વર્ષ, દરેક મહિને અને દરરોજ તે વધુ અને વધુ અઘરી બની રહી છે. હવે તેને વધુ સમય આપવો પ ડે છે. પહેલાં હું માત્ર અઠવાડિયામાં એક-બે દિવસ કસરત કરતો હતો. હવે હું દોડું છું, કિકિંગ કરું છું, પંચિંગ અને આવી કસરતો કરું છું. આ ફિલ્મની એવી જરૂરિયાત છે. દાખલા તરીકે સિકંદરમાં અલગ પ્રકારની એક્શન હતી, પાત્ર અલગ હતું. પરંતુ આ શારિરીક રીતે અઘરું છે. સાથે જ લદ્દાખમાં શૂટિંગ, ઉંટાઈ, ઠંડી અને ઠંડું પાણી અલગ જ પ ડકાર છે." દાખલા તરીકે સિકંદરમાં અલગ પ્રકારની એક્શન હતી, પ ાત્ર અલગ હતું. પરંતુ આ શારિરીક રીતે અઘરું છે. સાથે જ લદ્દાખમાં શૂટિંગ, ઉંટાઈ, ઠંડી અને ઠંડું પાણી અલગ જ પડકાર છે."



બાદશાહનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો

# ન્યૂજર્સીમાં સ્ટેજ પરથી ટ્રમ્પની મજાક ઊડાવ્યા પછી બાદશાહને કેવું લાગ્યું?

## હિપ હોપનું કામ જ હંમેશા સત્તામાં રહેલાં વિચિત્ર લોકોને ખુલ્લા પાડવાનું રહ્યું છે : બાદશાહ

રેપર અને સિંગર બાદશાહનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ વીડિયો તેના ન્યુ જર્સીના કોન્સર્ટનો હતો, જેમાં તેણે યૂએસ રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મજાક કરી હોવાની સોશિયલ મીડિયા પર ચર્ચા છે. જેના જવાબમાં હવે બાદશાહ કહે છે, "હિપ હોપનું કામ જ હંમેશા સત્તામાં રહેલાં વિચિત્ર લોકોને ખુલ્લા પાડવાનું રહ્યું છે. એ યોગ્ય લાગ્યું - ભારત અને તેના લોકોને લાગુ પડતી કોઈ બાબત પર પ્રકાશ પાડવા માટે લાઈવ હ્યુમરનો ઉપયોગ કરવો એ યોગ્ય લાગ્યું."બાદશાહના વાયરલ વીડિયોમાં તે ફિલ્મ 'વીરે દી વેડિંગ'નું ગીત 'તારીફાં' ગાઈ રહ્યો છે અને અચાનક તે ગાવા લાગે છે, 'કિન્નીયાં તારીફાં ચાહીદી તેનું'થી 'કિન્નીયાં તારીફાં ચાહીદીયેં ટ્રમ્પ કો'. તેણે આ ગાતા જ ઓડિયન્સમાંથી ચીચીયારીઓ અને તાલીઓ ગૂંજી ઉઠી હતી. હવે આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.આ અંગે બાદશાહે કહ્યું, "મારી મજાક હંમેશા મૌલિક અને ત્વરીત જ હોય છે. જો કોઈ મુદ્દો મારા ધ્યાનમાં આવે છે અને તે મને કોઈ ક્ષણે મગજમાં આવે તો હું એનો ઉપયોગ કરી લઉં છું. આવી મૌલિકતાથી જ ઓડિયન્સ સાથે ખરું કનેક્શન બને છે. કોઈને સ્ક્રિપ્ટેડ શોમાં રસ હોતો નથી. હું મારા શોમાં આવી મોમેન્ટ્સ બનાવ્યા કરું છું. મને શોમાં ઘમી વખત શાયરીઓ કહેવી પણ ગમે છે.



# '૧ એક્ટર ૬ વેનિટી વાનની માગણી કરે છે, કપલ હોય તો ૧૧ વેનિટી રાખવી પડે'


## બોલિવૂડ ઇન્ડસ્ટ્રીમાં છેલ્લાં લાંબા સમયથી પ્રોડ્યુસર્સ કલાકારોના અને તેમની પાછળના ઓન્ટ્રાજના ખર્ચની ફરિયાદો કરી રહ્યા છે

બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં છેલ્લાં લાંબા સમયથી પ્રોડ્યુસર્સ કલાકારોના અને તેમની પાછળના ઓન્ટ્રાજના ખર્ચની ફરિયાદો કરી રહ્યા છે. તાજેતરમાં એક પોડકાસ્ટમાં ફિલ્મ ડિરેક્ટર સંજય ગુપ્તાએ ખુલાસો કર્યો હતો કે કેટલાક કલાકારો છ વેનિટી વેન માગે છે અને અમિતાભ બચ્ચન જેવા સુપરસ્ટાર ક્યારેય કોઈ પ્રોડ્યુસર પર પોતાના સ્ટાફનો ભાર પડવા દેતા નથી. સંજયે આ પોડકાસ્ટમાં કહ્યું હતું કે, રિતિક રોશન અને અમિતાભ બચ્ચન જેવા કલાકારો માત્ર એક મેકઅપ માટેની વ્યક્તિ અને એક સ્પોટબોય સાથે સેટ આવે છે. તેમણે કહ્યુ કે એવાં પણ કલાકારો છે, જે સેટ પર ફરજિયાત છ વેનિટીની માગ મુકે છે. તેમણે કહ્યું, "આ વાસ્તવિકતા છે, હું ખરેખર ગંભીરતાથી કહુ છું. પહેલી વેન તેની પ ોતાની પર્સનલ સ્પેસ માટે હોય છે. ત્યાં સાહેબ કપડાં કાઢીને બેસે છે. તેની બાજુમાં સાહેબની બીજી એક વેન હોય છે, જ્યાં તેમના મેક અપ અને હેર સ્ટાઈલ થાય છે. પછી એક વેન હોય છે, જ્યાં સાહેબ પોતાની મીટિંગો કરે છે. ચોથી વેનમાં એમનું જીમ હોય છે, જ્યાં સાહેબ એમનું વર્ક આઉટ કરે છે." આગળ સંજય ગુપ્તાએ કહ્યું કે જ્યારે વર્કઆઉટ વેન આવે છે, તો માત્ર વેન નથી આવતી, સાથે ટ્રેઈનર, એક આસિસ્ટન્ટ, એક ડ્રાઈવર અને મેઈન્ટેનન્સ માટે એક માણસ પણ હોય છે. આમ, એક વેન સાથે ૬ લોકો જોડાયેલા હોય છે. આટલે અટકતું નથી, મેક અપ અને હેરસ્ટાઈલિસ્ટની પણ ટીમ હોય છે અને તેમના પણ પોતાના આસિસ્ટન્ટ હોય છે. સંજય ગુપ્તાએ આગળ કહ્યું કે, તેમના ભોજન અને ખાસ પ્રકારની વાનગીઓની પણ એક અલગ જરૂરિયાત છે. કલાકારોને ભુખ્યા તો રાખી ન શકાય, તેથી સેટ પર દરરોજ એક શેફ હાજર રાખવાના હોય છે, જે ગ્રામમાં ભોજન જોખી જોખીને બનાવે છે. તેના માટે એક અલગ વેનની જરૂર પડે છે. આગળની પાંચ વેનના સ્ટાફના સ્ટાફને બેસવા માટે એક છઠ્ઠી વેનની જરૂર પડે છે. આ મુદ્દે સંજય ગુપ્તાએ અમિતાભ બચ્ચનના વખાણ કર્યા હતા. જોકે, એક અન્ય ચોંકાવનારી વાત એવી પણ કરી કે જ્યારે એક ફિલ્મમાં એક કપલ સાથે કામ કરે ત્યારે સ્થિતિ વધુ કપરી બને છે. આ મુદ્દે તેમણે જણાવ્યું, "સેટ પર ૧૧ વેન આવે છે. શું તેઓ ઘરમાં એક રસોડામાં બનેલું એકસાથે નહીં જમતા હોય? એ લોકો પતિ પત્ની છે અને છતાં તેમને અલગ અલગ કિચન વેન જોઈએ! હું જરા પણ અતિશયોક્તિ કરી રહ્યો નથી. આ જ હકીકત છે. પણ મિસ્ટર બચ્ચન તમને ક્યારેય તેમના સ્ટાફનું પેમેન્ટ કરવા દેતા નથી. એમનો કોઈ જ આવો ખર્ચ હોતો નથી. કોઈ દિવસદીઠ ચૂકવણા નહીં, આવવા-જવાના અન્ય ખર્ચ નહીં. તેઓ કહે છે, "આ મારો સ્ટાફ છે, મારી જવાબદારી પ્રોડ્યુસરની નથી." માત્ર એમનો મેક અપ મેન, એમનો હેરસ્ટાઈલિસ્ટ, એક ડ્રાઈવર અને એક એમનો બોય, બસ આ છે આપણા મિસ્ટર બચ્ચન. પરંતુ હવેના કલાકારો માટે બ-ત્રણ લોકોની ટીમ ૩૦ લોકોની ટીમ બની ગઈ છે."સંજય ગુપ્તા પહેલાં ફરાહ ખાન અને રાકોશ રોશન પણ આ તકલીફ વિશે વાત કરી ચૂક્યા છે. ફરાહે પણ અગાઉ પોતાના બ્લોગમાં છ વેનિટી વેન માગતા કલાકારોની વાત કરી હતી. કેટલાંક લોકો સેટ પર તેમના હેલ્ધી ફૂડ માટે ખાસ શેફને રાખે છે,

# કલ્યાણીને દેશની પહેલી ફિમેલ સુપર હિરો બનવાનું ગૌરવ

## કલ્યાણી પ્રિયદર્શન બોક્સ ઓફિસ પર ૨૦૦ કરોડની કમાણી કરનારી પહેલી મલયાલમ એક્ટ્રેસ બની

મલયાલમ એક્ટ્રેસ કલ્યાણી પ્રિયદર્શને ૨૦૧૭માં અખિલ અક્કિનેની સાથેની ફિલ્મથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કર્યુ હતું. ત્યાર પછી તે ધીરજપૂર્વક સ્ક્રીપ્ટ્સ વાંચતી રહી અને ફિલ્મ પસંદ કરવામાં ઘણું ધ્યાન રાખતી. હવે તેની ધીરજનું પરિણામ તેને મળી ગયું છે. તાજેતરમાં તેની સાઈ-ફાઈ ફિલ્મ 'લોકા ચેપ્ટર ૧' રિલીઝ થઈ છે, જેમાં તે ચંદ્રાનો રોલ કરી રહી છે. તે દેશની પહેલી ફિમેલ સુપર હિરો છે, સાથે જ તે એવી પહેલી મલયાલમ એક્ટ્રેસ બની છે, જેની ફિલ્મે બોક્સ ઓફિસ પર ૨૦૦ કરોડની કમાણી કરી હોય. તેની ગણતરી હવે મોટી કમાણી કરતી એક્ટ્રેસની યાદીમાં થવા લાગી છે. મોહનલાલની 'એમપુરાણ-૨'ની ૨૬૫.૫ કરોડની કમાણી, 'થુડારમ' ૨૩૪.૫ કરોડ તેમજ ૨૦૨૪માં આવેલી 'મંજુમેલ બોય્ઝ'ની ૨૪૦ કરોડની કમાણી પછી આ ફિલ્મે ૧૦ દિવસમાં વર્લ્ડવાઈડ ૨૦૨ કરોડની કમાણી કરી લીધી છે.મલયાલમ ફિલ્મોમાં ફિમેલ લીડ ફિલ્મ બહુ ઓછી હોય છે, ત્યારે લોકાના આંકડા મહત્વના બની જાય છે.ત્યારે આ ફિલ્મ વિશે તાજેતરમાં કલ્યાણી પ્રિયદર્શને આ બાબતે ગૌરવ વ્યક્ત કર્યુ હતું. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં તેણે એવું પણ કહ્યું હતું કે ફિલ્મની આ કમાણી સમગ્ર ટીમની મહેનતનું પરિણામ છે. કલ્યાણીએ કહ્યું હતું, "મેં જ્યારે ફિલ્મ સાઈન કરી, ત્યારે મેં આ ફિલ્મ કોઈ ઈતિહાસ સર્જી દેશે એવું વિચાર્યુ નહોતું. તેથી લોકો જ્યારે આવું કહે છે, ત્યારે ખરેખર ભાવુક થઈ જવાય છે. મેં આ સ્ક્રિપ્ટને માત્ર એક મજા પડે એવી ફિલ્મ તરીકે જોઈ હતી અને મારે તેનો ભાગ બનવું હતું. પરંતુ ધીરે ધીરે સમય સાથે મને આ મોટી ફિલ્મનો ભાર અનુભવાતો થયો હતો." કલ્યાણીએ આગળ કહ્યું,"પ રંતુ હું નહોતી ઈચ્છતી કે લોકોને એવું અનુભવાય કે, હું આખી ફિલ્મ મારા ખભ્ભા પર લઈને ચાલું છું. આવું કહીને હું સમગ્ર ટીમના અમુલ્ય કામ અને મહેનતનું શ્રેય ન લઈ શકું. દરેકે ભરપુર મહેનત કરી છે." "સુપ રહિરોઝ હંમેશા આપણને મોટાં સપનાં જોવાં પ્રેરિત કરે છે અને જો ચંદ્રા બારતની પહેલી ફિમેલ સુપર હિરો, જો કોઈ એક છોકરીને પણ એવો વિચાર આપી શકે કે છોકરીઓ પણ તેમની રીતે શક્તિશાળી હોય છે, તો એ જવાબદારીનો ભાર ઉઠાવવા હું ગૌરવ અનુભવું છું."



કલ્યાણી પ્રિયદર્શન બોક્સ ઓફિસ પર ૨૦૦ કરોડની કમાણી કરનારી પહેલી મલયાલમ એક્ટ્રેસ બની

# માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સેવા દાયિત્વના ચાર વર્ષ

। અમદાવાદ, તા.૧૨ ।

૧૩ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે તેમના સેવાદાયિત્વના ચાર વર્ષ પૂર્ણ કર્યા છે. આ ચાર વર્ષ સેવા-સમર્પણ, સુશાસન, ઔદ્યોગિક વિકાસ અને નીતિ નિર્ધારણના રહ્યા છે. આ ચાર પિલર પર માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ ગુજરાતને જે ગ્રોથ એન્જિન બનાવ્યું છે, તેને આગળ ધપાવવા તેઓએ સતત, અવિરત, અથાગ પ્રયાસો કર્યા છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ ચાર વર્ષોમાં વિકાસનાં લાભ રાજ્યના જન-જન સુધી પહોંચે તે સુનિશ્ચિત કર્યું છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ગુજરાત આજે રિન્યુએબલ એનર્જી, સેમિકન્ડક્ટર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) જેવા ઉભરતા ક્ષેત્રોમાં અગ્રેસર બનવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. ગત ચાર વર્ષોમાં તેમના કાર્યકાળ દરમિયાન ગુજરાતે દરેક ક્ષેત્રે વિકાસ સાધ્યો છે, દરેક ક્ષેત્રે સિદ્ધિઓ હાંસલ કરી છે.

**કોર્પોરેટરથી મુખ્યમંત્રી સુધીની સફર**

૧૫ જુલાઈ, ૧૯૬૨ના રોજ અમદાવાદમાં જન્મેલા શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદની ગવર્મેન્ટ પોલિટેકનિક કોલેજમાંથી સિવિલ એન્જિનિયરિંગનો અભ્યાસ પૂર્ણ કર્યો છે. વર્ષ ૧૯૮૭માં તેઓ



ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા અને ત્યારથી તેમની રાજકીય સફર શરૂ થઈ. ૧૯૯૫-૯૬માં તેઓ મેમનગર નગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન બન્યા. તેમણે ૧૯૯૯-૨૦૦૦ સુધી ૫ હેલી ટર્મ અને ૨૦૦૪-૨૦૦૬ સુધીની બીજી ટર્મમાં મેમનગર પાલિકાના પ્રમુખ તરીકે ફરજ બજાવી. ત્યારબાદ વર્ષ ૨૦૦૮-૨૦૧૦ સુધી તેમણે AMC સ્કૂલ બોર્ડના વાઈસ ચેરમેન તરીકે અને તે પછી ૨૦૧૦-૨૦૧૫ દરમિયાન થલતેજ વૉર્ડના કાઉન્સિલર તરીકે ફરજ બજાવી. ૨૦૧૫-૨૦૧૭ દરમિયાન તેમણે અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (AUDA) ના ચેરમેન તરીકે સેવાઓ આપી અને વર્ષ ૨૦૧૭માં તેઓ ઘાટલોડિયા વિધાનસભા બેઠક પરથી



ધારાસભ્ય તરીકે ચૂંટાયા. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત રાજ્યના ૧૭મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધાં, અને રાજ્યની વિકાસયાત્રાની શાસનધુરા સંભાળી. વર્ષ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં તેઓ ભારે મતોથી જીત્યા અને ૧૨ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ તેમણે સતત બીજીવાર ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.

**મક્કમ વ્યક્તિત્વ, મક્કમ નિર્ણયો**

આ ચાર વર્ષો દરમિયાન માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મક્કમ અને નિર્ણાયક નેતૃત્વનું મજબૂત ઉદાહરણ આપ્યું છે. તેમના મક્કમ નેતૃત્વ હેઠળ અમદાવાદમાં ચંડોળા તળાવ ખાતે તમામ ગેરકાયદે દબાણો તોડી નાખવામાં આવ્યા અને ૪ લાખ ચોરસ મીટર જેટલો તળાવનો વિસ્તાર ખુલ્લો કરવામાં આવ્યો. આ ઉપરાંત, દ્વારકા અને સોમનાથ ખાતે પણ ગેરકાયદો દબાણો દૂર કરવામાં આવ્યા અને સોમનાથ ખાતે અંદાજે ૪ લાખ ૭૯ હજાર ચોરસ મીટરથી વધુ તેમજ દ્વારકા ખાતે અંદાજે ૧ લાખ ૫૪ હજાર ચોરસ મીટરથી વધુ જમીન ખુલ્લી કરવામાં આવી. માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ ભ્રષ્ટાચાર આચરતા લગભગ ૫૦ જેટલા સરકારી અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે, જે દર્શાવે છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ભ્રષ્ટાચાર વિરુદ્ધ ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી છે. આ ઉપરાંત, જાહેર ભરતી તથા બોર્ડની પરીક્ષામાં થતી ગેરરીતિ પર નિયંત્રણ લાવવા માટે કડક કાયદો અમલી કરવામાં આવ્યો છે.

## દાહોદ જિલ્લાના નાગરાળા નગરમાં શ્રીમંત જયદીપસિંહજી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા દેવગઢ બારીઆની વિદ્યાર્થિની દ્વારા કલામહા કુંભમાં ભજન, લોક ગીતમાં જિલ્લા કક્ષાએ પ્રથમ નબર મેળવી નામ રોશન કર્યું

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૧૨ ।

દાહોદ જિલ્લા ના નાગરાળા નગરમાં આવેલ કલા મહાકુંભ મહોત્સવમાં વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત શ્રીમંત જયદીપસિંહજી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા દેવગઢ બારીઆ માં ધોરણ ૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની નાઘોરા અંજલીબેન અર્જુનભાઈ દ્વારા ભજન/લોકગીતમાં જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવીને શાળા તેમજ સમાજનુ નામ રોશન કર્યું છે.''જે પ્રતિભા અને પુરુસાર્થનો સંગમ દ્વારા સફળતા મેળવી તમે શાળા માટે ગૌરવ બની છે. આ સિદ્ધિ માટે શાળા પરિવાર અને તમારા માતા-પિતાને માન છે.''




તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

આ પ્રસંગે શાળાના આચાયશ્રી. એમ.બી.ખાબડ, સુપરવાઈઝર.શ્રી.એ.પી.રાઠવા, શાળા ના કન્વીનર શ્રી. જીગ્નેશભાઈ એસ. પ્રજાપતિ.તેમજ શાળા પરિવારે શુભેચ્છા પાઠવી હતી.

## ખેડા જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા "સ્વસ્થ નારી સશક્ત પરિવાર" અભિયાન અંતર્ગત તબીબી કેમ્પનું આયોજન

। (પ્રતિનિધી) નડિયાદ, તા.૧૨ ।

ખેડા જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા તા. ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૫ થી ૨ જી ઓક્ટોબર ૨૦૨૫ સુધી પ્રા.આ. કેન્દ્ર, શહેરી આરોગ્ય કેન્દ્ર અને પેટા આરોગ્ય કેન્દ્ર ખાતે ''સ્વસ્થ નારી સશક્ત પરિવાર'' અભિયાન અંતર્ગત તબીબી કેમ્પ યોજવાનું નક્કી થયું છે. આ અભિયાન અંતર્ગત નડિયાદ સિવિલ હોસ્પિટલ, સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પીટલ (ખેડા અને ડાકોર), પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, શહેરી આરોગ્ય કેન્દ્ર અને પેટા આરોગ્ય કેન્દ્ર ખાતે વિવિધ તબીબી સેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. જેમાં બ્લડ ડોનેશન, છદ્મઝ કાઉન્સેલિંગ, NCD સ્ક્રીનિંગ, કેન્સર અને ટી.બી સ્ક્રીનિંગ, એનેમિયા સ્ક્રીનિંગ,ઁસ્ત્નછ૭રૂ કાર્ડ એનરોલમેન્ટ તેમજ સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત વિવિધ રસીકરણ કામગીરી કરવામાં આવશે. અભિયાન અંતર્ગત વિશેષ કાર્યક્રમોમાં ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ મહા મમતા દિવસ મનાવવામાં આવશે, જેમાં તમામ સગર્ભા માતાઓનું ટી.ડી. રસીકરણ કરવામાં આવશે. ત્યારબાદ, ૨૦મી સપ્ટેમ્બરે પંચગુણી રસીકરણ યોજાશે. ૨૪મી સપ્ટેમ્બરે પોલીયો (OPV/IPV) રસીકરણ અને ૨૫મી સપ્ટેમ્બરે આરી તથા રૂબેલા રસીકરણની કામગીરી થશે. અંતમાં, તા. ૧ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ મહા મમતા દિવસનું આયોજન કરીને સ્વાસ્થ્ય સેવાઓ આપવામાં આવશે. દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે નિષ્ણાત ગાયનેકોલોજિસ્ટ, સર્જન અને બાળરોગ નિષ્ણાતની ટીમ ઉપલબ્ધ રહેશે. તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્ર (CHC) ખાતે એન.ડી. દેસાઈ મેડિકલ કોલેજ, નડિયાદની નિષ્ણાત તબીબોની ટીમ સેવાઓ પ્રદાન કરશે. જેથી ખેડાના નાગરિકોને અનુરોધ કરવામાં આવે છે કે આ દરમ્યાન સેવાઓનો લાભ લે. સેવા પખવાડીયાના ઉત્તમ ધ્યેય સિધ્ધ કરવામાં પોતાનું યોગદાન આપવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા જણાવવામાં આવ્યું છે.

## ઝાલોદ વેપારીની હેક્ટર ગાડીમાં ભીષણ આગ લાગતા લાખોનું નુકસાન

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

ઝાલોદના એક વેપારીની એમ.જી. હેક્ટર ગાડીમાં ગત રાત્રે અચાનક આગ ભભૂકી ઉઠતાં ગાડી સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. પરંતુ ગાડી માલિકને લાખો રૂપિયાનું નુકસાન થયું છે. આ ઘટના ઝાલોદ તાલુકાના પાવડી ગામે બની હતી. ઝાલોદના ગીતા મંદિર વિસ્તારમાં રહેતા વેપારી અબ્દુલ વહાબ અબ્દુલ રહીમ મતાદાર તેમની પત્ની સાથે પાવડી ગામે સાસરીમાં ગયા હતા. રાત્રે લગભગ ૧૦ વાગ્યે તેમણે પોતાની સફેદ રંગની એમ.જી. હેક્ટર ગાડી (નંબર GJ-20-AQ-8686) ઘરની બાજુમાં પાર્ક કરી હતી. તેઓ ઘરમાં ગયા બાદ ગાડીમાંથી જોરદાર અવાજ આવતા અબ્દુલભાઈ બહાર દોડી આવ્યા હતા. બહાર નીકળીને જોતાં ગાડીમાં આગ લાગી હતી અને આગ ઝડપથી વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહી હતી. અબ્દુલભાઈ અને તેમના સસરાએ તાત્કાલિક ઘરના બોરના પાણીથી આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ આગ કાબૂમાં



તસ્વીર : પંકજભાઈ પંડિત, ઝાલોદ

આવી ન હતી.ઘટનાની જાણ થતાં તાત્કાલિક ૧૧૨ પર કોલ કરતા ઝાલોદથી ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયરબ્રિગેડે પણ પાણીનો મારો ચલાવ્યો છતાં આગ ઓલવી શકાઈ નહોતી અને આખી ગાડી સંપૂર્ણપણે બળીને રાખ થઈ ગઈ હતી.આ ઘટના અંગે વેપારી અબ્દુલ વહાબે લીમડી પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ ફરીયાદ નોંધાવી હતી. આકસ્મિક આગ લાગવાથી વેપારીને મોટું આર્થિક નુકસાન થયું હતું.

## ઝાલોદ તાલુકાના થેરકા મુકામે આવેલ પંચકૃષ્ણ મંદિર પાછળ આવેલ માછણ નદીમાં ડૂબી જતાં સાંપોઈના યુવાનનું મોત

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

ઝાલોદ તાલુકાના થેરકા મુકામે આવેલ પંચકૃષ્ણ મંદિરની પાછળ આવેલ માછણ નદીના કિનારે સાંપોઈના સુરેશભાઈ કડકીયાભાઈ અમલીયાર જેમની ઉમર અંદાજીત ૩૫ વર્ષની છે તેઓ તેમના પરિવારજનો સાથે તેમના દાદાની અસ્થી વિસર્જન કરવા માટે ૧૧-૦૯-૨૦૨૫ ના રોજ આવેલ હતા. અસ્થી વિસર્જન કરવા માટે સુરેશભાઈ કડકીયાભાઈ અમલીયાર માછણ નદીમાં ઉતર્યા હતા ત્યારે તેઓ પાણીના વહેણમાં ખેંચાઈ ગયેલ હતા. આ અંગે ઝાલોદ પોલીસને જાણ થતાં તેઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ઝાલોદ અને દાહોદની ફાયર બ્રિગેડની ટીમને બોલાવવામાં આવેલ હતી. ઝાલોદ અને દાહોદની ફાયર બ્રિગેડની ટીમ દ્વારા ૧૧ તારીખે ડૂબી ગયેલ વ્યક્તિને શોધવાની કવાયત હાથ ધરી હતી પરંતુ ૧૧ તારીખે ફાયરબ્રિગેડની ટીમને સફળતા ન મળતાં ૧૨ તારીખે ફરી ફાયર બ્રિગેડની ટીમ



તસ્વીર : પંકજભાઈ પંડિત, ઝાલોદ

દ્વારા પાણીમાં ડૂબી ગયેલ વ્યક્તિને શોધવાની તજવીજ હાથ ધરેલ હતી ત્યારે ૧૨ તારીખે અંદાજીત બપોરના ૧ વાગ્યા પછી પાણીમાં ડૂબી ગયેલ વ્યક્તિ મૃત હાલમાં મળી આવેલ હતો. ઝાલોદ પોલીસ દ્વારા મૃતક વ્યક્તિના પોસ્ટ મોર્ટમ માટે ઝાલોદ સરકારી દવાખાના ખાતે લાવવામાં આવેલ હતો.

## શારદા મંદિર સ્કૂલ નડિયાદ ખાતે કોમ્પ્લાઇન્સ ઓફ પોક્સો એક્ટ માટે અવેરનેશ કેમ્પ યોજાયો

। (પ્રતિનિધી) નડિયાદ, તા.૧૨ ।

ભારત સરકારના District Hub for Empowerment of Women (DHEW) ખેડા અંતર્ગત તા. ૦૨/૦૯/૨૦૨૫ થી ૧૨/૦૯/૨૦૨૫ દરમિયાન ખાસ જાગૃતિ અભિયાન (Special Awareness Campaign) યોજાયેલ છે. આ અભિયાન જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી ખેડાના માર્ગદર્શન હેઠળ વિવિધ કાર્યક્રમો દ્વારા યોજાવવામાં આવ્યા છે. તે અંતર્ગત ગતરોજ શારદા મંદિર ડે સ્કુલ, નડિયાદ ખાતે કોમ્પ્લાઈન્સ ઓફ પોક્સો એક્ટ માટે અવેરનેશ કેમ્પ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રિન્સીપાલશ્રી, કીર્તિબેન જોશી -એલ.સી.પી.એ., પ્રીયંકાબેન નીલેવાલા- એલ.ડ એ.ડી.સી., આરતીબેન પુરોહિત- ડી,એલ,એસ.એ. તેમજ DHEW ટીમનો સ્ટાફ હાજર રહ્યો હતો. હાજર રહેલ કિશોરીઓને બાળ લગ્ન, અટકાવવા, બાલિકાઓ સામે થતી હિંસા, પોક્સો એક્ટ તથા બાળકોનાં અધિકારો વિશે વિગતવાર માહિતી આપી કીશોરીઓને માહિતગાર કરવામાં આવી હતી એમ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની અખબારી યાદીમાં જણાવ્યુ છે. પ્રીયંકાબેન નીલેવાલા- એલ.ડ એ.ડી.સી., આરતીબેન પુરોહિત- ડી,એલ,એસ. એ. તેમજ DHEW ટીમનો સ્ટાફ હાજર રહ્યો હતો. હાજર રહેલ કિશોરીઓને બાળ લગ્ન, અટકાવવા, બાલિકાઓ સામે થતી હિંસા, પોક્સો એક્ટ તથા બાળકોનાં અધિકારો વિશે વિગતવાર માહિતી આપી કીશોરીઓને માહિતગાર કરવામાં આવી હતી એમ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની અખબારી યાદીમાં જણાવ્યુ છે.

## ઝાલોદ પોલિસ દ્વારા ધાવડીયા ચેક પોસ્ટ પર રાહદારીઓને હાલાકી ન પડે તે માટે ખાડા પુરવામા આવ્યા

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

ઝાલોદ તાલુકાના ધાવડીયા ચેક પોસ્ટ ખાતે મસ મોટા ખાડા પડી ગયેલ છે જેથી આવતા જતા વાહન ચાલકોને ભારી હાલાકીઓ વેઠવી પડે છે અનેક વાર આ મોટા ખાડાઓને લઈ વાહનચાલકોને અકસ્માતનો સામનો કરવો પડેલ છે. ઝાલોદ તાલુકામા આવેલ ધાવડીયા ચેક પોસ્ટ એ રાજસ્થાન અને ગુજરાતને જોડતો મુખ્ય રસ્તો છે. આ રસ્તા ઓ પર નીકળતા ખાડાઓનુ સામ્રાજ્ય હોય તેમ લાગે છે. સરકારના કહેવાતા મોટા હાઈવે ઓથોરીટીના અધિકારીઓ રોડની સમીક્ષા કરવા કોઈ દિવસ આવતા ન હોય તેવું લાગે છે. ઝાલોદ પોલિસ દ્વારા માનવતા દાખવતા તેમજ અકસ્માતને અટકાવવા માટે દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજાના આદેશથી તેમજ ઝાલોદ ડિવિઝનના ડી.વાય. એસ.પી ડી.આર.પટેલના માર્ગદર્શન હેઠળ પી.આઈ રવિ ગામીતના નિર્દેશ મુજબ ઝાલોદ પી.એસ.આઈ આર.વી. રાઠોડ દ્વારા પોલિસ સ્ટાફને સાથે રાખી આજરોજ ધાવડીયા ચેક પોસ્ટ પર જાતે ખાડા ભરવાનું અભિયાન હાથ ધરેલ હતું. એક બાજુ હાઈવે ઓથોરીટી આવી કામગીરી માટે નિષ્ફળ જોવા મળે છે તો બીજી બાજુ ઝાલોદ પોલીસનુ રાહદારીઓની સુરક્ષા માટેનુ સાવધાની જાળવવા ઉત્તમ પગલું જોવા મળે છે.



તસ્વીર : પંકજભાઈ પંડિત, ઝાલોદ





## દાણીલીમડાની ભારત હાયર સેકન્ડરી સ્કૂલમાં નિષ્ણાતોએ વિદ્યાર્થીઓને સાયબર સુરક્ષા અંગે માર્ગદર્શન આપ્યું

। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી હેઠળ કાર્યરત સંકલ્પ - ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વિમન (DHEW) તથા દાણીલીમડા પોલીસ સ્ટેશનના સંયુક્ત ઉપક્રમે દસ દિવસીય વિશેષ જાગૃતિ અભિયાન અંતર્ગત ભારત હાયર સેકન્ડરી સ્કૂલમાં વિદ્યાર્થીઓ માટે સાયબર સુરક્ષા અંગે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન જેન્ડર સ્પેશિયલિસ્ટ શ્રી જીતેશ સોલંકીએ વિદ્યાર્થીઓને ઈન્ટરનેટના સલામત ઉપયોગ, સોશિયલ મીડિયા પર સાવચેતી, વ્યક્તિગત માહિતીની સુરક્ષા, સાયબર ગુનાઓથી બચવાના ઉપાયો તથા જરૂરી કાનૂની જોગવાઈઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં, ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનના કાઉન્સેલરે વિદ્યાર્થીઓને ૧૮૧ યોજનાની કામગીરી તથા તેની સેવાઓ અંગે સમજ આપી હતી. કાર્યક્રમના અંતે દહેજ પ્રતિબંધક અધિકારી તથા રક્ષણ અધિકારી સુશ્રી વૃતિકા વેગડાએ વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતર, સોશિયલ મીડિયાના યોગ્ય ઉપયોગ અને ૧૧૨ હેલ્પલાઈન વિશે માહિતી આપી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. તમારી આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. પારિવારિક મોરચે સ્વસ્થતા જણાય છે અને તમારી યોજનાઓમાં તેમના સંપૂર્ણ સહકારની અપેક્ષા રાખી શકો છો. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. તમારા મિત્રો તથા સંબંધીઓને તમારી આર્થિક બાબતોનું સંચાલન ન સોંપતા, નહીંતર તમારૂં બજૅટ વેરવિખેર થઈ જશે. આજે તમારા પ્રિયપાત્ર અથવા જીવનસાથી સાથે સારો સંવાદ અથવા તેમના તરફથી સારો સંદેશ આજે તમારૂં મનોબળ વધારશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે વ્યસ્તતા છતાં તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરા પક્ષથી ધન લાભ થવા ની શક્યતા છે. આજે તમારી ધીરજ ખૂબ જ મર્યાદિત હશે-પણ ધ્યાન રાખજો કેમ કે કઠોર અથવા અસંતુલિત શબ્દો તમારી આસપાસના લોકોને નાખુશ કરી શકે છે. પ્રેમી ને આજે તમારી કંઈક વાત ખોટી લાગી શકે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન લોકો નું ધ્યાન આકર્ષિત કરશે. આ રાશિ ના વેપારીઓ ને આજે પોતાના ઘર ના તે સભ્યો થી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે પણ પાછા નથી આપતા? ઘરમાં કેટલાક ફેરફારો તમને ખાસ્સા સંવેદનશીલ બનાવી દેશે- પણ તેમ તમારી લાગણીઓ અસરકારક રીતે જેમનું મહત્વ છે.

**સિંહ (મ,ટ) :**

આજે જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિજૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. રોમાન્સ રોમાંચક હશે-આથી તમે જેને પ્રેમ કરો છો એવી વ્યક્તિનો સંપર્ક કરો અને દિવસને શ્રેષ્ઠ બનાવો. વ્યાવસાયમાં તમારી માસ્ટરીની કસોટી થશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે કશુંક રસપ્રદ વાચી માનસિક વ્યાયામ કરો. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. તમારા મગજને સમસ્યાઓથી દૂર રાખો અને ઘરમાં તથા તમારા મિત્રો વચ્ચે તમારી સ્થિતિ સુધારવા પર ધ્યાન આપો. તમારા પ્રિયપાત્રને કશું કઠોર ન કહેવાનો પ્રયાસ કરજો-અન્યથા તમારે પછીથી પસ્તાવું પડશે.

**તુલા (ર,ત) :**

આજે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. ઘરના સુશોભીકરણની સાથે બાળકોની જરૂરિયાતોનું પણ ધ્યાન રાખજો. સુવ્યવસ્થિત હોવા છતાં બાળકો વિનાનું ઘર આત્મા વિનાનું લાગે છે. બાળકો ઘરની ખુશીમાં ચાર ચાંદ લગાડે છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે પત્ની કદાચ તમારો ઉત્સાહ વધારશે. આજના દિવસે તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. વ્યાજબી રહેવાનો પ્રયાસ કરજો ખાસ કરીને એવા લોકો સાથે જેઓ તમને પ્રેમ કરે છે અને તમારી દરકાર કરે છે. આજે મિત્રતામાં ભંગ પડવાની પૂરેપૂરી શક્યતા હોવાથી ચોકસાઈ રાખો. કામના સ્થળે તમારી ભૂલોનો એકરાર તમારી તરફેણમાં જશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તાણની અવગણના કરતા નહીં. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. તમારા જુસ્સાને અંકુશમાં રાખો તેને કારણે તમારા પ્રેમ પ્રકરણમાં તકલીફ સર્જાઈ શકે છે.

**મકર (ખ,જ) :**

આજે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. તમારા જીવનસાથીની તબિયત તાણ તથા બેચેનીનું કારણ બની શકે છે. અણધાર્યો રૉમેન્ટિક ઝુકાવ સાંજના સમયે તમારા મગજને ઘેરી વળશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ છે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. તમારા સમસ્ત પરિવાર માટે સમૃદ્ધિ લાવે તેવા પ્રૉજેક્ટની તમારે પસંદગી કરવી જોઈએ. આજે પ્રેમના અતિઆનંદમાં તમારાં સપનાં અને વાસ્તવિકતા એકમેકમાં ભળી જશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે મુશ્કેલીઓ પર નિવાસ કરવાની તથા તેને એનેકગણી વધારવાની તમારી ટેવ તમારા નૈતિક તંતુને નબળો પાડી શકે છે. જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિજૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો. જેઓ સંવેદનશીલ પુનરાશ્વાસન શોધી રહ્યા છે તેમની મદદે તેમના વડીલો આવશે.

## ન્યૂઝ બ્રિફ

### SCએ ભારત-પાકિસ્તાન મેચ રદ કરવાની માંગ કરતી અરજી ફગાવી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

સુપ્રીમ કોર્ટે ૧૪ સપ્ટેમ્બરના રોજ યોજાનારી ભારત-પાકિસ્તાન ટી૨૦ મેચ રદ કરવા મામલે સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, મેચ થવા દો, અમે તેને રોકીશું નહીં. એલએલબીના ચાર વિદ્યાર્થી દ્વારા પહલગામ આતંકી હુમલા સહિત અન્ય ઘટનાઓનો હવાલો આપતાં પાકિસ્તાન સાથે યોજાનારી મેચ રોકવા અપીલ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે આ અપીલ પર તાત્કાલિક સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો. ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૪ સપ્ટેમ્બરના રોજ દુબઈમાં એશિયા કપની ટી૨૦ મેચ યોજાવાની છે. જસ્ટિસ જેકે મહેશ્વરી અને જસ્ટિસ વિજય બિશ્નોઈની બેન્ચ સમક્ષ આ મામલે અરજી થઈ હતી કે, રવિવારે મેચ યોજાવાની છે, આથી અપીલને શુક્રવારે લિસ્ટ કરવામાં આવે. આ અંગે કોર્ટે કહ્યું કે, અમે રોક મૂકીશું નહીં, મેચ થવા દો. વકીલે ફરીથી સુપ્રીમ કોર્ટ સમક્ષ આ મામલે તાત્કાલિક સુનાવણી કરવાની માગ કરી હતી, પરંતુ કોર્ટે તેનો ઈનકાર કર્યો હતો. ઉર્વશી જૈનના નેતૃત્વ હેઠળ લૉના ચાર વિદ્યાર્થીઓએ અરજી કરી હતી કે, પહલગામ આતંકી હુમલો અને ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાન સાથે ક્રિકેટ મેચ રમવી રાષ્ટ્રીય ગરીમા અને જન લાગણીને દુભાવે છે. ૨૦૨૫ એશિયા કપ માટે ૧૪ સપ્ટેમ્બરના રોજ દુબઈ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમમાં ભારત અને પાકિસ્તાનની ટીમ આમને-સામને થશે. અપીલમાં કહ્યું હતું કે, દેશો વચ્ચે ક્રિકેટ સદભાવના અને મિત્રતા માટે રમાતી હોય છે.

### CRPFએ રાહુલ ગાંધીના અનિશ્ચિત વિદેશ પ્રવાસ સામે વાંધો ઊઠાવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) એ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના અનિશ્ચિત વિદેશ પ્રવાસો સામે વાંધો ઊઠાવ્યો છે. સુરક્ષા પ્રોટોકોલ તોડવા બદલ તેમને પત્ર લખવામાં આવ્યો છે. આ પત્ર CRPFના VVIP સુરક્ષા વડા દ્વારા જાહેર કર્યો છે અને તેની એક નકલ કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેને પણ મોકલવામાં આવી છે. આ પત્ર ૧૦મી સપ્ટેમ્બરના રોજ જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં લખવામાં આવ્યું છે કે, રાહુલ ગાંધી સતત તેમની સુરક્ષા ટીમ દ્વારા નક્કી કરાયેલા સુરક્ષા ધોરણોનું પાલન કરી રહ્યા નથી.અહેવાલો અનુસાર, વીવીઆઈપી સુરક્ષા વડાએ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીના સુરક્ષા પ્રત્યેના વલણ પર પણ સવાલ ઊઠાવ્યા છે. તેમણે પત્ર લખ્યો છે કે, રાહુલ ગાંધી સતત તેમની સુરક્ષા ટીમ દ્વારા નક્કી કરાયેલા સુરક્ષા ધોરણોનું પાલન કરી રહ્યા નથી. નોંધનીય છે કે, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને 'Z' પ્લસ શ્રેણીની સુરક્ષા આપવામાં આવી છે, જેમાં એડવાન્સ સિક્યુરિટી લાયઝન (ASL) કવર પણ શામેલ છે. આ દેશની સર્વોચ્ચ સુરક્ષા શ્રેણીઓમાંની એક છે, જેમાં મોટી સંખ્યામાં CRPF જવાનો હંમેશા સુરક્ષા માટે તહેનાત રહે છે.

#### જેલથી ભાગેલા ૩૫ કેદીઓની ધરપકડ

# નેપાળમાં અજંપાના કારણે ભારતીય સરહદો પર હાઇ એલર્ટ

### બિહાર અને પશ્ચિમ બંગાળમાં આ ફરાર કેદીઓને સરહદ પાર કરવાની કોશિશ કરતાં પકડાયા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

ભારત-નેપાળ સરહદ પર સશસ્ત્ર સીમા દળે(SSB) મોટી કાર્યવાહી કરતાં નેપાળની જેલોમાંથી ભાગી ગયેલા ૩૫ કેદીઓને પકડી પાડવામાં આવ્યા છે. આ કેદીઓ નેપાળમાં હાલમાં અશાંતિ અને હિંસા દરમિયાન વિવિધ જેલમાંથી ભાગી ગયા હતા. SSB એ ઉત્તર પ્રદેશ, બિહાર અને પશ્ચિમ બંગાળમાં આ ફરાર કેદીઓને સરહદ પાર કરવાની કોશિશ કરતાં પકડાયા હતા. અધિકારીઓનું કહેવું છે કે, સીમા પર હાઈએલર્ટ આપવામાં આવી છે અને પકડાયેલા કેદીઓની સંખ્યા હજુ વધી શકે છે. નેપાળમાં બગડેલી પરિસ્થિતિ વચ્ચે ભારતે તેની સરહદ વધુ મજબૂત કરી લીધી છે, જેથી કરીને કોઈ આરોપી ભારતીય સીમામાં પ્રવેશી ન થઈ શકે. નેપાળમાં તાજેતરના 'Gen Z'ના હિંસક વિરોધ પ્રદર્શનોના કારણે પરિસ્થિતિ ગંભીર બની છે. આ વિરોધ પ્રદર્શનો વચ્ચે નેપાળના ૭૭ જિલ્લાઓની જેલોમાંથી હજારો



કેદીઓ ભાગી ગયા છે. નેપાળના વડાપ્રધાન કેપી શર્મા ઓલીએ રાજીનામું આપવું પડ્યું, જેના પછી ત્યાંની કાયદા-વ્યવસ્થાની સ્થિતિ અત્યંત બગડી ગઈ છે. નેપાળ આર્મીને જેલોની આસપાસ તહેનાત કરી દેવામાં આવી છે, પરંતુ પરિસ્થિતિ હજુ પણ તણાવ પૂર્ણ છે. આ દરમિયાન ભારત દ્વારા SSBએ પોતાની જવાબદારી સંતોષકારક રીતે નીભાવીને ભાગી ગયેલા કેદીઓને ભારતમાં ઘૂસે તે પહેલા જ પકડી પાડ્યા છે. SSB એ ઉત્તર પ્રદેશમાં ૨૨, બિહારમાં ૧૦ અને પશ્ચિમ બંગાળમાં ત્રણ કેદીઓને પકડ્યા હતા. આ બધા કેદીઓ કોઈ પણ દસ્તાવેજો વિના ભારતમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. SSB એ સરહદ પર સતર્કતા વધારી દીધી અને આવતા-જતાં દરેક વ્યક્તિની કડક તપાસ શરુ કરી દીધી છે. ગુપ્ત માહિતી અને પેટ્રોલિંગ વધુ તીવ્ર કરવામાં આવી છે, જેથી કોઈ ભાગી ગયેલો કેદી ભારતીય સરહદમાં પ્રવેશી ન શકે. બુધવારે, ઉત્તર પ્રદેશના સિદ્ધાર્થનગર જિલ્લામાં વધુ પાંચ કેદીઓ પકડાયા હતા, જેઓ નેપાળથી ભાગીને ભારતમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. પકડાયેલા તમામ કેદીઓને સ્થાનિક પોલીસને સોંપવામાં આવ્યા છે, જ્યાં તેમની ઓળખ અને ગુનાઓની તપાસ કરવામાં આવી રહી છે. SSBના એક અધિકારીએ જણાવ્યું હતું કે, નેપાળમાં 'Gen Z' આંદોલને હિંસક સ્વરુપ ધારણ કર્યું છે. જેના કારણે ત્યાંની જેલોમાં ભાગવું સરળ બન્યું હતું. સુરક્ષા કર્મચારીઓને ધમકી આપીને કેદીઓ જેલમાંથી ભાગી જવામાં સફળ રહ્યા. પરંતુ ભારતની સતર્કતાએ આ ગુનેગારોના પ્લાનને નિષ્ફળ બનાવ્યા.

#### AAP સાંસદ સંજય સિંહ હાઉસ એરેસ્ટ

## સંજય સિંહ હાઉસ ગેટ ઉપર ચઢીને ફારુક અબ્દુલ્લાને મળ્યા

। (એજન્સી) શ્રીનગર, તા.૧૨ ।

જમ્મુ અને કાશ્મીરના ડોડાથી આમ આદમી પાર્ટી (AAP) ના ધારાસભ્ય મેહરાજ મલિકની અટકાયત સામે પાર્ટી આક્રમક બની છે. AAP ના રાજ્યસભા સાંસદ સંજય સિંહ એકતા દર્શાવવા શ્રીનગર પહોંચ્યા છે. આ દરમિયાન, AAP એ દાવો કર્યો છે કે સંજય સિંહને જમ્મુ અને કાશ્મીરમાં નજરકેદ કરવામાં આવ્યા છે. જમ્મુ અને કાશ્મીર પોલીસે ગેટને બહારથી બંધ કરી દીધો. આ પછી, નેશનલ કોન્ફરન્સના વડા અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી ફારુક અબ્દુલ્લા તેમને મળવા પહોંચ્યા. અહીં સંજય સિંહ ગેટ પર ચઢી ગયા અને અબ્દુલ્લા સાથે વાત કરી. સંજય સિંહે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, "ખૂબ જ દુઃખદ છે કે ડૉ. ફારુક અબ્દુલ્લા, જે ઘણી વખત જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી રહ્યા છે, પોલીસ દ્વારા મારી નજરકેદના સમાચાર મળ્યા પછી સરકારી મહેમાન તરીકે મને મળવા આવ્યા, પરંતુ તેમને મને મળવા દેવામાં આવ્યા નહીં. જો આ સરમુખત્યારશાહી નથી, તો શું છે?" લગભગ એક વાગ્યાની આસપાસ, પાર્ટીએ કહ્યું કે સંજય સિંહ થોડીવારમાં મેહરાજ મલિકની ધરપકડ અંગે પ્રેસ કોન્ફરન્સ કરવાના હતા. આ પહેલા, તેમને નજરકેદ કરવામાં આવ્યા હતા. દિલ્હીના AAP



ધારાસભ્ય ઈમરાન હુસૈનને પણ સંજય સાથે નજરકેદ કરવામાં આવ્યા છે. સંજય સિંહે કહ્યું, "તાનાશાહી ચરમસીમાએ છે, હું અત્યારે શ્રીનગરમાં છું. લોકશાહીમાં, આપણા અધિકારો માટે અવાજ ઉઠાવવો અને વિરોધ કરવો એ આપણો બંધારણીય અધિકાર છે. આજે શ્રીનગરમાં મેહરાજ મલિકની ગેરકાયદેસર ધરપકડ સામે પ્રેસ કોન્ફરન્સ અને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું, પરંતુ સરકારી ગેસ્ટ હાઉસને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યું છે. મને, ઈમરાન હુસૈન અને મારા સાથીદારોને ગેસ્ટ હાઉસમાંથી બહાર આવવાની મંજૂરી નથી." AAPના જમ્મુ અને કાશ્મીર એકમના પ્રમુખ મલિકને સોમવારે (૮ સપ્ટેમ્બર) ડોડા જિલ્લામાં જાહેર વ્યવસ્થાને ખલેલ પહોંચાડવાના આરોપસર કડક PSA કાયદા હેઠળ અટકાયતમાં લેવામાં આવ્યા હતા અને બાદમાં તેમને કઠુઆ જિલ્લા જેલમાં મોકલવામાં આવ્યા હતા.

#### પોલીસે લાઈટ બંધ કરી ધબધબાવી નાખ્યા, એકનું મોત

## ભાજપના કાર્યકર્તાઓ પોલીસ સ્ટેશનમાં ધરણાં પર બેઠાં હતા

। (એજન્સી) ગાઝીપુર, તા.૧૨ ।

ઉત્તર પ્રદેશના ગાઝીપુર જિલ્લાના નોનહરા વિસ્તારમાં પોલીસના લાઠીચાર્જ દરમિયાન ઘાયલ થયેલા ભાજપના કાર્યકર્તા સિયારામ ઉપાધ્યાયનું ગુરુવારે મોત થઈ ગયું. આ ઘટનાએ સ્થાનિક ગ્રામીણો અને ભાજપ કાર્યકર્તાઓમાં ગુસ્સાની લહેર ફેલાઈ ગઈ છે. મૃતકના પરિવાર અને સમર્થકોએ દોષિત પોલીસકર્મીઓ વિરુદ્ધ હત્યાનો કેસ ચલાવવા અને કડક કાર્યવાહીની માગ કરી છે. ૯ સપ્ટેમ્બરની રાતે નોનહરા વિસ્તારમાં ભાજપના કાર્યકર્તા પોતાની વિવિધ માગણીને લઈને શાંતિપૂર્ણ રીતે ધરણાં કરી રહ્યા હતા. આરોપ છે કે અડધી રાતે પોલીસે લાઈટ બંધ કરી દીધી અને પ્રદર્શનકારીઓ પર લાઠીચાર્જ શરુ કરી દીધો. આ દરમિયાન કેટલાય કાર્યકર્તાઓ ઘાયલ થઈ ગયા, જેમાં સિયારામ ઉપાધ્યાય પણ સામેલ હતા. સિયારામ, જે શારીરિક રીતે દિવ્યાંગ હતા, લાઠીચાર્જ દરમિયાન તે ભાગી શક્યા નહીં અને જમીન પર પડી ગયા. આરોપ છે કે પોલીસે તેમને બરાબરના માર્યા. સિયારામ જેમ તેમ કરીને પોતાના ઘરે પહોંચ્યો, જ્યાં તેની સારવાર ચાલી રહી હતી, પણ ગુરુવાર સવારે તેની હાલત ખરાબ થઈ ગઈ અને તેનું મોત થઈ ગયું. તેના મોતના સમાચાર ફેલાતા જ ગામ રુકુંદીપુરમાં ભાજપના કાર્યકર્તાઓ અને ગામ લોકોની ભીડ એકઠી થઈ. લાઠીચાર્જની ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં પોલીસકર્મીઓને પ્રદર્શનકારીઓ પર લાઠીચાર્જ કરતા જોઈ શકાય છે. આ વીડિયોએ આ કેસને વધારે ગંભીર બનાવી દીધો છે. સ્થાનિક લોકો અને ભાજપ કાર્યકર્તા તેને પોલીસની બર્બરતાનો પૂરાવો માની રહ્યા છે. ગાઝીપુરના પોલીસ અધ્યક્ષ ઈરજ રાજાએ આ મામલે સ્પષ્ટતા આપી છે. તેમનું કહેવું છે કે ૯ સપ્ટેમ્બરના રોજ બે પક્ષોની વચ્ચે વિવાદ બાદ એક પક્ષના લોકો પોલીસ સ્ટેશનમાં ધરણા પર બેસી ગયા હતા.

#### રાજસ્થાન અને દિલ્હીમાં હળવો વરસાદ પડી શકે

## ઘણા રાજ્યોમાં ૧૫ અને ૧૬ના રોજ ભારે વરસાદની ચેતવણી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

આ ચોમાસાની ઋતુમાં દેશભરમાં ઘણો સારો વરસાદ વરસ્યો છે. ચોમાસાની એન્ટ્રી પછી છેલ્લા બે મહિનામાં દેશભરમાં ચોમાસાએ ભારે વરસાદ વરસાવ્યો છે. ઘણા રાજ્યોમાં ભારે વરસાદને કારણે નદીઓ, તળાવો અને ડેમો સંપૂર્ણપણે ભરાઈ ગયા છે. જોકે, ચોમાસાની અસર હજુ પૂરી થઈ નથી અને ઘણા રાજ્યોમાં હજુ પણ સમયાંતરે વરસાદ પડી રહ્યો છે. ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, ચોમાસાને કારણે દેશના ઘણા રાજ્યોમાં ૧૫ અને ૧૬ સપ્ટેમ્બરના રોજ ભારે વરસાદની



ચેતવણી આપવામાં આવી છે. ઉત્તર પશ્ચિમ ભારતમાં ચોમાસાએ પલટો લીધો છે. આવી સ્થિતિમાં, હવામાન વિભાગે ચેતવણી જારી કરી છે કે ૧૫ અને ૧૬ સપ્ટેમ્બરના રોજ રાજસ્થાન અને દિલ્હીમાં ઘણી જગ્યાએ હળવો વરસાદ પડી શકે છે. ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, પંજાબ અને હરિયાણામાં ઘણી જગ્યાએ ઝરમર વરસાદની ચેતવણી આપવામાં આવી છે. આ સમય દરમિયાન, ૩૦-૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન પણ ફૂંકાઈ શકે છે. હવામાન વિભાગના એલર્ટ મુજબ, ૧૫ અને ૧૬ સપ્ટેમ્બરના રોજ ઉત્તરપૂર્વ ભારતમાં ચોમાસુ ખૂબ જ ઝડપથી જોવા મળશે. આને કારણે, મેઘાલય, મણિપુર, મિઝોરમ, અરુણાચલ પ્રદેશ, ત્રિપુરા અને નાગાલેન્ડમાં ઘણી જગ્યાએ ગાજવીજ સાથે ભારે વરસાદ પડશે.

### ભારતે નેપાળ સરહદ બંધ કરી, મૈત્રી બસ સેવા પણ સ્થગિત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

નેપાળમાં કથળી રહેલી પરિસ્થિતિની અસર ભારત-નેપાળ સરહદ પર પણ દેખાઈ રહી છે. નેપાળમાં ચાલી રહેલા સંઘર્ષ અને અશાંતિને ધ્યાનમાં રાખીને, ભારતે પોતાની સરહદ બંધ કરી દીધી છે. આથી નાગરિકોની અવરજવર સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ છે. તેમજ મૈત્રી બસ સેવા પણ બંધ કરી દેવામાં આવી છે, જેના કારણે વેપાર પણ સંપૂર્ણપણે અટકી ગયો છે. મહેન્દ્રનગરથી દિલ્હી અને દેહરાદૂન સુધી ચાલતી ભારત-નેપાળ મૈત્રી બસ સેવા મંગળવારથી બંધ કરી દેવામાં આવી છે. જેના કારણે બંને દેશોના મુસાફરોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે, કારણકે ઘણા નેપાળી લોકો ભારતમાં ફસાયા છે તો સામે ઘણા ભારતીયો પણ હાલ નેપાળમાં ફસાયેલા છે. આ બસ સેવા બંધ થવાના કારણે બંને દેશોના નાગરિકોને પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. નેપાળમાં થઈ રહેલા ભારે સંઘર્ષને જોતા એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. ભારત-નેપાળ મૈત્રી બસ સેવા બંધ કરી દેવાઈ છે. નેપાળમાં ચાલી રહેલી હિંસાની અસર હવે ભારતમાં પણ જોવા મળી રહી છે, જેના કારણે ભારત-નેપાળ સરહદને સંપૂર્ણપણે સીલ કરી દેવામાં આવી છે. મૈત્રી બસ સેવા બંધ કરવા ઉપરાંત, સરહદ પર છુપાઈને આવન-જાવન કરતા માર્ગો પર પણ સઘન દેખરેખ રાખવામાં આવી રહી છે. આ હિંસાના કારણે વેપાર-ધંધા પર પણ માઠી અસર પડી છે અને ઘણા વેપારીઓના વ્યવસાયો સંપૂર્ણપણે ઠપ થઈ ગયા છે. આ સમયે નેપાળમાં તણાવપૂર્ણ સ્થિતિ છે. હિંસક દેખાવકારો દ્વારા નેપાળની સંસદ, રાષ્ટ્રપતિના ઘર, સુપ્રીમ કોર્ટ સહિત ઘણાં રાજકીય નેતાઓના ઘરોમાં આગચંપી કરી છે. આ ઉપરાંત દેશભરમાં અનેક સ્થળોએ હિંસા અને લૂંટફાટની ઘટનાઓ બની રહી છે. બેકાબૂ ટોળા દ્વારા કેટલાક ટોચના નેતાઓને માર માર્યાની ઘટનાઓ પણ સામે આવી છે. આ દરમિયાન નેપાળની સેના હેલિકોપ્ટર દ્વારા મંત્રીઓને સુરક્ષિત સ્થળે લઈ જઈ રહી છે.

### દેશમાં ઓક્ટોબરથી મતદારોનું વેરિફિકેશન શરૂ થવાની શક્યતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

બિહારની જેમ હવે સમગ્ર દેશમાં મતદારોનું વેરિફિકેશન કરવામાં આવશે. આ દેશવ્યાપી પ્રક્રિયાને શરૂ કરતા પહેલા ચૂંટણી પંચે તમામ રાજ્યોની સાથે ચર્ચા વિચારણા શરૂ કરી છે. સમગ્ર દેશમાં મતદારોનું વેરિફિકેશન કરવા માટેની પ્રક્રિયામાં બિહારમાં હાથ ધરાયેલા વેરિફિકેશનનો અનુભવ ઉપયોગમાં લેવાશે. એવા અહેવાલો છે કે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના અધિકારીઓ સાથેની બેઠકમાં દેશવ્યાપી પ્રક્રિયા માટે સંમતિ બની છે. બિહાર વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થાય તે પહેલા જ દેશવ્યાપી એસઆઈઆર (મતદાર વેરિફિકેશન)ની જાહેરાત કરવામા આવી શકે છે. જોકે આ પ્રક્રિયા ક્યારથી શરૂ કરવામાં આવશે તે અંગે કોઈ ચોક્કસ તારીખ નક્કી કરવામાં આવી નથી. અંતિમ તારીખ ત્યારે જ નક્કી થઈ શકે જ્યારે તમામ રાજ્યોના સીઈઓ પોતાનો રિપોર્ટ ચૂંટણી પંચને સોંપશે. ચૂંટણી પંચનો એવો દાવો છે કે આ સમગ્ર પ્રક્રિયાથી મતદારોની યાદી અપડેટ થઈ જશે સાથે જ પારદર્શિતા અને ચૂંટણી પ્રક્રિયા પ્રત્યે લોકોનો વિશ્વાસ વધુ મજબૂત થશે. બિહારમાં મતદારોનું વેરિફિકેશન કરવામાં આવ્યું તેમાં ૬૫ લાખ જેટલા મતદારોનો નવા ડ્રાફ્ટમાં સમાવેશ નથી થયો, જોકે તેમને પોતાનો જવાબ રજુ કરવાની તક આપવામાં આવી છે. જોકે બિહારની પ્રક્રિયામાં આધાર કાર્ડનો સમાવેશ કરવા સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હતો, જેને પગલે હવે ચૂંટણી પંચે આધાર કાર્ડને ૧૨માં દસ્તાવેજ તરીકે સ્વીકારવા રાજ્યના તમામ ચૂંટણી અધિકારીઓને આદેશ આપ્યો હતો. સાથે એવી સ્પષ્ટતા પણ કરી છે કે આધાર કાર્ડ ઓળખનો પુરાવો ગણાશે નાગરિકતાનો નહીં. સુપ્રીમ કોર્ટે પણ પોતાના આદેશમાં આ સ્પષ્ટતા કરી હતી. બીજી તરફ સમગ્ર દેશમાં બિહારની જેમ મતદારોનું વેરિફિકેશન કરવાની પ્રક્રિયા ક્યારે શરૂ થશે તેને લઈને કોઈ તારીખ જાહેર કરવામાં નથી આવી પરંતુ એવા અહેવાલો છે કે આ પ્રક્રિયા ઓક્ટોબર મહિનાથી શરૂ કરવામાં આવી શકે છે. એવા અહેવાલો છે કે ચૂંટણી પંચે તમામ રાજ્યોના સીઈઓને કહ્યું છે કે તેઓ ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં તમામ દસ્તાવેજી કાર્યવાહી અને અન્ય તૈયારીઓ પૂર્ણ કરી લે. મોટાભાગના રાજ્યોએ પણ આ અંગે સંમતિ દર્શાવી હોવાના અહેવાલો છે. એવા અહેવાલો છે કે ચૂંટણી પંચે તમામ રાજ્યોના સીઈઓને કહ્યું છે કે તેઓ ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં તમામ દસ્તાવેજી કાર્યવાહી અને અન્ય તૈયારીઓ પૂર્ણ કરી લે. મોટાભાગના રાજ્યોએ પણ આ અંગે સંમતિ દર્શાવી હોવાના અહેવાલો છે.

## વિશેષ

#### આ જાહેરનામું તા. ૨૯/૦૮/૨૦૨૫ના રાત્રી કલાક ૦૦/૦૦થી તા. ૨૭/૧૦/૨૦૨૫ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે

# ઔદ્યોગિક કંપનીમાં કર્મચારીઓની સુરક્ષા તથા ગુનાહિત પ્રવૃત્તિઓ પર નિયંત્રણ રાખવા અંગેની સંપૂર્ણ વિગતો નોંધવાની જવાબદારી રોજગારી આપનાર સંસ્થાના માલીકોએ નિયમિતપણે નિભાવવા અંગેનું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીનું જાહેરનામું

। (માહિતી) ગાંધીનગર ।

આમુખ- (૧) ના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૨૦/૦૮/૨૦૨૫ના પત્રથી જણાવ્યા મુજબ અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં ઔદ્યોગિક કારખાનાઓ અને તેમાં કાર્યરત કંપનીઓના કર્મચારીઓની સુરક્ષા વ્યવસ્થાની દૃષ્ટિએ તથા ગુનાહિત પ્રવૃત્તિઓ પર નિયંત્રણ રાખવા માટે, અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં આવેલ તમામ ઔદ્યોગિક એકમો બાંધકામ કાર્યો તથા અન્ય કારખાનાઓમાં કામ કરતા કર્મચારીઓ જેઓને રોજગારી આપતી વખતે રોજગારી આપનાર સંસ્થા/એકમો તરફથી શ્રમિકો/કામદારોનો કોઈ પૂર્વ ઈતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટેની પ્રક્રિયા અનુસરવામાં આવતી નથી. જેના કારણે અસામાજિક તત્વો ગુનાહિત ઈતિહાસ ધરાવતી વ્યકિતઓ અને ભારતીય નાગરિકતા નહી ધરાવતી વ્યકિતઓને રોજગારી આપી દેવામાં આવે છે. જે દેશ/રાજયની આંતરિક સુરક્ષા માટે અનિચ્છનિય હોય તે ઈસમોને લાવનાર કોન્ટ્રાકટરો/મુકાદમો/હોટલ- ધાબા/રેસ્ટોરન્ટ/ફેકટરી/કારખાના માલિકી ઉપર ચોકકસ પ્રકારનાં નિયંત્રણો મૂકી શકાય તેમજ તે ક્ષેત્રે જોડાયેલા સુપરવાઈઝરો તથા કોન્ટ્રાક્ટરો તેમજ કંપનીઓ દ્વારા નીચે મુજબની માહિતી નજીકના પોલીસ સ્ટેશનમાં ફરજિયાત નોંધણી કરાવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરબા દરખાસ્ત કરવામાં આવેલ છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩થી મને મળેલ અધિકારની રૂઈએ તા. ૨૨/૦૮/૨૦૨૫ થી તા. ૨૦/૧૦/૨૦૨૫ સુધી કુલ દિન ૬૦ ના સમયગાળા માટે અથવા કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી નીચે મુજબની વ્યવસ્થાનું પાલન કરવા જણાવું છું.

(૧) કોઈપણ સંસ્થા/એકમ તરફથી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનાર તમાનના નામ, સરનામાં/સંપર્ક નંબર સાથેનું સુવાચ્ય રજીસ્ટર તથા રજીસ્ટરમાં પુરૂષ શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારનો ડાબા હાથનો અંગુઠો અને સ્ત્રી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારનો જમણા હાથના અંગુઠાના નિશાન સાથેનું રજીસ્ટર રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમે નિયમીતપણે નિભાવવાનું રહેશે.

(૨) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારની સંપૂર્ણ ઓળખ, નામ, સરનામું ટેલીફોન/મોબાઈલ નંબર તેમજ તેઓના પરિચિત સગા, સબંધીઓના નામ /સરનામા અને ટેલીફોન/મોબાઈલ નંબરની સંપૂર્ણ સુવાચ્ય વિગતો પણ રજીસ્ટરમાં નોંધવાની જવાબદારી જે તે રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમના માલીકોએ નિયમિતપણે નિભાવવાની રહેશે.

(૩) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારના ઓળખકાર્ડ (ચુંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાડ) વિગેરેની ફોટો કોપી જે તે સંસ્થા એકમ ખાતે સુરક્ષિત રાખવાની રહેશે.

(૪) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારના રજીસ્ટર વ્યવસ્થિત બનાવી, તમામની ફોટો ઓળખકાડા ચુંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) સહિતની યાદી રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમે સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે અચુક આપવાની રહેશે.

(૫) કામે રાખેલ શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનાર પૈકી છુટા થાય તો તેની વિગત તથા નવા ઉમેરાયેલા નામોની યાદી ફોટો ઓળખકાર્ડ (ચુંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) સહિત તુરંત જ મદદનીશ શ્રમ આયુકતશ્રી, અમદાવાદ ગ્રામ્યને તથા જે તે વિસ્તારના નજીકના પોલીસ સ્ટેશનને પૂરું પાડવાની રહેરશે.

(૬) કોઈપણ લેબર કોન્ટ્રાક્ટરો નોંધણી કરાવ્યા સિવાય ઔદ્યોગિક એકમોને શ્રમિકો/કામદારો/રોજગારી પુરા પાડી શકશે નહી, તેવી જ રીતે ઔદ્યોગિક એકમ પણ નોંધણી સિવાયના લેબર કોન્ટ્રાક્ટરોથી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવી શકશે નહી.

આ જાહેરનામું તા. ૨૯/૦૮/૨૦૨૫ના રાત્રી કલાક ૦૦/૦૦થી તા. ૨૭/૧૦/૨૦૨૫ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ હેડ કોન્સ્ટેબલથી નાયબ પોલીસ અધિક્ષકશ્રીનાં સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ - ૨૨૩ મુજબ ફરિયાદ કરવા માટે અધિકુત કરવામા આવે છે.

# સરળીકરણથી સુવિધા, સમસ્યાનું નિરાકરણ એટલે "પ્રેસ સેવા પોર્ટલ" - શ્રી કે. કે. નિરાલા, સંયુક્ત સચિવ, માહિતી અને પ્રસારણ મંત્રાલય

## અખબારોના પ્રકાશકોનું આધુનિક ઉપકરણોથી સશક્તીકરણ : PRGI દ્વારા "પ્રેસ સેવા પોર્ટલ" પર વિશેષ વર્કશોપનું આયોજન

। રાજપીપળા, તા.૧૨ ।

પ્રેસ રજિસ્ટ્રાર જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, ગુજરાત અને માહિતી વિભાગ, ગુજરાતના સહયોગથી અમદાવાદ ખાતે અખબારોના પ્રકાશકો માટે "પ્રેસ સેવા પોર્ટલ" પર ખાસ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યભરમાંથી પ્રકાશિત થતાં અખબારો, સામયિકો વગેરેના માલિકો/પ્રકાશકો જોડાયા હતા. પ્રેસ સેવા પોર્ટલ વર્કશોપમાં માહિતી અને પ્રસારણ મંત્રાલયના સંયુક્ત સચિવ શ્રી કે. કે. નિરાલા, પીઆઈબીના અપર મહાનિદેશક શ્રી પ્રશાંત પાઠરાબે, પીઆરજીઆઈના અપર મહાનિદેશક શ્રી ધીરજ કાકડીયા તેમજ શ્રી કે. એલ. બચાણી, માહિતી નિયામક, રાજ્ય માહિતી વિભાગ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે માહિતી અને પ્રસારણ મંત્રાલયના સંયુક્ત સચિવ શ્રી કે. કે. નિરાલાએ કહ્યું હતું કે મંત્રાલય તરફથી એક સૂચન છે કે ભારતભરમાં, દરેક જિલ્લા, તાલુકા, રાજ્ય સ્તરે, બધા પ્રકાશકો આ રજિસ્ટ્રેશન પ્રક્રિયામાં સામેલ થાય, વધુ માહિતી મેળવે અને જયારે નવા પ્રકાશકો આવે તેમને માર્ગદર્શન મળે. તેમણે આ વર્કશોપની પ્રાસંગિકતા વર્ણવતા જણાવ્યું હતું કે, જયારે મંત્રાલયમાં ફરિયાદ આવે છે અથવા કોઈ અરજદાર સીધો સંપર્ક કરે છે, ત્યારે મને હંમેશાં આશ્ચર્ય થાય છે કે આટલી સરળ પ્રક્રિયા હોવા છતાં પણ ફીડબેક કેમ આવે છે? એથી સ્પષ્ટ થાય છે કે કદાચ ક્યાંક કોઈ ખોટ છે અને એ ખોટ પૂરતી સમજદારીના અભાવે થાય છે. એ ખોટ પૂરી કરવી આપણા બધાની જવાબદારી છે. શ્રી નિરાલાએ પ્રકાશકોને અનુરોધ કર્યો હતો કે તેઓ પોતાની અરજી કે પ્રશ્નો અંગે PRGI સાથે સીધો સંપર્ક કરે અને તકનિકી સહાયતા માટે ઉપલબ્ધ પ્રેઝન્ટેશન અને વીડિયો ક્લિપ્સનો ઉપયોગ કરે. તેમણે તમામ નવા તથા હાલના પ્રકાશકોને વર્કશોપમાં જોડાવા અને સરકાર દ્વારા અપાતી સેવાઓનો પુરેપુરો લાભ લેવા માટે અપીલ કરી હતી. પીઆઈબીના અપર મહાનિદેશક શ્રી પ્રશાંત પાઠરાબેએ વર્કશોપનું ઉદ્ઘાટન કરતા કહ્યું હતું કે, આ વર્કશોપનો ભાગ હોવો એ મારા માટે સૌભાગ્યની વાત છે. તેમણે મીડિયાની ભૂમિકા પર ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે, મીડિયા જનમતનો આવાજ છે. નાગરિકો સુધી તમામ જાણકારી પહોંચાડવામાં મીડિયાની અગત્યની ભૂમિકા છે. એટલા માટે જ આ સંદર્ભમાં પીઆરજીઆઈની મુખ્ય ભૂમિકા જવાબદારીની છે. પ્રકાશકો માટે નિયામક પ્રક્રિયાઓ સરળ બનાવવી અને તેમને આધુનિક ઉપકરણોથી સશક્ત બનાવવા અને પ્રકાશકોને પીઆરજીઆઈ સાથે જોડવાનો છે. તેમણે કહ્યું હતું કે આ વર્કશોપમાં ઉપસ્થિત તમામ પ્રકાશકો આ તકનો લાભ ઉઠાવે અને તમામ પ્રક્રિયાઓની ઉંડાણપૂર્વક માહિતી મેળવે, જેથી ભવિષ્યમાં પ્રકાશનને લઈને કોઈ અડચણ કે મુશ્કેલી આવે તો તેનો ઝડપી નિકાલ કરી શકાય. વર્કશોપમાં ઓનલાઈન જોડાવા બદલ શ્રી પાઠરાબેએ તમામ જિલ્લા કલેક્ટરોનો પણ આભાર માન્યો હતો. વર્કશોપમાં સંસ્કૃત શ્લોકનો સંદર્ભ આપતા માહિતી નિયામક શ્રી કે. એલ. બચાણીએ કહ્યું હતું કે, પરમ કૃપાળુ પરમાત્મા ચારે દિશાઓમાંથી ઉત્તમ વિચાર અમારી તરફ વહેતા કરે, આવો જ કોઈ વિચાર હશે જેથી આ વર્કશોપ અહીં યોજાઈ રહ્યો છે. જેને પણ આ વિચાર આવ્યો હોય એ એટલા માટે અગત્યનો છે કે આ કાયદો ૨૦૨૩માં બન્યા પછી ઓરિએન્ટેશન માટે આયોજનનો વિચાર હતો અને નક્કી એવું થયું કે અલગ અલગ ચાર ઝોનમાં આવા વર્કશોપ રાખવામાં આવે. એમાં ગુજરાત એક એક્સેપ્શન બન્યું અને ગુજરાત માટે "એક જ સ્ટેટ માટે ડેડીકેટેડ" કદાચ આ પહેલો સેમિનાર યોજાઈ રહ્યો છે.




# મામાનું અપહરણ કરીને ૫૩ લાખ લૂંટી લેનાર ભાણો નીકળ્યો

## રામોલમાંથી જમીન દલાલના અપહરણ અને લૂંટ કેસમાં આરોપી ભાણિયા સહિત ૬ આરોપીઓની ધરપકડ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદના રામોલમાંથી જમીન દલાલના અપહરણ અને લૂંટ કેસમાં આરોપી ભાણિયા સહિત ૬ આરોપીઓની રાજસ્થાનમાંથી રામોલ પોલીસે ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદના રામોલના વસ્ત્રાલમાંથી એક જમીન દલાલનું અપહરણ કરીને લૂંટના ગુનાને અંજામ આપવામાં આવ્યો હતો. જે અંગે રામોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. ત્યારે રામોલ પોલીસે સમગ્ર મામલે ભાણેજ સહિત છ આરોપીની ધરપકડ કરી તમામ મુદામાલ કબજે કર્યો છે. જો સમગ્ર બનાવની વાત કરવીએ તો, ભાણાએ મામાના અપહરણ અને લૂંટના પ્લાન માટે ઈનોવા લીધી અને ગુનાને અંજામ આપ્યો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. મામાનું અપહરણ કરીને સોના ચાંદીના દાગીના સહિત કુલ ૫૩ લાખ લૂંટી લેનાર ભાણો જ હતો.

વટવામાં રહેતા અને જમીન દલાલીનું કામકાજ કરતા શખ્સનું અપહરણ કરીને રોકડા રૂપિયા અને સોના ચાંદીના દાગીના સહિત કુલ રૂ.૫૩ લાખની લૂંટ ચલાવીને મામાનું અપહરણ કરનારા ભાણેજ સહિત ૬ આરોપીને રામોલ પોલીસે રાજસ્થાન પોલીસની મદદ લઈને ઝડપી પાડ્યો છે. તમામ ૬ આરોપી ઓને રાજસ્થાનના કોટા શહેરમાંથી ઝડપી લેવાયા છે. તેમજ લૂંટમાં ગયેલા ૧૦૦ ટકા મુદામાલ રીકવર કરીને અપહરણ વિથ લૂંટના ગુનાનો ભેદ ઉકેલી નાંખ્યો છે. જમીન દલાલ મામા પાસે અઢળક રૂપિયા આવ્યા હોવાની જાણકારી મળતા ભાણા રિશીએ તેના મિત્રો સાથે મળીને જમીન દલાલીનું કામકાજ કરતા મામાનું અપહરણ કરવા માટેની સોપારી વસ્ત્રાલના રીઢા ગુનેગાર સંગ્રામસિંગ સીકરવારને આપી હતી. સંગ્રામસિંગ લૂંટ વિથ અપહરણનો પ્લાન ઘડી નાખ્યો હતો. ગુનાને અંજામ આપવા માટે થઈને આરોપીઓએ ભાડેથી ઈનોવા ગાડી ખરીદી અને બાદમાં જમીન દલાલનું રામોલથી અપહરણ કરીને નાના ચિલોડા ખાતે લાવ્યા હતા. ત્યારબાદ ઘરે ફોન કરાવીને રોકડા રૂપિયા ૨૬ લાખ અને ૨૫ લાખના દાગીના મંગાવ્યા હતા. અને દોઢ કિલો ચાંદી આવી ગયા બાદ આરોપીઓએ જમીન દલાલને છોડી મુક્યો હતો. આ અંગે ૧૧૨ ઈમરજન્સીમાં ફોન કરતા રામોલ પોલીસ એક્ટિવ થઈ અને ફરિયાદ નોંધીને જુદી-જુદી ટીમો તપાસ અર્થે રવાના કરવામાં આવી હતી. અપહરણકર્તાઓની ચુંગલમાંથી છુટેલા જમીન દલાલે ગાડીનો નંબર પોલીસને આપ્યો હતો. તેના આધારે તપાસ કરતા પોલીસ ગાડીના માલિક સુધી પહોંચી, તો જાણવા મળ્યું કે ગાડી તો ભાડેથી આપવામાં આવી છે. બાદમાં પોલીસે ગાડી માલિક પાસેથી ગાડી ભાડે લેનારની વિગતો મેળવીને ટેકનીકલ સર્વેલન્સ અને લોકેશન જોતા રાજસ્થાનના કોટા શહેરનું આવ્યું હતું.



# નર્મદા નદીમાંથી બે અલગ અલગ સ્થળોએ બિનવારસી મૃતદેહ મળી આવ્યા

। (એજન્સી) અંકલેશ્વર, તા.૧૨ ।

ભરૂચ જિલ્લામાં છેલ્લા બે દિવસ દરમિયાન નર્મદા નદીમાંથી બે અલગ અલગ સ્થળોએ બિનવારસી મૃતદેહો મળી આવતા ચકચાર મચી છે. કુકરવાડા ગામની નદી કિનારે એક અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો તો બીજા દિવસે ગોલ્ડન બ્રિજની બાજુમાં આવેલ રેલ્વે બ્રિજ પાસે નદીના પાણી ભરાયેલા ખાડામાંથી વધુ એક અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો.ગઈકાલે કુકરવાડા ગામની નદીકિનારે એક અજાણ્યા યુવકનો મૃતદેહ ગ્રામજનોએ જોયો હતો. ઘટનાની જાણ થતાં સામાજિક કાર્યકર ધર્મેશ સોલંકી પોતાની ટીમ સાથે સ્થળ પર પહોંચીને મૃતદેહને બહાર કાઢી ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા તથા પોલીસને જાણ કરી હતી. બાદમાં સોશિયલ મીડિયા પર માહિતી મુકતા, મૃતક ઝઘડિયા તાલુકાના ભાલોદ ગામનો ૨૫ વર્ષીય યુવક હોવાનું તેના પરિવારજનોએ ઓળખ આપી હતી.જ્યારે આજ રોજ ભરૂચના ગોલ્ડન બ્રિજની બાજુમાં આવેલ રેલ્વે બ્રિજ પાસે નદીના પાણી ભરાયેલા ખાડામાંથી વધુ એક અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. સ્થાનિક નાવિકોએ મૃતદેહ જોયા બાદ સામાજિક કાર્યકર ધર્મેશ સોલંકીને જાણ કરી હતી. સોલંકી તથા તેમની ટીમે મૃતદેહને બહાર કાઢી અંકલેશ્વર બી-ડિવિઝન પોલીસને જાણ કરી હતી.

# ૧૪ સપ્ટેમ્બરથી ગુજરાતમાં ફરી ભારે વરસાદની આગાહી

। (એજન્સી) અમદાવાદ તા.૧૨ ।

ગુજરાતમાં છેલ્લા ઘણાં સમયથી મૂશળધાર વરસાદ બાદ બે દિવસથી વરસાદમાં રાહત જોવા મળી રહી છે.

જોકે, આ રાહત ફક્ત થોડા સમય પૂરતી જ રહેશે. કારણ કે, હવામાન વિભાગે ૧૪થી ૧૬ સપ્ટેમ્બર સુધી રાજ્યના અમુક ભાગોમાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું છે. ૧૪ સપ્ટેમ્બર સુધી, રાજ્યમાં ક્યાંક છૂટો છવાયેલો ધીમો વરસાદ જોવા મળી શકે છે.

હવામાન વિભાગ અનુસાર, ગુજરાતના તમામ જિલ્લામાં આવતા ચાર દિવસ સુધી હળવાથી મધ્યમ છૂટો છવાયેલો વરસાદ જોવા મળી શકે છે.

૧૪ સપ્ટેમ્બર: શનિવારે સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી સહિત દમણ, દાદારા અને નગર હવેલીમાં અમુક જગ્યાએ ભારે વરસાદની સંભાવના છે. આ સિવાય રાજ્યના અન્ય જિલ્લામાં હળવો વરસાદ વરસી શકે છે. ૧૫ સપ્ટેમ્બર: રવિવારે છોટા ઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી સહિત દમણ અને દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની સંભાવના છે.

### સરકારે હેલ્પલાઇન નંબર કર્યો જાહેર

# નેપાળમાં તણાવની સ્થિતિ વચ્ચે ગુજરાતી ફસાયા

## નેપાળની રાજધાની કાઠમંડુમાં ફાટી નીકળેલા તોફાનો અને અરાજકતાની સ્થિતિને પગલે હેલ્પ લાઈન શરૂ કરાઈ

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૨ ।

નેપાળમાં વધી રહેલા હિંસક વિરોધ પ્રદર્શનો વચ્ચે, આંધ્રપ્રદેશ અને ગુજરાતની સરકારોએ ત્યાં ફસાયેલા પોતપોતાના રાજ્યોના નાગરિકોની સલામતી અને પરત ફરવાની ખાતરી કરવા માટે તાત્કાલિક પગલાં લીધાં છે. ઉલ્લેખનિય છે કે, નેપાળમાં તણાવની સ્થિતિ અને હિંસક પ્રદર્શન વચ્ચે ગુજરાતના ૩૦૦થી વધુ પ્રવાસી ફસાયા છે. નેપાળમાં ફસાયેલા ગુજરાતમાં ભાવનગરના ૪૩, સુરતના ૧૦ લોકો સહિત રાજકોટ, અરવલ્લી એમ કુલ ૩૦૦ પ્રવાસી ફસાયાનું અનુમાન છે. જો કે તમામ લોકો કાઠમંડૂની એક હોટેલમાં સુરક્ષિત છે. પરંતુ આ પ્રવાસીઓ વીડિયો બનાવી સરકારને નેપાળની ભયંકર સ્થિતિથી માહિતગાર કરતા તાત્કાલિક સુરક્ષિત વાપસી માટે મદદ માંગી છે. સરકારે મદદ માટે હેલ્પલાઈન નંબર જાહેર કર્યો છે. નેપાળની રાજધાની કાઠમંડુમાં ફાટી નીકળેલા તોફાનો અને અરાજકતાની સ્થિતિને પગલે જિલ્લા તંત્ર દ્વારા હેલ્પ લાઈન શરૂ કરાઈ છે. સુરેન્દ્રનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ત્યાં ફસાયેલા કે મુસાફરી કરી રહેલા જિલ્લાના નાગરિકો માટે તાત્કાલિક હેલ્પલાઈન નંબર જાહેર કર્યા છે. જિલ્લાના કોઈ નાગરિકો નેપાળમાં ફસાયા હોય અથવા ત્યાં પ્રવાસે હોય, તો તેમના પરિવારજનોને તાત્કાલિક નીચે દર્શાવેલા હેલ્પ લાઈન નંબર પર સંપર્ક કરવા તંત્ર દ્વારા વિનંતી કરવામાં આવી છે. આ ઉપરાંત, જો કોઈ ભારતીય નાગરિક કાઠમંડુમાં સંપર્કમાં હોય, તો તેમને પણ આ હેલ્પલાઈન નંબરની જાણ કરવા માટે અપીલ કરાઈ છે. નેપાળ સ્થિત ભારતીય એમ્બેસીના હેલ્પલાઈન નંબર +૯૭૭ - ૯૮૦ ૮૬૦ ૨૮૮૧, +૯૭૭ - ૯૮૧ ૦૩૨ ૬૧૩૪ ઉપર સંપર્ક કરવા તેમજ ભારત ખાતે રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર, ગાંધીનગર ફોન નંબર:- ૦૭૯ - ૨૩૨૫૧૯૦૦, ૦૭૯ - ૨૩૨૫૧૯૦૨, ૦૭૯ - ૨૩૨૫૧૯૧૪ અને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર, સુરેન્દ્રનગર ફોન નંબર:- ૦૨૭૫૨ - ૨૮૪૩૦૦, ૦૨૭૫૨ - ૨૮૫૩૦૦ ઉપર સંપર્ક કરવા મામલતદાર ડિઝાસ્ટર દ્વારા જણાવાયું છે.

# બાયડમાં કાર-બાઇક વચ્ચે ટક્કર: પતિ-પત્ની-પુત્રનાં મોત

। (એજન્સી) ભિલોડા, તા.૧૨ ।


બાયડ-અમદાવાદ રોડ પર આંબલિયારા ગામ નજીક કાર અને બાઈક વચ્ચે સર્જાયેલા ગંભીર અકસ્માતમાં બાઈક પર સવાર એક પરિવારના ત્રણ સભ્યોના કમકમાટીભર્યા મોત નીપજ્યાં હતા. બાઈક પર પતિ-પત્ની અને તેમનું બાળક જઈ રહ્યાં હતાં ત્યારે કાર બાઈક સાથે ટકરાઈ હતી. જેથી બાઈકચાલકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે તેમની પત્ની અને બાળકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.ઝાલોદ તાલુકાના ગાવડિયા ગામના યોગેશભાઈ લુજાભાઈ વસૈયા (ઉં.વ.૩૧) પોતાની પત્ની નિરુબેન યોગેશભાઈ (ઉં.વ. ૨૩) અને પુત્ર આરવકુમાર (ઉં.વ. ૭) બાઈક પર જઈ રહ્યા હતા. તેઓ બાયડ અમદાવાદ હાઈવે પર આંબલિયારા ગામ નજીક પહોંચ્યા ત્યારે સામેથી આવતી કાર ઓવરટેક કરવા જતાં બાઇક સાથે ટકરાઈ હતી. ટક્કર એટલી ગંભીર હતી કે, બાઈક રોડ પર સળગવા લાગી અને કાર રોડની બાજુમાં ખેતરમાં જતી રહી હતી.

### બોરીવલી એક્સ. ટ્રેનમાં મહિલા મુસાફરના હાથમાંથી ગઠિયો પર્સ ઝૂંટવી ફરાર

। ભરૂચ, તા.૧૨ ।

બોરીવલી એક્સપ્રેસ ટ્રેનમાં મહિલા મુસાફરના હાથમાંથી અજાણ્યો ગઠિયો રૂપિયા ૧.૪૮ લાખ ઉપરાંતની મત્તા ભરેલ પર્સ ઝૂંટવી ચાલુ ટ્રેનમાંથી કૂદી ફરાર થઈ જતા ફરિયાદના આધારે ભરૂચ રેલ્વે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. થાણેના રહેવાસી સોનમબેન યાદવ તા.૨૯ ઓગષ્ટના રોજ પરિવાર સાથે અમદાવાદથી મુંબઈ જવા અમદાવાદ-બોરીવલી એક્સપ્રેસ ટ્રેનના કોચ નં.એસ-૫માં મુસાફરી કરી રહ્યા હતા.

# પૂર્વ પ્રેમિકા અને તેના પતિના ત્રાસ તથા ધમકીથી કંટાળીને યુવકે મોતને વ્હાલું કર્યું



। અમદાવાદ, તા.૧૨ ।

ઘરેથી નીકળી ગયેલો યુવક બાવળાની એક હોટલમાં રોકાયો હતો અને તેના પરિવારજનો શોધવા આવતા તેણે હાથમાં બ્લેડના ઘા મારીને કોમ્પલેક્સના ધાબા પરથી ઝંપલાવીને આપઘાત કર્યો હતો. આશરે એકાદ માસ પહેલા આ બનાવને લઈને પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધ્યો હતો. જે બાદ તપાસ દરમિયાન મૃતક હોટલમાં જે રૂમમાં રોકાયો હતો ત્યાંથી કેટલાક અખબાર મળ્યા હતા. જેના પર તેની પૂર્વ પ્રેમિકા અને તેના પતિએ ત્રાસ આપ્યો હોવાનો ઉલ્લેખ કર્યો હતો. પ્રેમિકાના પતિએ ઉછીના લાખો રૂપિયા લઈને ન ચૂકવીને બંને લોકોએ મરી જવા મજબૂર કર્યો હોવાનો ઉલ્લેખ કર્યો હતો. જેથી આ મામલે બાવળા પોલીસે મૃતકની પૂર્વ પ્રેમિકા અને તેના પતિ સામે દુષ્પ્રેરણાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ખંભાતના વચલાપુરા ખાતે ૨૭ વર્ષીય નરેન્દ્રસિંહ ઉર્ફે ગોવિંદ સિંધા પત્ની અને બે બાળકો સાથે રહેતો હતો. તા.૭ ઓગસ્ટે નરેન્દ્રસિંહ બજારમાં ખરીદી કરવા જવાનું કહીને ઘરેથી નીકળ્યો હતો. રાત સુધી ઘરે પરત ન ફરતા પરિવારજનોએ ખંભાત રૂરલ પોલીસને ગુમ થવા બાબતે જાણ કરી હતી. આ દરમિયાનમાં તેના ઈન્સ્ટાગ્રામમાંથી એક પોસ્ટ મળી હતી. તેણે ક્રિષ્ના નામની પૂર્વ પ્રેમિકા સાથેના ૧૨ ફોટો અપલોડ કર્યા હતા. પોસ્ટમાં નરેન્દ્રસિંહે એકલાનો ફોટો મૂકીને આ છેલ્લી પોસ્ટ છે તેવું લખ્યું હતું. જેથી નરેન્દ્રસિંહ કંઈ કરી દેશે તેવી બીકથી પરિવારજનો તેને અંકલેશ્વર ખાતે શોધવા નીકળ્યા હતા. તેના વોટ્સએપ સ્ટેટસમાં જિંદગીની પથારી ફેરવી નાખી આ ક્રિષ્નાએ, હું જાતે આ પોસ્ટને મૂકું છું, હવે ગોતવાની કોશિષ ના કરતા - તેવું લખીને પરિવારજનોના ફોટો અપલોડ કર્યા હતા. નરેન્દ્રસિંહનો ફોન ચાલુ થતાં પોલીસે લોકેશન કઢાવતા તે બાવળા હોવાનું સામે આવ્યું હતું. તેના પરિવારજનો લોકેશન આધારે આશ્રિત હોટલવાળા કોમ્પલેક્સ ખાતે પહોંચ્યા હતા. પરિવારને જોઈને નરેન્દ્રસિંહ કોમ્પલેક્સના ધાબા પર ચડી ગયો અને કોઈ નજીક જાય તો રેલિંગની બહાર જઈને કૂદીને આપઘાતની વાત કરતો હતો. આ દરમિયાનમાં તેણે હાથ પર બ્લેડના ઘા મારીને ધાબા પરથી ઝંપલાવી મોતને વ્હાલું કર્યું હતું. આ મામલે બાવળા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધ્યો હતો. તેના રૂમમાંથી મળેલા અખબાર પર પૂર્વ પ્રેમિકા અને તેના પતિ સામે આક્ષેપ કર્યા હોવાથી પોલીસે આરોપી ક્રિષ્ના મિસ્ત્રી અને રાહુલ મિસ્ત્રી (બંને રહે. રાલજ, ખંભાત) સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.મૃતક નરેન્દ્રસિંહે ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપમાં સ્ટેટસ મૂક્યા હતા. જેમાં તેણે 'બધું કરજો પણ કોઈ સાથે પ્રેમ ના કરતા, પાંચ વર્ષ જોડે રહી અને પછી કીધું હવે નથી રહેવું, મારા વ્હાલા તમારી પાસે કોઈ ઓપ્શન નહિ વધે... એના સિવાય.....તમને મારીને જંપ લેશે આ છોકરી' તેવું લખાણ લખ્યુ હતું.

